॥ શ્રી વલ્લભઃ ॥

પુષ્ટિમાર્ગનું અનિર્વચનીય મહાન તત્ત્વ

દિવ્યપ્રેમ

લેખક

શ્રી વલ્લભ પાદ પદ્મ મિલિન્દ



॥ શ્રી વલ્લભ: ॥

દિવ્ય પ્રેમ

પુષ્ટિમાર્ગનું અનિર્વચનીય
મહાન તત્વ

લેખક

શ્રી વલ્લભ પાદ પદ્મ મિલિન્દ

૦ પ્રાપ્તિ સ્થાન ૦

પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર
કંસારા બજાર, સિહોર - ૩૬૪ ૨૪૦

પ્રત : ૧૦૦૦

ન્યોછાવર : રૂા. ૨૫/-

ડિઝાઈન

સંસ્કૃતિ ગ્રાફિક્સ
રાધામાધવ કોમ્પ્લેક્ષ, ભાવનગર-રાજકોટ રોડ,
સિહોર - ૩૬૪ ૨૪૦
ફોન : ૦૨૮૪૬-૨૨૪૩૪૧

પુષ્ટિ માર્ગનું મહાન તત્વ

“दिव्य प्रेम”

પુષ્ટિ માર્ગ એટલે તત્સુખી દિવ્ય પ્રેમ માર્ગ. પુષ્ટિમાર્ગ જેનું નામ છે, તે દિવ્ય પ્રેમ માર્ગ જ છે. પ્રેમને જેણે જાણ્યો તેજ પુષ્ટિ જીવ કહેવાય છે. પ્રેમ જે જાણતા નથી અને પ્રેમમાં જે રંગાઈ ગયા નથી, તેવા જીવો પુષ્ટિ માર્ગમાં આવ્યા છતાં, પુષ્ટિમાર્ગના કહી શક્તા નથી. દિવ્ય પ્રેમ વિશુદ્ધ છે. વિશુદ્ધ એટલે જેમાં પ્રિય પાત્ર વિના બીજી કોઈ વ્યક્તિનું કે બીજા કોઈ ઈશ્વરના સ્વરૂપનુ પણ સ્થાન રહી શક્તું નથી. લૌકિક પ્રેમમાં લયલા મજનુનું સ્થાન લૌકિક જગતમાં ઊંચું છે. તેમનામાં પ્રેમરૂપ ખુદાએ દર્દીલા પ્રેમનું બીજ વાવેલું છે. વિશુદ્ધ પ્રેમીઓના દિલ અરસ પરસ વેચાઈ ગયેલા હોય છે. જ્યાં સુધી દિલ પોતાના પ્રિયપાત્રને સમર્પિત થતું નથી, ત્યાં સુધી વિશુદ્ધ પ્રેમ કહી શકાતો નથી. અરસ પરસના વેચાયેલા દિલોમાં દર્દીલો પ્રેમ ઉત્પન્ન થાય છે. આવો પ્રેમ દિવ્ય પ્રેમના શિખરે લઈ જનારો છે. મજનું એક સમય લયલાની પાસે જાય છે, માર્ગમાં તેને ખુદા મળે છે, ત્યારે ખુદાએ મજનુને રોકીને કહ્યું અરે દિવાના મજનું તે એક મનુષ્ય જાતીમાં મહોબ્બત કરીને તારી જીંદગી બરબાદ કરી. દેખ મેં તેરે સામને દુનિયા બનાયવે વારો ખુદા ખડો હું. તેને મેરે મેં મહોબ્બત કરી હોતી તો તોકું ન્યાલ કર દેતો. તબ મજનુને કહા કે માલિક આપને બહોત દેર કીની. તબ ખુદાને કહા કે કેસે દેર કર દીની? તબ મજનુને કહા કે અબતો આપકે લિયે મેરે ભિતર જગા નહીં હૈ, તો મનુષ્ય કે લીયે કેસે રહ શકતી? આને વિશુદ્ધ પ્રેમ કહેવાય છે. ઈશ્વર જે દુનિયા બનાયવે વારે છે તે પ્રેમીઓનો ઈશ્વર નથી. પ્રાકૃત દુનિયાથી આ પ્રેમ પથ નિરાલો છે. લયલા મજનુનો પ્રેમ લૌકિક હોવા છતાં વિશુદ્ધ છે. તેથી જ લૌકિક પ્રેમીઓની દુનિયામાં લયલા મજનુનું સ્થાન ઊચુ છે.

એક સમય શ્રી ગુસાંઈજી ગોકુલમાં બિરાજતા હતા, તે સમયે આપ અપરસમાં બિરાજી રહ્યા હતા. માર્ગમાં એક કાગળ ઉડતો ઉડતો આવ્યો અને આપના ચરણને સ્પર્શ કર્યો, ત્યારે આપે ખવાસ ને કહ્યું કે, દેખ તો કાગળમાં શું લખ્યું છે. ત્યારે ખવાસે કાગળમાં જોયું તો લયલા મજનુના પ્રેમનો કીસ્સો લખેલો હતો. તે હકીકત

ખવાસે ગુસાંઈજીને કહી ત્યારે આપે કહ્યું કે, અમે પ્રેમ કીસ્સાથી છોવાતા નથી. આ ઉપરથી શ્રી ગુસાંઈજી મહારાજે જણાવ્યું કે, ભલે લૌકિક પ્રેમ છે. છતાં વિશુદ્ધ છે. આવો પ્રેમ છોવાતો નથી. પ્રેમ સિવાય બીજી કોઈ વસ્તુ દુનિયામાં પવિત્ર નથી. એમ આપનો કહેવાનો ભાવાર્થ છે.

લૌકિક અને અલૌકિક વિશુદ્ધ પ્રેમમાં એટલો જ ફરક છે કે, લૌકિક પ્રેમીઓને દિવ્ય પ્રેમતત્ત્વનું જ્ઞાન હોતું નથી. અને અલૌકિક પ્રેમીઓને તેનું જ્ઞાન હોય છે. પ્રેમ એ જ પ્રભુનું સ્વરૂપ છે. અને આ દિવ્ય પ્રેમનો આનંદ અગણિત અને અનિવર્ચનીય છે. જ્યારે લૌકિક પ્રેમનો આનંદ અલ્પ છે, તેમ અલૌકિક પ્રેમીઓ જાણતા હોય છે. અલૌકિક પ્રેમ પ્રેમ સ્વરૂપ પરમાત્મા સાથેનો હોવાથી પોતાના પ્રેમીજનને અજર અમર બનાવે છે. જ્યારે લૌકિક પ્રેમીઓને ફરી જન્મ લેવો પડે છે. આટલો ફરક લૌકિક અને અલૌકિક પ્રેમીઓમાં રહેલો છે. લૌકિક વિશુદ્ધ પ્રેમીઓને બીજા જન્મે પુષ્ટિમાર્ગમાં અંગીકાર થઈ શકે છે. તેનું દૃષ્ટાંત રસખાનજી છે.

રસખાનજીને પહેલા એક લૌકિક જીવ સાથે પ્રેમ હતો. તે પ્રેમ વૈષ્ણવો દ્વારા પુષ્ટિ પ્રભુમાં લાગી ગયો. તેવો પ્રસંગ રસખાનજીની વાર્તામાંથી જાણવા મળે છે. પ્રેમદેવ શ્રી વલ્લભ આવા વિશુદ્ધ પ્રેમી પાત્રોની ચાહના કરે છે. તેથી લૌકિક વિશુદ્ધ પ્રેમીઓનો પણ પુષ્ટિમાર્ગમાં બીજે જન્મે પ્રવેશ થઈ જાય છે.

હવે અલૌકિક પ્રેમીઓમાં શ્રી ગોપીજનોનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. ઉધ્ધવજી શ્રી ગોપીજનો પાસે આવે છે ત્યારે જગતના બનાવનાર ભગવાનનો ઉપદેશ દેવા લાગ્યા. તેના જવાબમાં શ્રી ગોપીજનો જેમ મજનું ખુદાને કહે છે કે આપને માટે મારી ભિતર જગે નહી હૈ. તેમજ ગોપીજનો ઉધ્ધવજીને કહે છે કે હે ઉધ્ધવ સાંભળો :

પદ

नाहीन रह्यो मनमें ठोर
नंदनंदन बिन कासुकर, आनीये चित ओर ॥१॥
चलत चितवत द्योस जागत, स्वप्न सोवत रात।

હૃદયતે યહ મદન મૂરતિ, છિન ન ઈત ઉતજાત ॥ ૨ ॥
કહત કથા અનેક ઉધ્ધો, લોભ લાખ દિખાય ।
કહા કરે ઘટ પ્રેમ પૂરન, સિંધુ નાહી સમાય ॥ ૩ ॥
શ્યામ ગાત્ર સરોજ આનન, લલિતગતિ મૃદુહાસ ॥
'સૂર' એસે દરસકો યહ, મરત લોચન પ્યાસ ॥

શ્રી ગોપીજનો ઉધ્ધવજીને કહે છે કે, તૂ જગતના બનાવનાર ભગવાનની વાત કરે છે, અને અમારો પ્રિય બધામાં રહેલો છે. તેવો ઉપદેશ દેવા આવેલ છે. પણ સાંભળ અમારા હૃદયમાં જગત બનાવનાર ભગવાનનું સ્થાન રહ્યું નથી. મયૂર પિચ્છધારી એ અમારા હૃદયમાં સ્થાન લીધું છે. અને રોમ રોમમાં તે જ વસેલો છે તેના સિવાય બીજા ભગવાન માટે અમારા હૃદયમાં જગ્યા રહી નથી. ચાલતા બેઠતા સુતા જાગતા અને સ્વપ્નામાં પણ શ્યામ સલોના સિવાય, બીજું કાંઈ જ અમને દેખાતું નથી. જ્યાં જોઈએ ત્યાં મોરના પીચ્છાવાળો દેખાય છે. તું લાખો વાતો કરીને અમને લલચાવવા પ્રયત્ન કરે, પણ તેમાં તને સફલતા નહીં મળે. અમારો પ્રિય પ્રેમનો સિન્ધુ છે. તે અમારા હૃદયમાં રહેલો છે. તેમાં અમારૂં મન ડૂબી ગયું છે. સાગરમાં જે ડૂબ્યો તેને બહારનું કોઈ જ્ઞાન હોતું નથી.

જ્યારે શ્રી ગોપીજનોએ આ પ્રમાણે કહ્યું, ત્યારે ઉધ્ધવજી કહે છે કે, તો તમારું મન કેવા સ્વરૂપમાં ડૂબેલું છે ? તેના જવાબમાં ગોપીજનો કહે છે કે – "શ્યામ ગાત્ર સરોજ આનન લલિત ગતિ મૃદુ હાસ" જેનું મેઘ શ્યામ સ્વરૂપ છે અને અમારા સામે સુંદર ચાલથી ચાલતો હરસમય દેખાયા કરે છે. તેની એ સુન્દર ચાલથી અને મંદ મુશ્કયાનથી અમારા દિલ હરાય ગયા છે. અને તેના જ ધ્યાનથી અમારા નેત્રોની પ્યાસ બુઝાતી નથી. જેમ જેમ તેના રૂપનું પાન કરીએ છીએ, તેમ તેમ રૂપ દર્શનની પ્યાસ બઢતી જાય છે. અને નેત્રો સદા પ્યાસા જ રહી આવે છે.

આ દિવ્ય વિશુધ્ધ પ્રેમ કહેવાય છે કે જ્યાં પ્રેમદેવ સિવાય બીજા ઈશ્વરને સ્થાન મળતું નથી. પોતાના પ્રિય પાત્રમાં જ જે ડૂબેલો રહે છે અને સ્થાવર જંગમ અથવા જડચૈતન્ય સમસ્ત દુનીયામાં પોતાના પ્રાણપ્રેષ્ઠ વિના બીજું કાંઈ જ જેને દેખાતું નથી; આવા દિવ્ય પ્રેમને શિખરે પહોંચેલાઓને વિશુદ્ધ પ્રેમીઓ કહેવાય છે. શ્રીમદ્ દમલાલજીમાં આવા દિવ્ય પ્રેમનો મહાસાગર ભરેલો છે. આ મહાસાગરમાંથી દ્વિધા શ્રૃંગારના વિવિધ દિવ્ય રસ ભરેલા અનંત સાગરો પ્રગટ થયા છે.

(શ્રી વલ્લભાધીશ કે રૂપ રસ સિન્ધુ મેં બહોત સે સિન્ધુ સ્વાદ ન્યારે ન્યારે)

હવે આ દિવ્ય પ્રેમની મહાનતા કેવા પ્રકારની છે તેનું વર્ણન નીચેના દોહામાં શરૂ થાય છે.

પ્રેમ, હૃદયની વસ્તુ છે, પરમ ગુહ્ય અનમોલ ।
કથની મેં આવે નહીં, કરી ન શકે કોઉં તોલ ॥ ૧ ॥

દિવ્ય પ્રેમ શિખવાથી પ્રાપ્ત થતો નથી, પણ દિવ્ય પ્રેમની જેમાં કહાની લખાયેલી હોય, તેવા પ્રેમને સમજીને તે પ્રેમને મેળવવા માટે, જ્યારે તીવ્ર તમન્ના જાગે ત્યારે સર્વત્યાગપૂર્વક વિરહના અનુભવથી મન આત્માગામી બને, ત્યારે આ દિવ્ય પ્રેમની ધારા પોતાના જ આત્મામાંથી પ્રગટ થઈ જાય છે. આજ દિવ્ય પ્રેમનું વાસ્તવિક ઉપરોક્ત દોહામાં કહેલું સ્વરૂપ છે. આપણો આત્મા એ જ દિવ્ય પ્રેમનો મહાસાગર છે, અને આ પ્રેમ સ્વરૂપ આપણો આત્મા તે જ દેવાધીદેવ વલ્લભ છે, અને તે મહાસાગર સમાન છે. તે દેવી જીવના હૃદયની પાછળ આત્મા ભૂમિમાં અખંડ-અવિરત વહ્યા જ કરે છે. જ્યારે આપણા હૃદયમાં બીજું સ્થાન કંઈ રહેતું નથી ત્યારે તે દિવ્ય પ્રેમની અખંડ ધારા હૃદયમાં સહજ વહ્યા કરે છે. આપણા દેહની ભિતર હૃદયની ભૂમિ છે. આ હૃદય પાછળ આત્માની ભૂમિ છે. તે આપણા જ આત્માની ભિતર દિવ્ય પ્રેમનો મહાસાગર રહેલો છે. (આત્માનંદ સમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત્) આપશ્રી મહાપ્રભુજીએ આત્માને આનંદના સમુદ્રની ઉપમા આપેલ છે.

આ દિવ્ય પ્રેમ એક અનમોલ વસ્તુ છે. તેનું મૂલ્ય કોઈ કરી શક્તુ નથી. સિદ્ધાંતિક વાત હોવાથી કોઈ અતિશયોક્તિ નહીં સમજતા. આ દિવ્ય પ્રેમનું માપ ખુદ પ્રભુપણ કાઢી શક્તા નથી તો મનુષ્યનું શું ગજું.

ગોપીજન મેં કોન બતાઉં હરિ હું પાર ન પાયો ।
તો હોં મંદ મતિ કહા જાનોં પરમાનંદ જસ ગાયો ॥

તેથી તેનું મૂલ્ય થતું નથી. તેમજ તે વાણીમાં આવી શક્તો નથી તેમજ તેની કોઈ તુલના કરી શકાતી નથી. દિવ્ય પ્રેમની એક બિન્દુમાંથી બ્રહ્માએ ચૌદ લોકને બનાવ્યા છે. જેમ કુંભાર ચાકડા ઉપર માટીનો પીડો રાખી અનેક વાસણો બનાવે છે તેમ બ્રહ્માજીએ તપસ્યા કરી પ્રેમ દેવને પ્રસન્ન કર્યા અને દિવ્ય પ્રેમની એક બિન્દુને મેળવી તેનાથી બ્રહ્માજી ભૌતિક દુનિયા બનાવવા લાગ્યા. આ ભૌતિક પ્રેમથી મળતો

આનંદ - વિષયાનંદ કહેવાય છે, કારણ કે તેનો અનુભવ અલ્પ જ થાય છે. વળી આવિર્ભાવ તિરોભાવ સ્વભાવવાળો છે. એટલે તે નાશવંત છે. દિવ્ય પ્રેમની એક બિન્દુમાં બ્રહ્માજીએ ચૌદ લોક બનાવ્યા, તેવો દિવ્ય પ્રેમનો પ્રભાવ છે. તેથી જ સાતમાં વલ્લભાખ્યાનમાં કહ્યું છે કે - "બ્રહ્માદિ મહામૂનિ અતિજ્ઞાન પારંગતા, તે કહિયે મધુ સિન્ધુની માખી" મધુસિન્ધુ જે દિવ્ય પ્રેમનો સાગર તેમાંથી માખીના મોઢામાં જેટલું સમાય તેટલો પ્રેમ બ્રહ્માજીને મળ્યો તે પણ કઠિન તપસ્યા કરી ત્યારે મેળવી શક્યા હવે આગળ કહે છે :-

રસમય આનંદમય વિમલ, દુર્લભ એ ઉન્માદ ।
અકથનીય પે અતિ મધુર, ગુંગે કેરો સ્વાદ ॥ ૨ ॥

આ દિવ્ય પ્રેમને પ્રેમ દિવાના રસખાનજી રસમય કહે છે. 'રસમય' એટલે જેમ સાકરનો રસ મધુર છે, તેવો આ દિવ્ય પ્રેમ મધુર છે, અને આ મધુર રસનો એવો સ્વભાવ છે કે તેના પાનમાં તૃપ્તિ જ થતી નથી, તેનું કારણ દિવ્ય પ્રેમની ભીતર દિવ્ય અગ્નિ રહેલો છે. આ અગ્નિ આનંદમય છે, તેથી જેમ અગ્નિમાં ઘીની આહૂતિ દેવાય, તેમ તેમ અગ્નિ પ્રજવલીત બનતો જાય છે, તેમ તેમ આ દિવ્ય મધુર પ્રેમનું પાન જેમ જેમ થતું રહે તેમ તેમ સૌન્દર્ય પાનમાં અતૃપ્તિ વધતી જ જાય છે. તેથી એક રસિકે કહ્યું કે :-

પીવત પીવત રૂપરસ, બઢત રહત હિત આશ ।
દઈ દઈ નેહી દગન, અજબ અનોખી પ્યાસ ॥

અનંત કોટિ કન્દર્પની સૌન્દર્યતા - લાવણ્યતા વાળું પ્રિય શ્રી વલ્લભના શ્રીમુખનું પાન જેમ જેમ કરે છે, તેમ તેમ તેના નેત્રોની પ્યાસ બુઝાતી નથી, પણ વધતી જ જાય છે. આવો દિવ્ય પ્રેમની મધુરતાનો સ્વાદ છે (સ્વભાવ છે) તેથી તેને અજબ અનોખી પ્યાસવાળો કહ્યો. હવે આ પ્રેમને "આનંદમય" કહ્યો. 'આનંદમય' એટલે જેમ વરસાદ થાય ત્યારે સમગ્ર પૃથ્વીને ભીજાવી દે છે. અને જલનો પ્રવાહ ચારેકોરથી વહેવા માંડે છે. તેમ દિવ્ય પ્રેમની અનેક ધારાઓ પ્રેમી ભક્તના હૃદયભૂમિમાં વહેતી હોય છે. ભૌતિક વરસાદ તો થોડો સમય આવીને બંધ પણ થઈ જાય છે. પરન્તુ આ દિવ્ય પ્રેમની વર્ષા અખંડીત થતી હોય છે. તેને કોઈ કાલમાં બંધ પડવાનું હોતું નથી, કારણ કે દિવ્ય પ્રેમ રાજધાનીમાં ભૌતિક કાળનો પ્રવેશ નથી. લીલાધામ કાલાતીત છે, નિત્ય છે. ત્યાં ભૌતિક કાળનો પ્રવેશ નહી હોવાથી

અને નિત્ય હોવાથી દિવ્ય પ્રેમની વર્ષા પણ નિત્ય થયા જ કરે છે. તેથી દિવ્ય પ્રેમના આનંદને અગણિત કહ્યો છે.

હવે આ પ્રેમને બિમલ કહ્યો. 'વિમલ' એટલે પ્રાણ પ્રિય શ્રી વલ્લભ પ્રત્યેના તત્સુખાત્મક પ્રેમ સિવાય આ પ્રેમી ભક્તના હૃદયમાં બીજી વસ્તુને કે બીજા વિચારને કે બીજી વ્યક્તિના પ્રેમને સ્થાન મળતું નથી. બીજો સંબંધ થતા જ દિવ્ય પ્રેમ મલીન બને છે. આવા મલીન પ્રેમથી દિવ્ય પ્રેમનો સ્વાદ લઈ શકાતો નથી. એટલે જ શ્રી હરિરાય પ્રભુ કહી રહ્યા છે :-

“અન્ય સંબંધતે અધિક ડરપત હું સકલ સાધનહુતે કરનિવેરો”

દિવ્ય પ્રેમનું પાત્ર એમ સારી રીતે સમજે છે કે-

મારા હૃદયમાં તલભાર પણ બીજાનું સ્થાન રહેશે ત્યાં સુધી મારા પ્રાણ વલ્લભને હું સુખરૂપ નહીં બની શકું. તેથી પહેલીથી જ આ પ્રેમી ભક્તે પોતાના હૃદયને શુદ્ધ કરી રાખ્યું હોય છે. દિવ્ય પ્રેમમાં પણ વિવિધતા છે. રાજસ-તામસ-સાત્વિક અને નિર્ગુણ ભાવવાળો. તેમાં જે શ્રીમદ્ દમલાજીમાં પ્રેમ છે તે જ વિમલ અને દિવ્ય પ્રેમની ટોચનો છે. પ્રેમી પાત્રોમાં બે પ્રકારનું (હું-તું) જ્ઞાન છે ત્યાં સુધી તે પ્રેમ વિમલ કહેવાતો નથી, પણ બે મટીને એક થઈ જાય, એટલે કે પ્રેમી ભક્ત પોતાને ભૂલીને પ્રિયતમમય બની જાય ત્યારે આ પ્રેમને વિમલ કહેવાય છે, અથવા પોતે પોતાને ભૂલીને દિવ્ય પ્રેમના મધુર સ્વાદમાં અથવા પ્રાણ વલ્લભના સ્વરૂપના લાવણ્યામૃત સુધા સ્વાદના નશામાં જ સદા ચકચૂર રહે, બીજું સર્વ ભૂલી જાય તેને વિમલ પ્રેમ કહેવાય છે, અને આવો જ પ્રેમ વિશુદ્ધ કહેવાય છે.

હવે આ દિવ્ય પ્રેમ પ્રગટ થતા જ આ પ્રેમીજન ઉન્મત્ - પાગલ બને છે. આવી દિવ્ય પ્રેમની પાગલતા મળવી દુર્લભ છે. લૌકિક દુનિયાની દૃષ્ટિમાં આવો પ્રેમી પાગલ કહેવાય છે, પણ પ્રેમીઓની દુનિયામાં આ પાગલ જેવો બીજો કોઈ ડાહ્યો નથી.

તેથી જ કહ્યું છે કે -

“દુનિયાને ઊંધા ચશ્મા ડાહ્યા દિવાના લાગે”

લૌકિક મનુષ્ય કોઈ કારણસર પાગલ બની જાય છે, તેવી આ દિવ્ય પ્રેમની પાગલતા નથી. આ તો મહામધુર પ્રેમનો નશોચઢી ગયેલાની પાગલતા છે. આવા દિવ્ય પ્રેમના પાગલ પર કરોડો પ્રાકૃત ડાહ્યા જ્ઞાનીઓની ન્યોછાવરી કરી દેવાય,

તો પણ ઓછું જ છે.

શ્રી ઠાકુરજીએ લઘુરાસમાં શ્રીગોપીજનોને પોતાના દિવ્ય પ્રેમ સ્વરૂપના આનંદનો અનુભવ કરાવ્યો, તેને ગોપીજનો ધારણ કરી ન શક્યા, તેથી યેમને સૌભાગ્યમદ થયો. ત્યારે પ્રભુ તેમનાથી અંતર ધ્યાન થઈ ગયા. ત્યારે તુરત જ શ્રી ગોપીજનો ઉન્મત્ (દિવાના) બની ગયા. વૃક્ષોને વેલીઓને પશુ પક્ષીઓને પૂછે છે કે, તમોએ અમારા પ્રિયતમને જોયા ? આવી દિવ્ય પ્રેમની પાગલતા છે. પ્રેમને તો સહુ ચાહે છે પણ પાગલ બનવું નથી, દુનિયામાં આબરૂ રાખીને ડાહ્યા કહેવડાવીને જીંદગીનો ગુજારો કરે જાય છે, તેવાને આ દિવ્ય પ્રેમ પ્રાપ્ત થવો દુર્લભ છે.

હવે આ પ્રેમને 'અકથનીય' કહ્યો. એટલે જેનું વાણીથી વર્ણન થઈ શકતું નથી. જેમ ગુંગો માણસ સાકર ખાય તેને પૂછીએ કે, સાકરનો સ્વાદ તને કેવો લાગ્યો ? તેનો જવાબ ગુંગો માણસ આપી શક્તો નથી. તેમ મધુર દિવ્ય પ્રેમનો જે બડભાગી પ્રેમીભક્ત સ્વાદ લઈ રહ્યો છે, તેની માધુર્યતાનું વર્ણન તે કહી શક્તો નથી. તેમજ તેના પાનમાં તૃપ્તિ પણ થતી નથી જ.

પ્રાકૃતમાં મિષ્ટાનવાળી ચીજ પેટ ભરી જાય ત્યાં સુધી લેવાય છે. પછી લેવાય તો ઉલટી થઈ જાય છે. પણ દિવ્ય પ્રેમની જે ભૂખ પ્યાસ છે તે પેટના જઠરાગ્નિ જેવી નથી. આ તો આત્માના અગ્નિની ભૂખ છે. જેમ સાગરમાં અનેક સરીતાઓનો પ્રવાહ સમાઈ જાય છે છતાં સાગર છલકાતો નથી. તેમ આત્માની દિવ્ય અગ્નિમાં દિવ્ય પ્રેમના લીલા આનંદના અસંખ્ય પ્રવાહો સમાઈ જાય છે.

"रास रस सागर श्री यमुने जु जानी, बहत धारातन
प्रति क्षण नौतन राखत अपने ऊरमेजु ठानी."

છતાં આ દિવ્ય પ્રેમાગ્નિ શાન્ત થતો નથી. આવો દિવ્ય મધુર અગ્નિવાળો પ્રેમ તેનું જ નામ પ્રેમદેવ શ્રી વલ્લભ છે.

આ શ્રી વલ્લભ અગ્નિ સ્વરૂપ છે. તે મધુર અગ્નિ સ્વરૂપને જેણે પોતાનો પ્રિયતમ બનાવ્યો અને આ અગ્નિ સ્વરૂપને જેણે હૃદયમાં વસાવ્યું તેવા પ્રેમી પાત્રમાં રાસાદિ લીલા આનંદના અસંખ્ય સાગરો પચાવી લે તેવો અગ્નિ રહેલો છે. તેથી આ ભક્તને પ્રિયતમના સ્વરૂપ લાવણ્યમૃત પાનમાં તૃપ્તિ જ થતી નથી. આવો છે અતિ મધુર પ્રેમદેવ શ્રીવલ્લભનો પ્રેમ. જેવી રીતે સમૃદ્રમાં ક્ષણે ક્ષણે તરંગ ઉઠે છે. તેમ શ્રી વલ્લભના પ્રેમી ભક્તમાં મધુર પ્રેમનો આપણા

મહાસાગર ભરેલો હોવાથી, ક્ષણે ક્ષણે નુતન નુતન પ્રેમ ભાવના તરંગો ઉઠતા જ રહે છે. આવા મધુર પ્રેમભાવના તરંગોથી, આ ભક્ત પોતાના પ્રિયતમને રીઝાવે છે. જેમ અનેક સરીતાઓનો પ્રવાહ સમુદ્રમાં સમાઈ જાય છે અને અનેક સમુદ્રના પ્રવાહો મહાસમુદ્રમાં સમાઈ જાય છે. તેમ દિવ્ય પ્રેમ લીલાના અનંત સાગરો મહાસાગર સ્વરૂપ પ્રેમદેવ શ્રીવલ્લભમાં સમાઈ જાય છે. તેથી જ મહાનુભવોએ ગાન કર્યું છે કે -

શ્રી વલ્લભ મહાસિન્ધુ સમાન ।
દાસ સુમરત હોત સબકો અભય પદ કો દાન ।। ૧ ।।
કૃપાજલ ભરપૂર રહે જ્હાં ઉઠત ભાવ તરંગ ।
રત્ન ચૌદહ સબ પદારથ ભક્તિ દશ વિધસંગ ।। ૨ ।।
(શ્રીહરિરાયચરણ)

શ્રી વલ્લભ રોમ રોમ રસ જલ કે ।
ભરે સમુદ્ર અનેકન રસ કે કૃપા લહેર ઉરહલકે ।।
જો જો અધિકારી યા રસ કે ભરત સંભારન છલકે ।
'રામદાસ' શ્રીમુખ માધુરી ચાખનકો જીય લલકે ।।
શ્રી વલ્લભાધીશ કે રૂપરસ સિન્ધુમેં,
બહોત સે સિન્ધુ સ્વાદ ન્યારે ન્યારે ।
જાત નહિ વહાંલો બિના પૂરણ કૃપા,
બિચમેં ભર લિયે પાત્ર સારે ।। ૧ ।।
સ્વાદ હે જિન્હે યાદ સોઈ પહોંચે વહાંલો,
બિચકે સમુદ્ર નહિ લગત પ્યારે ।
'રામદાસ' પાન કર આન સુદ્ધ રહત નાહી-
સહજ ઉત્તર ગયે ભવ સિંધુ ખારે ।। ૨ ।।

શ્રી વલ્લભ સ્વરૂપ રૂપી મહાસિન્ધુમાંથી દિવ્યપ્રેમના અનંત સિન્ધુઓ પ્રગટ થયા છે, અને આ પ્રેમનાં અનંત સિન્ધુઓ શ્રી વલ્લભ સ્વરૂપ રૂપી મહાસિન્ધુમાં સમાઈ જાય છે. આવા પ્રેમના મહાસાગર સ્વરૂપ શ્રી વલ્લભને પોતાનો પ્રિયતમ બનાવી જેણે પોતાના હૃદયમાં શ્રી વલ્લભવરને વસાવી લીધા તેવા પ્રેમી પાત્રમાં પ્રેમના ભરેલા એક એક સાગર જેવા તરંગો ઉછળે છે. આ દિવ્ય દુનિયાના અનુભવની

વાત છે. તે લૌકિક બુદ્ધિથી સમજી શકાય નહીં. તેમજ લૌકિક નેત્રોથી જોઈ શકાય પણ નહી. પ્રેમદેવ શ્રીવલ્લભના સ્વરૂપમાં, જે પ્રેમી ભક્ત તદ્રુપ બની ગયેલ છે, તે શ્રી વલ્લભની સમાન જ થઈ ગયેલ હોય છે. તેથી પ્રેમના અનંત સાગરોને પોતાનામાં સમાવી શકે છે. આવું સ્વરૂપ આપના અતિ અંતરંગ જનનું જાણવું. જેના માટે આપ કહે છે કે - "ઔર ભક્ત બહોત હૈ મેં તેરે વસહું"

આપણને આ દિવ્ય દુનિયાની અજાયબીનું જ્ઞાન નહી હોવાનું કારણ આપણે હજુ આપણા દેહના ભૌતિક અધ્યાસમાં પડેલા છીએ. તેથી ભૌતિક દુનિયાનું જ આપણને જ્ઞાન છે. જ્યારે દેહ - પ્રાણ - ઈન્દ્રિયો અન્તઃકરણના અધ્યાસો દૂર થશે, ત્યારે આપણી ભીતર બહાર દિવ્ય દુનિયા પ્રગટ જોઈ શકાશે. આપણા ભૌતિક નેત્રમાં જોવાની જે શક્તિ છે તે ભૌતિક સૂર્ય દેવતાની છે. આ ભૌતિક સૂર્યદેવતા આપણા નેત્રોમાં સૂક્ષ્મરૂપથી રહેલા હોવાથી જ ભૌતિક જગત આપણી દષ્ટિમાં આવે છે. પણ જ્યારે આપણા પ્રિયતમ શ્રી વલ્લભનું આપણે સતત ધ્યાન કરીએ છીએ, ત્યારે આપણા નેત્રોમાં શ્રી વલ્લભ બીરાજે છે. અથવા આપણા નેત્રોના દેવતા શ્રી વલ્લભભાનુ બની જાય છે. આ સમયે આપણા દિવ્ય વિશ્વની અજાયબી આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. આ પ્રેમીઓનો એ ખાસ નિયમ હોય છે કે, પોતાના નેત્રોમાં પોતાના પ્રિયતમ સિવાય બીજાને સ્થાન રહેવા દેતા નથી. તેથી એક રસિકે કહ્યું છે કે :

નેના તોહી ન લાજ, જ્ગત વિષય દેખ્યો કરે ।
ટૂટે પ્રેમકી પાજ, સાહીતે કહેનો પરે ॥

દિવ્ય પ્રેમીઓની દુનિયાના કાયદા ભૌતિક દુનિયાથી ઉલટા છે. પ્રેમીજન પોતાના નેત્રોને ફીટકારે છે. કે, તને લાજ આવતી નથી કે તારા પ્રિય સિવાય બીજું જોવે છે ? પ્રેમની જે પાજ કે પોતાના પ્રિયતમને જ સર્વત્ર નેત્રોથી જોવો તે પાજ બીજાને જોવાથી ટૂટી જાય છે. પોતાના પ્રિયતમ સિવાય નેત્રોથી બીજું જોવું, તે પ્રેમીજન માટે મહાન વ્યભીચાર દોષ છે. જે હૃદયમાં પ્રિયતમને વસાવવા છે, ત્યાં નેત્રો દ્વારા ભૌતિક પ્રપંચ ઘુસી જાય છે તેથી સાચો પ્રેમી નેત્રોના દ્વારને બંધ કરી દે છે.

હવે આ દિવ્ય પ્રેમનું વિશ્વ અથવા દિવ્ય પ્રેમ રાજધાની આપણા ભૌતિક દેહની ભીતર જ રહેલ છે. તેનો અનુભવ કેવી રીતે થાય તે બાબત કહેવાય છે.

દિવ્ય વિશ્વ એટલે લીલાધામ એટલે તે તો આપણા પોતાના આધિદૈવિક

સ્વરૂપમાં જ રહેલ છે. આ આપણું આધિદૈવિક (દિવ્ય) સ્વરૂપ આપણા હૃદયમાં જ રહેલું છે. પરન્તુ માયાનો ટેરો લાગેલો હોવાથી પ્રત્યક્ષ જોઈ શકાતું નથી. માયાનો ટેરો એટલે પ્રાણવલ્લભના સ્વરૂપ સિવાય બીજા વિચારો આવે તે માયાના ગુણો છે. આ ગુણો-ભાવો-વિચારો પ્રિયતમ શ્રીવલ્લભને ભુલાવી દે છે. ભૌતિક ભાવ પ્રપંચના આવરણને લીધે આપણું દિવ્ય સ્વરૂપ જોઈ શકાતું નથી. ત્યારે એમ પ્રશ્ન થાય કે, આ દિવ્ય સ્વરૂપને કેવી રીતે જોઈ શકાય ? જવાબમાં લૌકિક અને ભૂતલમાં રહેલા ભગવદ સંબંધી વૈષ્ણવ સાથેના અલૌકિક કાયિક-વાચિક-માનસિક વ્યવહારોને સદંતર છોડીને, એકાન્તમાં સતત પ્રાણવલ્લભના સ્વરૂપનું ધ્યાન કરતા રહેવું. હાલતા ચાલતા બેઠતા ઉઠતા - ખાતા - પીતા - સોતા - જાગતા એક શ્રીવલ્લભના સૌન્દર્ય સ્વરૂપનું જ ધ્યાન અને શ્રીવલ્લભનું જ ગુણગાન- સ્મરણ કરતા રહેવું. તેથી થોડા જ સમયમાં ભૌતિક પ્રપંચનું આવરણ દૂર થઈ જાય છે. ત્યારે આપણા દિવ્ય સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ થાય છે.

જેમ પારસમણિનો સ્પર્શ લોઢાને થતા સોનુ બની જાય છે. તેમ ધ્યાન દ્વારા શ્રીવલ્લભનો સંબંધ હૃદયમાં થતા આપણું ભૌતિક સ્વરૂપ પલટાઈ જાય છે. એટલે કે દિવ્ય બની જાય છે. જેમ કીડો ભ્રમરીનું ધ્યાન કરતા કરતા કીડો મટી ભ્રમરી બની જાય છે તેમ અહીં જાણવું.

જા પારસસે સોના હોવે સો પારસ કચ્ચા ।
જા પારસસે પારસ હોવે સો પારસ સચ્ચા ॥

દિવ્ય પ્રેમ જ પારસમણિ જેવો છે. આ પ્રેમ બે પ્રકારનો છે. એક મિશ્ર અને બીજો વિશુદ્ધ. મિશ્ર પ્રેમ સોના જેવો છે, અને વિશુદ્ધ પ્રેમ ઘનીભૂત પારસમણિ જેવો છે. મિશ્રપ્રેમ ભૂતલના ભગવદ્ સંબંધી પરિકરમાં અને દેહના સંબંધી પરિકરમાં વંટાયેલો છે. જ્યારે વિશુદ્ધ પ્રેમ કેવલ પ્રિયતમ શ્રીવલ્લભના સ્વરૂપમાં જ ઓતપ્રોત થઈને ચીપકેલો છે. અથવા સોનુ કસોટી ઉપર ઘસાય છે. પણ પારસમણિ કસોટી ઉપર ઘસાતો નથી. પારસની કસોટી કરવા જાય તો તેની તીક્ષણધાર કસોટીને પણ કાપી નાખે છે. શ્રીમદ્ દમલાલજીનો પ્રેમ શ્રીવલ્લભમાં પારસમણિ જેવો ઘનીભૂત છે. તેમના પ્રેમના ભોગી એક વિરહાનલ વલ્લભ જ છે. શ્રીમદલાજીનો પ્રેમ ભગવદ્ સંબંધી પરિકરમાં પણ વંટાયેલો નથી. જેનો પ્રેમ ભગવદ્ સંબંધી પરિકરમાં વંટાયેલો છે, તે સોના જેવા પાત્રો છે સોનુ કસોટી ઉપર

ઘસાય છે તેમ સોના જેવા પ્રેમીપાત્રોનો પ્રેમ અલૌકિક ભગવદ્ સંબંધી વૈષ્ણવ પરિકરમાં વંટાય છે, તેને જ ઘસાવું કહેવાય. પારસમણિ જેવા પ્રેમીપાત્રોનો પ્રેમ બીજે વંટાયેલો હોતો નથી. જેમ પારસમણિ વ્રજ જેવો સક્ષ ઘનીભૂત છે. તેની ધાર તીક્ષ્ણ છે, તેમ પારસમણિ જેવા પ્રેમીપાત્રોનો પ્રેમ એક વલ્લભમાં જ વ્રજ જેવો સક્ષ દ્દઢ થયેલો હોય છે. જેમ ઘનીભૂત વસ્તુમાં બીજી વસ્તુનો પ્રવેશ થઈ શક્તો નથી. તેમ શ્રીમદ દમલાજીના હૃદયમાં શ્રી વલ્લભ સિવાય અન્યને સ્થાન નથી. આપણો પ્રેમ પ્રાણવલ્લભના જ સ્વરૂપ સિવાય બીજે વંટાયેલો રહે તેટલી વિશુદ્ધ પ્રેમની ખામી છે. આ વિશુદ્ધ પ્રેમમાં ધરમકરમ-મહાત્મ્ય-પરમારથ-અલૌકિક પરિકર વૈષ્ણવોને સંભાળવા આવી કોઈ બાબતને સ્થાન મળતું નથી. આ વિશુદ્ધ પ્રેમની લાઈન બધાય પ્રેમમાર્ગથી નિરાલી છે. આ વિશુદ્ધ પ્રેમમાં તો પ્રિયતમ શ્રીવલ્લભને જ સર્વસ્વ સમર્પણ કરી પ્રિય વલ્લભ માટે જ જીવન નભાવવાનું હોય છે.

આ પ્રેમમાં ક્ષણે ક્ષણે પ્રાણની ન્યોછાવરી થાય છે તે એકપદમાં શ્રીહરિરાય પ્રભુ કહે છે.

શ્રીવલ્લભ વરકો મારગ બાંકો ।
તામેં ચલે રસિક વિરહી જન, બિચમેં કઠીન પ્રેમ કો નાકો
ક્ષણુ ક્ષણુ પ્રાણઅકોર દેતહે, તોઉ નહી સંતોષ હિયાકો,
“રસિકદાસ” શ્રી વલ્લભ વર હે, ફલરૂપ વિરહ જીન જાકો.

કુરબાની જાન તુમ પર ન્યોછાવર કરતે હૈ ।
હમ તુમ્હે દેખિ શ્રી વલ્લભ જીયા કરતે હૈ ॥
પ્રેમ વેલી કો પાની દીયા કરતે હૈ ।
કબ પકેગી યહ કલિ તકા કરતે હૈ ॥
હરદમ તુમ્હારે હી ચરણો કા ધ્યાન કીયા કરતે હૈ ।
મદમસ્ત ગજરાજ જીમ ચુવા કરતે હૈ ॥
કોઈ પૂછે આકર મસ્ત ક્યા કરતે હૈ ।
આગે કી મંઝીલ સાફકીયા કરતે હૈ ॥

પ્રાણ વલ્લભને જીવન અર્પણ કરીને આપના સ્વરૂપ સૌન્દર્યનું પાન કરીને જ જીવન ગુજારવાનું હોય છે. મનુષ્યો જેમ અન્નથી જીવન નભાવે છે તેમ દિવ્ય જ

પ્રેમીઓનું જીવન પોતાના પ્રિયતમના શ્રીમુખલાવણ્યામૃત પાનથી જ નભે છે. અમૃતનું પાન કરનારને ભૌતિક અધ્યાસ નિવૃત થઈ જાય છે. ભૂખ-પ્યાસ આદિ દેહના અધ્યાસો છે, તે દિવ્ય પ્રેમરૂપી અમૃતનું પાન કરનાર પાસે રહી શક્તા નથી. પ્રેમીનો આહાર દિવ્ય પ્રેમરૂપી અમૃત છે. આ પ્રેમવેલીને સ્નેહના જલથી સિંચવાની હોય છે. જ્યારે સર્વત્ર પ્રિયતમનું સ્વરૂપ દેખાય ત્યારે આ પ્રેમવેલી પ્રેમીજનના સમગ્ર દેહમાં ફેલાય જાય છે. એટલે રોમ રોમમાં પ્રિયતમનો નિવાસ થઈ જાય છે. તેથી પ્રિયતમમય બની જાય છે. સતત પ્રિયતમના સ્વરૂપનું ધ્યાન રહી આવે છે. આ પ્રેમની મસ્તી કેવી છે કે, મદ ઝરતો હાથી જેમ ઝુમતો ઝુમતો ચાલતો હોય છે તેવી મસ્તી આ પ્રેમીજનમાં રહેલી છે.

"આગે કી મંઝીલ સાફ કીયા કરતે હૈ" તે મંઝીલ પ્રિયતમ શ્રી વલ્લભના ધામની છે. મંઝીલ સાફનો અર્થ આપણે આપણને અને જગતને ભૂલી જઈએ, ત્યારે પ્રિયવલ્લભના ધામમાં આપણો પ્રવેશ થાય છે. દિવ્યધામ આપણને દેખાવા લાગે છે. અનેક કુંજો નિકુંજો નિભૃત નિકુંજોની દિવ્ય રમણીય શોભા અને તેની વિલક્ષણતાનો અનુભવ થાય છે. જેનું વાણીથી વર્ણન નથી થઈ શક્તું. તેવું આપણું નિવાસ સ્થાન - લીલાધામ છે. આ પદનો કહેવાનો ભાવાર્થ એવો છે કે જીવન પ્રાણવલ્લભને અર્પણ કરી આપના સ્વરૂપ ધ્યાનથી જ જીવનને નભાવવું.

વિશુદ્ધ પ્રેમીપાત્રોએ ખાસ ધ્યાનમાં રાખવાનું હોય છે કે તેનું જીવન તેના પ્રાણ વલ્લભ સિવાય અન્ય કોઈ માટે નથી. આ વિશુદ્ધ પ્રેમ પથમાં પરમારથ બાધક થઈ જાય છે. ધર્મ માર્ગમાં ધર્મ સમુદાય માટે પરમાર્થ છે, પણ ધર્મિપ્રેમમાર્ગમાં તો પોતાના નિત્યસખા પ્રિયતમ વલ્લભને જ જીવન અર્પણ કરવું તે જ પ્રેમીજનનો વાસ્તવિક પરમાર્થ છે. આ બાબત નીચેના દોહાથી સમજીએ :

રસિક સ્નેહી દીનતા, ભજન અનન્યતા જુષ્ટા ।
દયા વૈરાગ્ય ઉદારતા તે કહીએ જન પુષ્ટ ॥

આ દોહામાં વિશુદ્ધ પ્રેમીજનના લક્ષણો બતાવ્યા છે, અને તેમાં 'રસિક' શબ્દનો અર્થ નખથી શિખા સુધી પ્રાણવલ્લભ માટે તત્સુખી દિવ્ય પ્રેમ જેનામાં ભરેલો હોય છે, તેને રસિક કહેવાય છે, "રસિક" રસ ઈક ! રસ અને ઈખ એવા બે પદો રસિક શબ્દમાં રહેલા છે. રસ એટલે દિવ્ય પ્રેમરસ, અને ઈખ એટલે શેરડી. શેરડી જેમ થડથી પીછા સુધી રસથી જ ભરેલી હોય છે. તેમ જેનામાં નખથી શિખા

સુધી દિવ્ય તત્સુખી પ્રેમ ભરેલો રહે છે તેને રસિક કહેવાય છે. "દીનતા" એટલે અત્યંત મૃદુલ કોમલ હૃદય પ્રિયને બિરાજવા લાયક બન્યું છે. "અનન્ય ભજન" એટલે શ્રીપ્રાણવલ્લભ સિવાય હૃદયમાં બીજાનું સ્થાન નથી અને બીજાનું સ્મરણ પણ નથી. જાગતા સોતા સ્વપ્નામાં પ્રાણપ્રિય વલ્લભના સ્વરૂપનો નિરંતર અનુભવ થાય છે. આ પ્રેમી પાત્રોએ "દયા" પોતાના પ્રિયતમમાં રાખવાની છે. પ્રેમનો માર્ગ ઉલટો છે. આ પ્રેમમાર્ગમાં પ્રિયતમ પ્રભુ અમારા માટે દુઃખી હોય છે. તેનું દુઃખ દૂર કરવું તેવી દયા અમારે રાખવાની છે. વિશુદ્ધ પ્રેમનો એવો નિયમ છે કે પોતાના પ્રિયનું વિયોગ દુઃખ સહન કરીને સદા તેના સુખનો જ વિચાર કરે. આપણે જ્યાં સુધી પ્રિયતમના સ્વરૂપામૃત સ્વાદમાં ડૂબી ન જઈએ, ત્યા સુધી આપણો પ્રિય દુઃખી હોય છે. પ્રિયને દુઃખી રહેવાનું કારણ આપણામાં તેનો પ્રેમ છે અને આપણે સાચા સુખને ભૂલી ગયા છીએ. સાચુ સુખ આપણા પ્રાણવલ્લભના ચરણકમલમાં જ રહેલું છે. તેને ભૂલીને લૌકિક અને ભૂતલ ભગવદ્ સંબંધી અલ્પ અલૌકિક આનંદોમાં મનના મોહથી ફસાઈ જઈએ છીએ, જેથી પ્રિયતમ દુઃખી રહે છે. આ દુઃખને દૂર કરવાની દયા મનમાં લાવી પ્રિયતમ માટે જ જીવન જીવવું.

હવે "વૈરાગ્ય" એટલે પ્રાણવલ્લભ સિવાય દુનિયા આપણા માટે સુની બની જાય. અહીંયા આ જગતમાં પ્રાણ વલ્લભ સિવાય બીજું કોઈ આપણું નથી. આવા પ્રકારનો વૈરાગ્ય રહેતા આપણા માટે આ દુનિયા મુસાફરખાના જેવી બની જાય છે. જેમ મુસાફરને પોતાના વતનમાં પહોંચ્યા વગર ચેન પડતું નથી, તેમ આપણને આપણા દિવ્યધામમાં પહોંચ્યા વિના, આ દુનિયામાં સ્વસ્થતા રહેતી નથી તેનું નામ વૈરાગ્ય છે. પ્રિયતમના સ્વરૂપામૃત પાન વિના દુનિયા કડવી ઝેર જેવી લાગે છે. આવો વૈરાગ્ય પ્રેમીજનોમાં બન્યો જ રહે છે.

ફુલ બિછાવો નંદનવનમાં, ત્યાં પણ કાંટા લાગે ।
પ્રિયની મધુરી મીટ વિનાની, દુનિયા કડવી લાગે ॥

હવે "ઉદારતા" કહી તે એ છે કે આપણું સર્વસ્વ એક પ્રાણ વલ્લભને જ સમર્પણ કરી દેવું. બીજી કોઈ વ્યક્તિ કે બીજા કોઈ ઈશ્વરને નહીં તેનું નામ ઉદરતા છે. આપણા તન મન ધન વાણી પ્રાણ આ બધુય પ્રિયવલ્લભને જ સમર્પણ કરવાનું છે. વિશુદ્ધ દિવ્ય પ્રેમનો આજ નિયમ છે કે, પોતાનું સર્વસ્વ પ્રિયતમને માટે જ ઉપયોગમાં આવે. આ રીતે આપણા તન-મન-ધન-વાણી-પ્રાણ અને આત્માનું પણ

સમર્પણ જ્યારે પ્રાણવલ્લભને થઈ જાય છે. ત્યારે દિવ્ય પ્રેમની અખંડ ધારા (સમુદ્રના પ્રવાહની જેમ) આત્મામાંથી પ્રવાહિત થઈ જાય છે. આપણા આત્મારૂપ શ્રી વલ્લભ છે. આ આત્મારૂપ વલ્લભમાં દિવ્ય પ્રેમનો મહાસાગર ભરેલો રહે છે. આપણા મન ચિત્તની સમસ્ત વૃત્તિઓને જગત પ્રપંચમાંથી હટાવી, પ્રિયના સ્વરૂપમાં જ્યારે સ્થિર કરીએ છીએ, ત્યારે મન ચિત્તની વૃત્તિઓ પ્રેમના મહાસાગરમાં પ્રવેશ કરે છે. આ મન ચિત્તની વૃત્તિઓ મોટી સરિતા જેવી છે.

તે સરિતારૂપ વૃત્તિઓમાં દિવ્ય પ્રેમનો પ્રવાહ અખંડ વહ્યા કરે છે. તેના અનુભવથી આપણી જે સ્થિતિ થાય છે. તેનું આગળ વર્ણન કરે છે.

ધરા ધામ ધન ધાન્ય, ધી ધીરજ ધર્મ વિવેક ।
પ્રેમ રાજ્યમાં સૌ છૂટે રહે, અટલ એક ટેક ॥

"ધરા" એટલે પૃથ્વી, 'ધામ' એટલે આપણું ઘર, 'ધન' એટલે લક્ષ્મી, 'ધાન્ય' એટલે ખાન પાન, 'ધી' એટલે બુદ્ધિ, 'ધીરજ' એટલે પ્રિયતમના વિયોગમાં સ્વસ્થતા, 'ધર્મ' એટલે લૌકિક અલૌકિક પરિકરનો સત્કાર કરવો. આ સર્વ પ્રેમ રાજ્યમાં પ્રવેશ થતા જ છૂટી જાય છે, અને એક અટલ ટેક પ્રિયતમને સાંભળવાની જ અને પ્રિયને સુખરૂપ બનાવાની જ રહી આવે છે. ખરી રીતે દિવ્ય પ્રેમ એવો મહાન પ્રભાવશાળી અને ઉગ્ર છે તે પ્રગટ થતાં જ દુનિયાને અને પ્રેમીજનને પોતાને ભુલાવી દે છે. દુનિયા આ પ્રેમીજનના કામની રહેતી નથી અને આ પ્રેમીજન દુનિયાના કામનો રહેતો નથી. આ દિવ્ય પ્રેમ સદા વધ્યા કરે છે, કારણ કે આ પ્રેમની ધારા મહાસાગરમાંથી આવે છે. જેમ મહાસાગરનો પ્રવાહ રાત્રિ દિન ચાલતો જ રહે છે. છતાં તેમાંથી જલ ઘટતું નથી, તેમ દિવ્ય પ્રેમની અખંડ ધારા પ્રેમીજનમાં ચાલતી જ રહે છે. શ્રીવલ્લભના સ્વરૂપમાં તો દિવ્ય પ્રેમના અનંત સાગરો ભરેલા રહે છે તેથી આ પ્રેમ વધ્યા જ કરે છે.

"પ્રેમ નિયમ એક પાળતા સકલ નિયમ ટળી જાય"

વિશુદ્ધ પ્રેમનો નિયમ આ પ્રમાણે છે કે પોતાના પ્રિયસ્વરૂપ સિવાય આ પ્રેમીજન બીજું કંઈ જોતો નથી, બીજું કંઈ જાણતો નથી, બીજું કંઈ સાંભળતો નથી, તેમ બીજાનો વિચાર કરતો નથી. તેના નેત્રો સર્વત્ર પ્રિયતમના સ્વરૂપને જ જોયા કરે છે, અને પ્રિય હૃદય મંદિરમાં બિરાજી મધુર પ્રેમના સુર ભરી મોરલી નાદ કરે છે. તે આંતર નાદને સાંભળી તેમાં જ મસ્ત રહે છે. આપણને જે પ્રેરણા થાય છે તે

પ્રિયતમનો મધુર વેણુનાદ છે. વિશુદ્ધ પ્રેમીજન પોતાના પ્રિયતમની જ મધુર વાણીને સાંભળે છે. બીજાની વાણીને તે ગ્રહણ કરતો નથી. જ્યારે અનન્ય થઈને મનની સમસ્ત વૃત્તિઓ પ્રિયમાં તદાકાર થાય છે, ત્યારે પ્રિયતમના મધુર નાદને સાંભળી શકાય છે. આ નાદમાં દિવ્ય પ્રેમભાવોની ધારા ચાલતી હોય છે તેને સાંભળીને પ્રેમીજન મસ્ત બની જાય છે. ભગવાન વેણુનો નાદ કરે છે ત્યારે જડ પદાર્થમાં ચૈતન્યતા આવે છે. અને ચૈતન્ય પદાર્થ જડ બની જાય છે. એવો નાદનો પ્રભાવ છે. આ મધુર નાદનું શ્રવણ કરી દુનિયાને ભૂલી જાય છે, અને બીજાનો વિચાર કરી શક્તો નથી, અથવા આ મધુર નાદમાં મસ્ત બની જવાથી દુનિયાનું વિસ્મરણ થઈ જાય છે. તેથી બીજા બધાય નિયમો પ્રેમીના હૃદયને છોડીને ચાલ્યા જાય છે. એક પ્રિયતમ વલ્લભ સિવાય બીજા કોઈનું સ્થાન રહેતું નથી.

પ્રેમ દેવ દર્શન થતાં, સૌ બંધન કટી જાય।
મમતા માન સકળ ટળે, ઉર અતિ આનંદ છાય।

દિવ્ય પ્રેમ સ્વરૂપ શ્રીવલ્લભના દર્શન થતાં જ લૌકિક-અલૌકિક સર્વ બંધનો કપાય જાય છે. જેમ કેદી માણસ કેદખાનામાંથી છૂટો થાય છે તેમ જન્મ-જન્માંતરના આ ભૌતિક દેહમાં અને ભૌતિક દુનિયાના નિવાસરૂપી કેદખાનામાંથી પ્રેમદેવ શ્રી વલ્લભ છોડાવીને પોતાની દિવ્ય દુનિયામાં - લીલાધામમાં લઈ જાય છે. એક શ્રી વલ્લભ સિવાય ભૂતલના ભગવદ્ સંબંધી વૈષ્ણવ પરિકરમાં પ્રભુના સંબંધની મમતાનું બંધન જે અલૌકિક માયાએ કરી રાખ્યું હતું તે પણ શ્રીવલ્લભનો સાક્ષાત્કાર થતાં દૂર થઈ જાય છે. અલૌકિક માયાનું બંધન પ્રાણવલ્લભના સાક્ષાત દર્શનથી દૂર થઈ જાય છે. કારણ કે પ્રાણવલ્લભની સૌન્દર્યતા લાવણ્યતા કોટી કામદેવથી પણ અનંતગણી હોવાથી આપના દર્શન થતાં જ મન તેમાં ડૂબી જાય છે. અને હૃદયમાં દિવ્ય પ્રેમનો સાગર પ્રવાહિત થઈ જાય છે. બીજાથી અપાતું માન આ પ્રેમીજન માટે સરબતમાં ભેળવેલા ઝેર જેવું છે. તેવા માનની ઈચ્છા પણ ભૂલાઈ જાય છે. ટૂંકમાં કહીએ તો દિવ્ય પ્રેમ સ્વરૂપના દર્શન થતાં જ પોતાને અને દુનિયાને ભૂલાવી દે છે અને આ પ્રેમીજનની દુનિયા નિરાલી રચાય છે. એટલે કે પોતાના પ્રિયતમમય દુનિયાની આ પ્રેમીજન રચના કરે છે. આ ભૌતિક દશ્યમાન દુનિયા સાથે વિશુદ્ધ પ્રેમીજનને કોઈ મતલબ રહેતો નથી. તે તો પોતાના મહાન સામર્થ્યથી પોતાના પ્રિયતમના જ અનંત સ્વરૂપોને પોતાની દિવ્ય દુનિયામાં પ્રગટ કરી દિવ્ય પ્રેમનું

રાજ્ય સ્થાપીત કરે છે. દિવ્ય પ્રેમનું આ શીખર છે. પ્રિયતમના એક જ સ્વરૂપથી સ્વરૂપાનંદનો અનુભવ કરવો તે વિશુદ્ધ પ્રેમીજન માટે ગૌણપક્ષ છે. અને પ્રિયના અનંત સ્વરૂપોને પ્રગટ કરી તેમજ પોતાના પણ અનંત સ્વરૂપો પ્રગટ કરી, પ્રિયતમના સ્વરૂપ-સૌન્દર્યનો અનુભવ કરવો તે ઉત્તમ પક્ષ છે. શ્રી વલ્લભ પોતાના પ્રિયપાત્રને આવા દિવ્ય પ્રેમ રાજ્યમાં લઈ જાય છે. આ આપણા પ્રાણવલ્લભ દિવ્ય પ્રેમના મૂર્તિમાન સ્વરૂપે આપણા જ હૃદય મંદિરમાં પોતાનું ધામ બનાવી બિરાજે છે, તેમાજ આપણા જીવનને સમર્પણ કરવાનું છે. હૃદય મંદિરમાં જ ભાવાત્મક પ્રકારે સેવા સ્મરણ ગુણગાન ધ્યાન કરવાનું છે. હૃદય મંદિરમાં જ ભાવાત્મક પ્રકારે સેવા સ્મરણ ગુણગાન - ધ્યાન કરવાનું છે. હૃદયમાં બિરાજતું પ્રિયનું સ્વરૂપ વિપ્રયોગ ભાવાત્મક છે. તેનું સેવન-ભજન પણ માનસી ભાવાત્મક થાય છે (ભાવરૂપકો ભાવ રૂપહી ભજન પંથ જતાયો)

શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે.

यह પ્રાગટ્ય રાહત હૃદય में, તીન લોક ભેદ न सहेन

ગૌલોક ધામમાં ભગવાન અનંતકોટિ કન્દર્પની સૌન્દર્યતા લાવણ્યતા વાળા બિરાજે છે. તેવી જ સૌન્દર્યતાવાળા ત્યાંના ભક્તો છે. આવા દિવ્ય સૌન્દર્યતાવાળા ભક્તો- (શ્રી સ્વામિનીજીઓ) પણ અનંત છે. અને ભગવાનનાં સ્વરૂપો પણ અનંત છે. આ અનંત યુગલોમાં જે સૌન્દર્યતા છે તે સર્વ સૌન્દર્યતા શ્રીવલ્લભે પોતાના એક સ્વરૂપમાં ધારણ કરેલી છે. આવા શ્રીવલ્લભને શ્રીદમલાજી એ પોતાના સ્વરૂપમાં રોમ રોમમાં ધારણ કરેલ છે. આથી શ્રીદમલાજી અને શ્રીવલ્લભ એક જ રૂપે જાણવા. આવા શ્રીવલ્લભ પ્યારાને પોતાના હૃદય મંદિરમાં બિરાજેલા જે પ્રેમીજન જાણે તેનું મન બીજે કેમ જઈ શકે? આપણે આપણા પ્રાણવલ્લભને કંઈ બહારથી પ્રાપ્ત કરવાના નથી. આપણા જ હૃદય મંદિરમાં જ તે સદાય બિરાજી રહેલ છે. પણ આ મંદિરનું દ્વાર આપણે બંધ કરી રાખ્યું છે અને બહારની દુનિયાના લૌકિક અલૌકિક પ્રપંચમાં આપણે વિચરીયે છીએ, તેથી પ્રાણવલ્લભનો સાક્ષાત્ અનુભવ કરી શક્તા નથી. જેમ ઘરના રસોડામાં ફોટોચિત્રજી લગાડેલ હોય તેને રસોઈનો ધુમાડો લાગવાથી કાચ મેલો થાય છે. ત્યારે ફોટામાં રહેલું સ્વરૂપ દેખાતું નથી. તેમ આપણા હૃદય મંદિરમાં પ્યારા વલ્લભની ભાવાત્મક મૂર્તિ બિરાજી રહેલી છે, પરન્તુ બહારનો પ્રપંચરૂપ મેલ આપણા હૃદયરૂપ કાચ ઉપર લાગવાથી પ્યારા વલ્લભનો સાક્ષાત્

અનુભવ થતો નથી. હવે જેમ મેલા કાચને ધોવાથી કાચ ઉજળો થતાં તેમાં રહેલું સ્વરૂપ સાફ દેખાય છે. તેમ આપણે જેટલો બહારનો પ્રપંચ હટાવતા રહીશું તેમ તેમ પ્રાણવલ્લભનો સાક્ષાત્ અનુભવ થતો જાય છે. આ આપણા પ્રાણવલ્લભ મધુર પ્રેમના મહાસાગર છે. તેનાં દર્શન થતા જ આપણું મન તે પ્રેમના મહાસાગરમાં કૂદી પડે છે. પછી આપણી દુનિયા પ્રાણવલ્લભમય નિરાલી બની જાય છે.

હવે આ દિવ્ય પ્રેમ કેવા પ્રકારનો વિલક્ષણ છે તેને કહે છે

પ્રેમ અગમ - અનુપમ અમિત, સાગર સરિત બખાન ।
જો આવત ઈહ ઢીંગ, બહુરી જાત નહિ રસખાન ॥

પ્રેમ દિવાના રસખાનજી આ દિવ્ય પ્રેમના મહિમાનું વર્ણન કરે છે કે-આ દિવ્ય પ્રેમ "અગમ" છે 'અગમ' એટલે બુદ્ધિ તેના મહિમાનો પાર પામી શક્તી નથી। અથવા બુદ્ધિ તેમાં પ્રવેશ કરી શક્તી નથી, તેથી આ પ્રેમને અગમ કહ્યો.

હવે આ પ્રેમને "અનુપમ" કહ્યો 'અનુપમ' એટલે આ પ્રેમની કોઈ ઉપમાં આપીને સમજાવી શકાતો નથી, કારણ કે પ્રાણવલ્લભના શ્રીમુખની સૌન્દર્યતા ક્ષણે ક્ષણે નવીન નવીન પ્રગટ થતી હોય છે. જો એક જ પ્રકારની સૌન્દર્યતા હોય તો કવિ લોકો તેની ઉપમાં આપી શકે, પરન્તુ જ્યાં ક્ષણે ક્ષણે જે સૌન્દર્યતા પલટાતી જ રહેતી હોય ત્યાં કવિની ઉપમાં એક ક્ષણની સૌન્દર્યતામાં જ લીન થઈ જાય છે. પછી ફરીને ઉપમા આપવાની શક્તિ કવિ લોકોની રહેતી નથી. તેથી આ પ્રેમને 'અનુપમ' કહ્યો છે.

હવે આ દિવ્ય પ્રેમને "અમીત" કહ્યો 'અમીત' એટલે જેમ આકાશનો છેડો નથી અને મહાસાગરના જલનો કોઈ થાહ લગાવી શક્તુ નથી તેવો આ દિવ્ય પ્રેમ છે. આ પ્રેમને કોઈ કવિ સાગરની ઉપમાં આપે છે, તો કોઈ કવિએ તેને પ્રચંડ પ્રવાહવાળી સરિતાની ઉપમાં આપેલ છે. પરન્તુ જે પ્રેમીજનોએ આનો અનિર્વચનીય સ્વાદ ચાખ્યો છે તે આ દિવ્ય પ્રેમના સ્વાદમાં ડૂબી ગયેલા હોવાથી તેના મહિમાનું વર્ણન કરી સક્તા નથી. સાગરમાં ડૂબેલાને કોની ખબર રહે છે ? તે તો સાગરરૂપ બની જાય છે. તેમ આ પ્રેમી પણ પ્રેમના મહા સિન્ધુમાં ડૂબેલા હોવાથી તે કંઈ પ્રેમના અનુભવનું વર્ણન કરી શક્તો નથી પ્રેમનું જેટલું વર્ણન રસિક કવિઓએ અને ભક્તોએ કર્યું છે તે આ મહાસાગરના તટ પર બેસીને જ તેનો મહિમા ગાયો છે. પણ સાગરમાં કૂદી પડેલાઓ તેનું વર્ણન કરી શક્તા નથી.

"પરમાનંદ પ્રેમ સાગર મેં, પર્યો સો લિન ભયો"

આપણા પ્રાણપ્રિય શ્રી વલ્લભનું સ્વરૂપ દિવ્ય પ્રેમના મહાસિન્ધુ સમાન છે. આપના સૌન્દર્ય પાનમા ડૂબી જવું તેનું નામ જ પ્રેમના મહાસાગરમાં કૂદી પડવું અથવા ડૂબી જવું કહેવાય. આપણા પ્રિયતમના સ્વરૂપની જે સૌન્દર્યતા છે તે ક્ષણે ક્ષણે નૂતન નૂતન પ્રગટ થતી હોય છે. તેથી તે સૌન્દર્યતાના પાનમાં તૃપ્તિ થતી જ નથી. આવા દિવ્ય સ્વરૂપના અનુભવની અજાયબી આપણું મન તેમાં ડૂબતા જ જોઈ શકે છે.

હવે આ દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરવાનું જે સાધન છે તેનું વર્ણન કરે છે.

"પ્રેમ પથ અતીહી વિકટ, દેખત ભાગે લોગ,
કોઈક વિરલા ચલ શકે, જીન ત્યાગે સબ ભોગ"

આ દિવ્ય પ્રેમનો માર્ગ અતિ વિકટ છે. લોકલાજનો ત્યાગ બધાય સુખનો ત્યાગ, માન બડાઈનો ત્યાગ. આમ દુનિયાથી બરબાદ થવું. આવા પ્રકારના ત્યાગનો ભરેલો આ પ્રેમપથ હોવાથી જે ત્યાગી ડરે છે તેવા આ માર્ગમાં ચાલી શકતા નથી. દુનિયામાં ખૂબ આબરૂ મેળવેલી હોય તેને આ પ્રેમ લુટાવી દે છે. જગત બધુંય મતલબી છે. લૌકિક કે અલૌકિક ધનવાળા સૌ કોઈ ચાહે છે. તેનાથી માન બડાઈ મળતી રહે છે. આવા લુટેરાઓથી બચાવી લેવા પ્રેમદેવ તેની આબરૂને બે આબરૂ કરીને પ્રેમમાર્ગે લઈ જાય છે.

એક ગોપીજન બીજા ગોપીજનને કહી રહ્યા છે કે અરિ ! તેં નંદકુમાર સાથે પ્રેમ કર્યો છે તેથી તારી બદનામી થાય છે. તેના જવાબમાં કહે છે ગોકુલ કે સબ લોક ચીકનીયા મેરે ભાયે ઘાસ । કરન દે લોગનકો ઉપહાસ

આવી બરબાદી સહન કરીને પ્રેમને જ ચાહવાવાળા કોટિમાં કોઈ વિરલા જ નીકળે છે. આપણી પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. આંખ-કાન-જીભ-નાક-ચામડી. આંખને જગતના વિષયો જોવા પ્રિય છે. કાનને બીજા વિષયો સાંભળવા પ્રિય છે. જીભને બીજું બોલવું અને સ્વાદવાળું ખાવું-પીવું પ્રિય છે. નાકને સુગંધ લેવી પ્રિય છે. અને ચામડીને સ્નો સાબુ-પાવડર પ્રિય છે. આ બધાય વિષયો પ્રભુ પ્રેમની ચાહના કરનારને વિષ સમાન લાગવા જોઈએ. આ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને એક કર્મેન્દ્રિય કે જેનાથી પ્રજા ઉત્પન્ન થાય છે તે ગુહ્ય ઈન્દ્રિયનો વિષય પણ પ્રેમ માર્ગમાં મહાન બાધક છે.

આ બધાય વિષયોનો પ્રેમીજનોએ ત્યાગ કરવાનો હોય છે. ટુંકામાં આ

દુનિયામાં જેટલા સુખના સાધનો છે અને તે ઈન્દ્રિયોથી ભોગવાય છે તેનો પ્રેમીજનોએ દિવ્ય પ્રેમના એક બિન્દુની પ્રાપ્તિ માટે ત્યાગ કરવાનો છે. શરીરને ટકાવવા માટે પ્રેમીજન ખાન પાન કરે છે. પણ સંસારી મનુષ્યોની જેમ ખાન પાનના વિષયોમાં આસક્ત થઈને પ્રેમીજન ભોગવતા નથી. અને જ્યારે દિવ્ય પ્રેમ જાગૃત થાય છે. ત્યારે તો આ પ્રેમીજનના ખાનપાન પણ છૂટી જાય છે - કારણ કે દિવ્ય પ્રેમ એ અમૃત છે. તો જે અમૃતનું પાન કરે તેનો દેહ તો અજર અમર બની જાય છે. આ દિવ્ય દેહ પ્રેમનો જ અમૃતનો જ બનેલો હોય છે. તેથી ભૌતિક દેહને નભાવવા ખાનપાનની જરૂર રહેતી નથી. તેથી દિવ્ય પ્રેમના આવા પ્રભાવને જાણી તે પ્રેમીજન ઈન્દ્રિયોના પ્રાકૃત વિષયોનો ત્યાગ કરતો જાય છે. આપણી ઈન્દ્રિયો પાત્રરૂપ છે. પાત્રોમાં જ્યાં સુધી જગતના ભૌતિક વિષયો રસો ભરેલા રહે, ત્યાં સુધી દિવ્ય પ્રેમ રસ તે પાત્રોમાં કેમ રહી શકે ? તેથી પ્રેમીજન સમજીને જ તે પાત્રોને પોતાના પ્રિયતમ માટે ખાલી કરવાં માંડે છે. એટલે કે ઈન્દ્રિયોરૂપી પાત્રમાં ભૌતિક વિષય રસ ભરેલો હોય તે ખાલી કરે છે.

ભોગવાસના સૌ તજે, તજે માન અભિમાન ।
પ્રેમ પથ પર જે વહે, સહે હૃદય પર બાન ॥

સર્વપ્રકારના ભોગની વાસના, અને લૌકિક અલૌકિક જગતથી મળતા માનનો તેમજ માનથી થતાં અભિમાનનો સારી રીતે ત્યાગ કરીને પ્રેમ પંથમાં ચાલતા પ્રિયતમના વિયોગ દુઃખને સહન કરનાર પ્રેમી દિવ્ય પ્રેમ માર્ગનો સાચો પથિક બને છે.

પ્રેમ પંથ પર ચાલતા, જેણે છોડી ચાહ ।
જલ્યા કરે વિરહાગ્નિમાં, મુખ નહિ નિકસે આહ ॥

લૌકિક અને અલૌકિક બધાય પ્રકારની ચાહનાઓને છોડી દઈને નિત્યલીલાસ્થ પ્રિયતમના વિયોગની આગમાં જલતો રહેવા છતાં તે દર્દની આહ બહાર કાઢતો નથી, તેવા વીર પ્રેમીઓ આ દિવ્ય પ્રેમમાર્ગે ચાલનારા છે.

પ્રેમમાર્ગમાં ચાલતા, જે મન નિશ્ચલ હોય ।
વિષય રાગ રાખે નહીં, જાતા સૌ દે ખોય ॥

પ્રેમમાર્ગમાં અનેક સંકટો આવતા હોય છે, તેને સહન કરવાનો મનમાં નિશ્ચય કરીને, દુનિયાના બધાય વિષયોનો જેણે સારી રીતે ત્યાગ કર્યો છે તેવા

પ્રેમીઓ સફળતાથી આગળ વધે જાય છે.

સંત વૈદ્ય સેવન કરે, કડવી ઔષધિ ખાય ।
ભોગ રોગ રાખે નહીં, પછી પ્રેમ પ્રગટાય ॥

પ્રેમમાં ડૂબેલા આ પ્રેમમાર્ગના વૈદ્ય છે, તેની પાસેથી મન ચિત્ત-ઈન્દ્રિયોના પ્રકૃત વિષયોના ત્યાગની શિક્ષારૂપી કડવી ઔષધિનું સેવન કરે. વિષયના ત્યાગરૂપી ઔષધિથી જ, ભોગરૂપી રોગ દૂર થઈ શકે. પ્રાણવલ્લભના પ્રેમ વિના જેટલા વિષયો છે, તે આત્મા માટે રોગરૂપ છે. આવા રોગથી આત્મા નિર્બળ બને છે અને નિર્બળ બનેલા આત્માથી પ્રિયપ્રભુને મેળવી શકાતા નથી અથવા દિવ્ય પ્રેમ પ્રગટ ન થાય. આત્માનો રોગ દૂર થવાથી જ હૃદયમાં પ્રેમ પ્રગટ થાય છે.

જો તુ ચાહે પ્રેમ ધન, વિષય થકી મન મોડ ।
શ્રદ્ધા તત્પરતા સહિત, ચિત્ત ભજનમાં જોડ ॥

પાછળના દોહામાં પાંચ જ્ઞાનેન્દ્રિય અને એક કર્મ ઈન્દ્રિયનું વર્ણન કરેલું છે. આ ઈન્દ્રિયોનો સરદાર આપણું મન છે. મન બે પ્રકારનું છે. એક આસુર ભાવના આવેશ વાળું, બીજું દૈવી ભાવોના આવેશ વાળું. આ આસુર ભાવના આવેશવાળું મન જ સંકલ્પ વિકલ્પરૂપી વિચારોથી ઈન્દ્રિયોને જગતના પ્રાકૃત વિષયોમાં ભ્રમણ કરાવે છે. તે આપણા મનને કાબુમાં લેવાથી જ પ્રેમરૂપી ધન મેળવી શકાય છે. કારણ કે દિવ્ય પ્રેમ તો આપણા આત્મામાં જ રહેલો છે. તેથી ઈન્દ્રિયોને બહારના પ્રાકૃત વિષયોમાંથી ખેંચી આપણા હૃદયમાં પ્રેમદેવ શ્રી વલ્લભ બિરાજે છે. તેમાં ઈન્દ્રિયોને જોડી દેવાથી પ્રેમરૂપી ધન મેળવી લેવાય છે. અને હૃદયમાં બિરાજતા પ્રિય સ્વરૂપનું સતત ધ્યાન સ્મરણ-ગુણગાન શ્રદ્ધા તત્પરતા સહિત કરતા રહેવાથી, પ્રેમ ધનનો અખુટ ખજાનો ખુલ્લો થઈ જાય છે. આ અનિર્વચનીય દિવ્ય પ્રેમનો ખજાનો આપણા હૃદયમાં જ રહેલો છે, તેને ખોલવાની ચાવી પ્રાણવલ્લભ સિવાય મન-વચન-કર્મથી સર્વનો ત્યાગ કરવો તે છે. તેથી જ નંદદાસજીએ પચં મંજરીમાં કહ્યું છે કે :-

જા ઘટ વિરહ અવાઅનલ, પરિપક ભયે સુભાય ।
તાહી ઘટ મધ્ય નંદહો, પ્રેમ અમી ઠહેરાય ॥

વિરહનો અનુભવ સર્વના ત્યાગથી જ થાય છે. તેથી વિરહ જ દિવ્ય પ્રેમના અખૂટ ખજાનાને ખોલવાની ચાવી છે. આગળ કહે છે :-

विद्या बुद्धि विवेकने, तजे सर्व अभिमान ।
ते पामे प्रभु प्रेमने, जेना तुल्य न ज्ञान ॥

અનેક ગ્રંથો-શાસ્ત્રો પઢીને વિદ્યા મેળવવાની પ્રેમ માર્ગમાં આવશ્યકતા નથી. તેમજ દુનિયાનો સત્કાર કરવાનો વિવેક રાખવાથી પ્રેમ માર્ગમાં વિઘ્ન જ થાય છે. વિદ્યાર્થી બુદ્ધિ-જ્ઞાન વધે છે. તેમાં પણ અભિમાન વધતું જાય છે. તેવું અભિમાન પણ પ્રેમ માર્ગથી પતન કરનાર છે. જેમ કે આ કામ તો મારે કરવું જ જોઈએ. આવા પ્રાકૃત દુનિયાનાં વ્યવહારમાં અનેક પ્રકારનું અભિમાન રાખવું તે પ્રેમ માર્ગથી પતન કરે છે. આવા અભિમાનનો પ્રેમ પથિકોએ ત્યાગ કરવાનો હોય છે. જે જે પ્રકારથી પ્રિયપ્રભુથી વિમુખ થવાય તે સર્વ પ્રકાર પ્રેમ માર્ગમાં બાધક છે. આવા સર્વ ત્યાગથી પ્રેમ પ્રગટ થાય છે. આ સમયે દિવ્ય પ્રેમનું જ જ્ઞાન પ્રગટ થાય છે. જેના સમાન બીજું કોઈ જ્ઞાન નથી, અથવા પ્રેમનું જ્ઞાન જ પ્રેમ પથિકને મેળવવાનું હોય છે. તે જ્ઞાન ખુદ પ્રેમદેવ શ્રી વલ્લભના સ્વરૂપથી જ પ્રાપ્ત થાય છે. આ જ્ઞાન કેવા પ્રકારનું છે કે પ્રાણવલ્લભના સ્વરૂપનું નખથી શિખા સુધીમાં જે સૌન્દર્ય લાવણ્ય રહેલું છે, તે આપના સ્વરૂપના શ્રીમુખનું નાસિકાનું - ભ્રોહ નેત્રકમલ-અલક-ચરણ કમલ-હસ્ત કમલ આ સર્વે અંગોમાં જે સૌન્દર્ય-લાવણ્ય ભરેલું છે તેનું જ્ઞાન કરવાનું હોય છે. એટલે કે આ સર્વ અંગોમાં રહેલી સૌન્દર્ય - લાવણ્યની માધુર્ય સુધાનું પાન કરવું તેવું જ્ઞાન શ્રી વલ્લભ પોતાના પ્રેમીજનોને સ્વયં કરાવે છે. (અથવા અષ્ટસખાની વાણીમાં હિલગના પદોમાં અને યુગલની વિહાર લીલામાં આ દિવ્ય પ્રેમની ક્રીડાનું જ જ્ઞાન કરાવ્યું છે.) તેથી શ્રી સર્વોત્તમજીમાં આપશ્રીનું નામ - "સ્વદાસાર્થ કૃતાશેષસાધનઃ" છે. આ નામનો ભાવાર્થ પોતાના પ્રેમીજનોને પોતાના દિવ્ય પ્રેમ સ્વરૂપનું જ્ઞાન પોતે જ કરાવે છે. તેથી આપશ્રીનું સતત સ્વરૂપ ધ્યાન-સ્મરણ-ગુણગાન કરતા રહેવાથી, આ દિવ્ય પ્રેમનું જ્ઞાન શ્રી વલ્લભથી જ પ્રાપ્ત થાય છે. બીજા સાધન કરવાની જરૂર રહેતી નથી. પ્રેમનું જ્ઞાન સ્વયં પ્રાણ વલ્લભ જ કરાવે છે તે વિલક્ષણ હોય છે, તેવું જ્ઞાન પોથીઓમાંથી ન મળે. શાસ્ત્રોમાં અથવા ગ્રંથોમાં જે પ્રેમ તત્વનું જ્ઞાન કરાવેલ હોય છે, તે તો મર્યાદિત હોય છે, પણ સાગરની જેમ તેનો અખંડ પ્રવાહ ચાલતો નથી. આપશ્રી વલ્લભ સ્વયં દિવ્ય પ્રેમના મહાસાગરરૂપ છે. તેથી જેમ સાગરનો પ્રવાહ અખંડ ચાલ્યા કરે છે અને તેમાં પ્રતિક્ષણ તરંગ પ્રગટ થાય છે તેમ આપના સ્વરૂપરૂપી પ્રેમના મહાસાગરમાંથી પ્રતિક્ષણ સૌન્દર્ય લાવણ્યના નૂતન

નૂતન વિલક્ષણ ભાવ તરંગો પ્રગટ થયા જ કરે છે.

પ્રેમ પંથ કંટક ભર્યો, ચાલે વિરલા કોય ।
વિંધાતા હુલસે હૃદય, અનંત ન જીવન જોય ॥

વિશુદ્ધ પ્રેમ પથિકને પોતાના પ્રિયતમ સિવાય બીજું બધુંય આ દુનિયામાં છે તે કંટકરૂપ જ છે. પોતાના દેહના વિષયો અને જગતનો માનવ સમૂહ પ્રેમીજનને કંટકરૂપ લાગે છે.

ફૂલ બિછાવો નંદનવનમાં, ત્યાં પણ કાંટા વાગે ।
પ્રિયની મધુરી મીટ વિનાની, દુનિયા કડવી લાગે ॥

વિશુદ્ધ પ્રેમ પંથમાં પ્રિયતમનાં સ્વરૂપ સિવાય બીજું બધુંય પાપરૂપ છે. આ પ્રેમ પથિકો પોતાની દુનિયા પોતે જ બનાવે છે. તેની દુનિયામાં પ્રાણ વલ્લભ સિવાય બીજું કંઈ જ હોતું નથી - પ્રાણ વલ્લભનું સ્વરૂપ વિરહાત્મક છે. આપશ્રીનો વિલાસ વિરહાગ્નિરૂપ છે, અને આપની પ્રાપ્તિનો માર્ગ પણ સર્વત્યાગ પૂર્વક વિરહાત્મક છે. તેથી બીજા વિલાસોનો પણ ત્યાગ કરવાનો હોવાથી, કોઈ વિરલા જ આ ત્યાગરૂપી અગ્નિના માર્ગે ચાલી શકે છે. જેને શ્રીવલ્લભ પ્યારાના શ્રીમુખ લાવણ્યનું પાન એક વખત પણ કરી લીધું છે. તેને માટે બીજા દિવ્ય વિલાસો પણ ફીક્કા લાગે છે. જુઓ પ્રિયશ્રી વલ્લભના સ્વરૂપાનંદમાં મત થયેલા શ્રી રામદાસજી શું કહે છે :

શ્રીવલ્લભાધીશ કે રૂપ રસ સિન્ધુમે
અહોત સે સિન્ધુ સ્વાદ ન્યારે ન્યારે ।
જાત નહિ વહાંલો બિના પૂરણ કૃપા
બીચમેં ભરલિયે પાત્ર સારે ॥
સ્વાદ હે જિન્હે યાદ સોઈ પહોંચે વહાંલો ।
બિચકે સમુદ્ર નહી લગત પ્યારે ।
'રામદાસ' પાન કર આન સુદ્ધ રહત નાહિ -
સહજ ઉત્તર ગયે ભવ સિંધુ ખારે ॥

પ્રાણવલ્લભ સ્વરૂપને મધુર દિવ્ય પ્રેમના એક મહાસાગરરૂપે જાણવા જેમ અનેક સરિતાઓનો પ્રવાહ સમુદ્રમાં સમાય જાય છે, અને અનેક સાગરનો પ્રવાહ મહાસાગરમાં સમાઈ જાય છે. તેમ દિવ્ય પ્રેમના અનંત સાગરોનો પ્રવાહ મહાસાગર સ્વરૂપ શ્રી વલ્લભમાં સમાઈ જાય છે. અહીં આમ વિચારવું કે દિવ્ય પ્રેમના

મહાસાગરરૂપ શ્રી વલ્લભના સ્વરૂપમાંથી જ ગોલોક ધામ અને ગોલોક ધામમાં અનંત યુગલો પ્રગટ થયા છે. આ પ્રત્યેક યુગલ દિવ્ય પ્રેમના સાગરરૂપ છે અને તેમાં ભિન્ન ભિન્ન પ્રકારનો વિલાસ રહેલો છે. તેથી કહ્યું “બહોત સે સિન્ધુ સ્વાદ ન્યારે ન્યારે” આ શ્રી વલ્લભના દિવ્ય પ્રેમનો માર્ગ ત્યાગરૂપી અગ્નિનો હોવાથી કોઈક વિરલા જ ચાલી શકેછે. આ વિરહ દર્દનો ભરેલો માર્ગ છે. જેમ જેમ પ્રાણવલ્લભના વિરહની અગ્નિ પ્રજ્વલિત થાય છે, તેમ તેમ આ પ્રેમીનું હૈયું હુલ્લાસ વાળું બનતું જાય છે. શ્રી વલ્લભના પ્રેમીજનમાં વિયોગ દુઃખની કાયરતા હોતી નથી. કારણ કે કાયરતા પોતાના સુખની ઈચ્છાથી થાય છે. જે પ્રેમી પ્રિયતમથી પોતાના સુખની ચાહના કરે છે તેણે વિયોગ દુઃખને સહન કરવાની શક્તિ ગુમાવેલી છે. પ્રિયતમના જ સુખનો જે વિચાર કરે છે તેને વિયોગના કઠિન દુઃખમાં પણ કાયરતા થતી નથી, પણ સાહસિક બનતો જાય છે. સ્વાર્થમાં આત્માનું બળ મળતું નથી. જ્યારે નિઃસ્વાર્થ પ્રેમમાં આત્મબળનું ઝરણું અખંડ વહેતું હોય છે. તેથી તત્સુખી પ્રેમીજન સાહસીક-વીર જેવો થઈને દિવ્ય પ્રેમ રાજ્ય પર વિજય મેળવી લે છે. શ્રી વલ્લભનું અગ્નિકુંડમાં પ્રાગટ્ય થયું છે તે આપણને એમ સમજાવે છે કે શ્રી વલ્લભ સિવાય સર્વનો પરિત્યાગ કરીને વલ્લભના વિરહની અગ્નિ જેણે પોતાના હૃદયમાં પ્રગટાવી છે, તેવા વિરહાગ્નિવાળા હૃદયમાં પ્રેમદેવ શ્રી વલ્લભ પ્રગટ થઈ જાય છે. આવા વિરહાગ્નિના માર્ગે ચાલનારા સુરા પ્રેમીજન પ્રેમ રાજ્યના ચક્રવર્તી રાજા શ્રીવલ્લભાધીશને મેળવી લે છે.

શૂરાજન કૂદી પડે, પ્રેમ સિન્ધુ કે માંહી ।
હરિ હીરા નિશ્ચે પાવહી, યામેં સંશય નાહી ॥

પ્રેમ સિન્ધુ પ્યારા વલ્લભના સૌન્દર્ય પાન માટે શૂરાજન પ્રેમ સિન્ધુમાં કૂદી પડે છે. મધુર પ્રેમના મહા સિન્ધુ શ્રીવલ્લભના શ્રીમુખની લાવણ્ય સુધા પાનમાં તૃપ્તિ જ થતી નથી. આ સુધા સિન્ધુમાં કૂદી પડનારને સર્વ દુઃખના હરનાર હરિ જે વલ્લભ પ્યારો છે. તેને પ્રાપ્ત કરી લે તેમાં શું આશ્ચર્ય ? અથવા સ્વરૂપ સુધામાં જે ડૂબ્યો તેને પ્યારો વલ્લભ પ્રાપ્ત થઇ જ ગયો. દિવ્ય પ્રેમજ શ્રીવલ્લભનું સ્વરૂપ છે. તે પ્રેમ સ્વરૂપને શૂરાજન પ્રાપ્ત કરી લેછે. અહીં પ્રેમ માર્ગની શૂરવીરતા એ છે કે પ્રિયતમ સિવાય હૃદય પ્રદેશમાંથી અન્ય વિચાર (ભાવો) રૂપી બીજી સૃષ્ટિને હાંકી કાઢવામાં જ શૂરવીરતા રહેલી છે આપણા હૃદયમાં સમ્રાટ શ્રીવલ્લભને જ બનાવવો તેનું નામ જ શૂરવીરતા છે.

પુરા પ્રેમ અનલ કૂદે , જે મન બે પરવાહ ।
જીવન મરણ રૂચે નહિ , નહિ સ્વર્ગ હી ચાહ ॥

જીવન અને મરણની જેને પરવા નથી તેવો પ્રેમીજન અગ્નિમાર્ગમાં ચાલી શકે છે. જેમ સંગ્રામમાં જનારો વીર પુરૂષ જીવન મરણની પરવા કરતો નથી, તેના મન તો સંગ્રામમાં વિજય મેળવવો એજ જીવન છે. તેને જીવવાની લાલસા હોતી નથી. અને મરણનો ભય હોતો નથી. તેમ પ્રેમીજન પણ પ્રેમદેવ અને પ્રેમરાજય ઉપર વિજય મેળવવો તેનેજ જીવન સમજે છે. આ પ્રેમના સંગ્રામમાં જીવવાની લાલસાનો અને મરણના ભયનો આ પ્રેમીએ ત્યાગ કરેલો છે. દિવ્ય પ્રેમ અંકુરીત થતા જ આ પ્રેમીજન વીરશિરોમણિ બની જાય છે, કારણ કે જેમ મનુષ્યની છાયા તેની પાછળ જ વળગેલી જ રહે છે, તેમ દિવ્ય પ્રેમીની પાછળ પ્રેમદેવ શ્રી વલ્લભની દિવ્ય-અચિન્ત્ય શક્તિઓ છાયાની જેમ રહી આવે છે. - ‘સર્વ શક્તી ધૃક’ તેથી આ પ્રેમવીરને ત્યાગ કઠિનતા પડતી નથી. દિવ્ય પ્રેમ ત્યાગનું સ્વરૂપ જ છે. જેમ અગ્નિની પાસે કોઈ આવી શક્તુ નથી, તેમ પ્રેમીજનો પાસે મૃત્યુ પણ ભયખાઈને દૂર જાય છે. વિરહાગ્નિની પ્રજવલિત આગમાં મૃત્યુનું પણ મૃત્યુ થઈ જાય છે. આ વિરહાત્મક પ્રેમ માર્ગમાં તો ક્ષણમાં મરણ અને ક્ષણમાં જીવન એવા જીવનથી પ્રેમ રાજ્યમાં પ્રવેશ થાય છે. સાખીમાં જે ‘અનલ’માં કૂદી પડવાનું કહ્યું છે તે અનલનો અર્થ અગ્નિ થાય છે. અહિ પ્રાણવલ્લભનો જે વિરહ છે કે જે મધુર અગ્નિ ભર્યો છે તે મધુર અગ્નિના મહાસાગરમાં કૂદી પડવાનું છે.

હવે દિવ્ય પ્રેમ કે જે મધુર દર્દનો ભરેલો છે. તેનો સ્પર્શ થતાં જે અવસ્થા પ્રેમીજનની થાય છે તેનું વર્ણન કરે છે.

પ્રેમાગ્નિના સ્પર્શથી, વિરહાગ્નિ વધી જાય છે ।
ભસ્મ થાય સૌ કર્મદલ, કેવલ હરિ રહી જાય ॥

મધુર અગ્નિ ભર્યા પ્યારા વલ્લભના પ્રેમનો સ્પર્શ થતાં જ વિરહની પ્રચંડ જ્વાલાઓ વધવા માંડે છે, કારણ કે સ્વયં શ્રી વલ્લભ મધુર પ્રેમાગ્નિનું સ્વરૂપ છે. તેથી આપના સંબંધવાળો પ્રેમ પણ અગ્નિ રૂપ જ હોય, પરંતુ આ અગ્નિમાં મધુરતા રહેલી છે, એટલે કે વલ્લભના વિરહીજનને મધુર દર્દનો અનુભવ થાય છે. આવું વિરહનું મધુર દર્દ કોટિમાં કોઈ એક મહાભાગ્યવાનને જ પ્રાપ્ત થાય છે. એટલે જ દમલાજી માટે આપે કહ્યું કે -

'દમલા ઔર ભક્ત બહોત હે મેં તેરે વસહું'

હવે શ્રી વલ્લભ દમલાજીને વશ કેમ થયા છે તે આગળ કહે છે :

અખિલ સ્વાર્થ ઉજ્જત કીયે, પ્રાણપતિ રતિ જોર ।
અધિક પરસ્પર પ્રીતિમેં, ક્ષણુ ક્ષણુ પ્રાણ અકોર ॥

શ્રી દમલાજીએ ભૂતલ સબંધી બધાય અલૌકિક સુખોનો પણ ત્યાગ કર્યો છે એક શ્રીવલ્લભને જ વરેલા છે. શ્રીવલ્લભમાંથી જ સુખની આશા છે. શ્રીવલ્લભનો જ અનન્ય આશ્રય છે. શ્રીવલ્લભ વિના બીજું કંઈ જાણતા નથી. આવો વિશુદ્ધ પ્રેમ દમલાલજીનો વલ્લભ પ્યારામાં હોવાથી, શ્રીવલ્લભ દમલાજીને વશ થયા છે. આ દર્દીલા મધુર પ્રેમમાં બન્ને પ્રેમીઓ અરસપરસ પ્રાણની ન્યોછાવરી ક્ષણ ક્ષણમાં કરતા હોય છે. જેમ ગજ્જન ધાવનનો પ્રેમ શ્રી નવનીત પ્રિયાજીમાં છે. તેવો જ પ્રેમ શ્રી નવનીત પ્રિયાજીનો ગજ્જન ધાવનમાં છે. તેથી આ બન્ને પ્રેમીઓ ક્ષણ એકનો વિયોગ સહન કરી શક્તા નથી. અથવા વિરહમાં આ બન્ને પ્રેમીઓ પોત પોતાના પ્રાણપ્રિય પાત્રને ન્યોછાવર કરતા હોય છે. કારણ કે અરસપરસના પ્રાણપ્રેમીઓ જ હોય છે. પ્રિયપાત્ર જ પ્રાણરૂપ બનેલ હોય છે. આ પ્રેમ માર્ગમાં પ્રાણ વલ્લભને જગતના બનાવનાર ઈશ્વર રૂપે માનવાના નથી, પણ આપણા પ્યારા મિત્ર પ્રિયતમ જાણવાના છે, તો આપણે જેમ તેના વિયોગે દુખી છીએ તેમ પ્રાણ વલ્લભ આપણા વિયોગે દુઃખી હોય છે. પ્રેમ રાજ્યનો આવો જ નિયમ છે. પ્રેમીજન વલ્લભને પોતાના નિત્ય સખા જાણે છે. પ્રેમ રાજ્યમાં પ્રિયતમ શ્રીવલ્લભ અને પ્રેમીભક્ત-પ્રિયતમા બન્નેનો સમાન વ્યવહાર હોવાથી પ્રિયતમને સખા-મિત્ર પણ કહેવાય છે. પ્રેમદેવનું આપણે જેવા ભાવથી ભજન કરીએ છીએ, તેવા જ ભાવથી પ્રાણવલ્લભ આપણું ભજન કરે છે. આપણા પ્રેમનું પાત્ર વલ્લભ પ્યારો છે, તો વલ્લભના પ્રેમના પાત્ર આપણે છીએ. આપણે પ્રાણ વલ્લભનું ધ્યાન કરીએ છીએ, તો વલ્લભ આપણું ધ્યાન કરે છે. આવી રીતે અરસપરસ પ્રેમીઓનો દિવ્ય પ્રેમ રાજ્યમાં સમાન વ્યવહાર હોય છે. અહીં કોઈ મોટું નથી કે નાનું નથી એટલે કે બન્ને પ્રેમીઓ સમાન પણાથી દિવ્ય પ્રેમના વિવિધ વિલાસનો અનુભવ કરે છે. આ વલ્લભના પ્રેમની અન્તીમ અવસ્થા તન્મયતામાં તો આપણે આપણને ભૂલી જઈએ છીએ, અને મધુર પ્રેમ સુધા સ્વાદનું જ ફક્ત જ્ઞાન રહે છે. અહીં પતિ-પત્ની ભાવનોલય લાવાણ્યમૃત સુધા સ્વાદમાં

થઈ જાય છે અને એક પ્રાણ વલ્લભના અસીમ સૌન્દર્ય લાવણ્યના સુધા સ્વાદના જ ભાવનો અખંડ અનુભવ બન્યો રહે છે.

આ સુધા સ્વાદ એક એક સુધાના સાગર ભરેલો અનુભવાય છે. કારણ કે શ્રીવલ્લભ પ્યારામાં આ મધુર પ્રેમ સુધાના અનંત સાગરો ભરેલા છે. "અનંત" એટલે લાખ-કરોડ-અબજ એવી જેની ગણત્રી ન થઈ શકે તેને અનંત કહેવાય છે. તેવા અનંત પ્રેમ સુધાના સાગરોથી ભરેલું શ્રીવલ્લભનું સ્વરૂપ છે. તેથી શ્રીવલ્લભનો પ્રેમીજન જે આપના સ્વરૂપ સુધા સ્વાદમાં ડૂબ્યો છે, તેને પ્રેમ સુધાના ભરેલા એક એક સાગર જેવા તરંગનો અનુભવ થાય છે. આ દિવ્ય પ્રેમનું શિખર સ્થાન છે કે જ્યાં પ્રેમીજનને પોતાની વિસ્મૃતિ થઈ જાય છે અને પ્રાણવલ્લભના સ્વરૂપ સૌન્દર્યના સ્વાદમાં જ ડૂબેલો રહે છે. શ્રીવલ્લભના પ્રેમીજનોનું આજ પરમ અતિ ધ્યેય છે કે, પ્રાણવલ્લભના અનિર્વચનીય સ્વરૂપ સૌન્દર્ય માધુર્ય સુધાનું નિરંતર પાન કરવું. આવી સ્થિતિ થાય ત્યારે આપણે આપણા વિશુદ્ધ પ્રેમના લક્ષ સ્થાને પહોંચી ગયા છીએ તેમ માનવું. આ વિશુદ્ધ પ્રેમની સિદ્ધ અવસ્થા કહેવાય છે, પરન્તુ અત્યારે આપણી સાધનદશા હોવાથી શ્રીવલ્લભ પ્યારાના શ્રીમુખના લાવણ્ય પાનમાં મનનો નિરોધ કરવાનો છે. અથવા જીવનનો નિર્વાહ લાવણ્યામૃત પાનથી, આપના યશોગાન અને નામ સ્મરણથી કરવાનો છે. આ સ્વરૂપનું ધ્યાન કરતા કરતા જ સુધા સ્વાદમાં ડૂબી જવાય છે. સ્વરૂપ ધ્યાનથી જ ઉપર કહ્યું તે સર્વ સિદ્ધ થઈ જાય છે. સાધન દશામાં સ્વરૂપનું ધ્યાન કરતા કરતા વીજળીના જબકારાની જેમ શ્રીવલ્લભાગ્નિના મધુર દિવ્ય પ્રેમ સ્વરૂપનો આપણા હૃદયમાં સ્પર્શ થઈ જાય છે. આ સમયે જો આપણું મન ચિત્ત લૌકિક અલૌકિક સંસાર પ્રપંચમાંથી નિવૃત થઈ ગયું હોય છે, તો જેમ દોરામાં મોતી પરોવાઈ જતા નીકળી ન શકે તેમ આપણું મન દિવ્ય પ્રેમના સાગરમાં ડૂબેલું રહે છે, અને જેમ રૂના મોટા પર્વત જેવા ઢગલાને અગ્નિની એક ચિનગારી સળગાવી ખાખ કરી નાખે છે. તેમ આપણા હૃદયમાં અનેક જન્મોની વાસનાનું શોષણ કરી નાખે છે. આવો પ્રભાવ શ્રીવલ્લભાગ્નિના મધુર પ્રેમ સ્પર્શનો છે.

વાસનાનો નાશ થતાં આપણું હૃદય શુદ્ધ આવરણ વગરનું બને છે. ત્યારે પ્યારા વલ્લભના વિયોગની અગ્નિ પ્રજ્વલિત થઈ જાય છે. આ વિરહાગ્નિમાં મધુર દર્દ ભરેલું છે, જેની સમાનતા સંયોગના કોટિ કોટિ સુખો પણ કરી શક્તા નથી. તેમ

જ્યારે પ્રેમાગ્નિથી વાસનાનો નાશ થઈ જાય છે ત્યારે એક પ્રાણવલ્લભ જ આપણા હૃદયમાં રહેલ હોય છે. અથવા આપણે દિવ્ય પ્રેમ રાજધાનીમાં વિચરવા લાગ્યા. આપણા લૌકિક જીવનનો શ્રીવલ્લભના પ્રેમના સ્પર્શથી એક ક્ષણમાં જ પલટો થઈ ગયો. આવા દિવ્ય પ્રભાવથી ભરેલો આપણા પ્રાણવલ્લભનો પ્રેમ છે. આ દિવ્ય પ્રેમનો સ્પર્શ થયા પછી આપણી જે સ્થિતિ થાય છે તે આગળ કહે છે :

હરિ છબિ હવી આહૂતિ, હિયે જેમ જેમ લાગત જાય ।
પ્રેમાનલ તેમ તેમ અધિક, અધિકાધિક પ્રગટાય ॥

અગ્નિમાં જેમ જેમ ઘીની આહૂતિ દેવાય તેમ તેમ અગ્નિ વધતો જ જાય છે. તેવી રીતે આપણા પ્રાણ વલ્લભના ધ્યાનમાં જે પ્રેમ પ્રગટ થઈ જાય છે, તે પ્રેમની આહૂતિ પ્રાણવલ્લભના વિરહરૂપી અગ્નિમાં દેવાતી રહે છે. આપણા હૃદયમાં પ્રાણવલ્લભના વિયોગની અગ્નિ છે, તેથી આપણું હૃદય વિરહાગ્નિની વેદી સમાન છે. તેમાં જેમ જેમ પ્રિયના પ્રેમની આહૂતિ દેવાય છે તેમ તેમ પ્રેમાગ્નિ વધતો જ જાય છે. આનો અર્થ એમ સમજવો કે, શ્રી વલ્લભનો પ્રેમ અને આપશ્રીનું સ્વરૂપ મધુર અગ્નિનું જ હોવાથી શ્રીવલ્લભના સૌન્દર્ય પાનથી અતૃપ્તિ જ વધતી જાય છે. આ અતૃપ્તિમાં દિવ્ય પ્રેમના વિવિધ સ્વાદવાળા અનંત પ્રવાહોનો સમાવેશ થઈ જાય છે અને આ પ્રેમાગ્નિથી આપણું હૃદય પ્રાણવલ્લભમાં રહેલા મહાસાગર જેવા પ્રેમને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થઈ જાય છે. ત્યારે આપણા હૃદયમાં શ્રીવલ્લભસ્થાયી બિરાજે છે, અને તે સ્વરૂપથી આપણી તદાત્મકતા થાય છે.

હવે આ દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરવામાં જે વિઘ્નો છે તેનું વર્ણન કરવામાં આવે છે.

પ્રેમામૃત પીવા ચાહે, કરે વિષયથી નેહ ।
વિષ વ્યાપે બાળે હૃદય, કરે જર્જરીત દેહ ॥

પ્રભુ પ્રેમની ઈચ્છા અને જગત વિષયની ઈચ્છા બન્ને સાથે રહી શક્તા નથી. પ્રેમીજન માટે જગતના વિષયો તેમજ દેહના સુખ માટેના વિષયો વિષ સમાન છે. તે વિષયો રૂપી વિષ પ્રભુ પ્રેમ રૂપી અમૃત ભેળવીને પાન કરવાથી હૃદયમાં વિષ વ્યાપે છે, અને હૃદયને દગ્ધ કરે છે, તેમજ દેહને રોગી બનાવે છે. દૈવીજીવ પ્રભુ પ્રેમના અનુભવ માટે જ સર્જાયેલો છે. તે જો વિષયમાં પ્રીતિ કરે તો પ્રેમદેવ તેને વિષયોમાં સુખ થવા દેતા નથી. તેથી તેનું હૃદય જલ્યા કરે છે. આથી આપણા દેહના સુખના વિષયોને અને ઈન્દ્રિયોથી ભોગવતા જગતના વિષયોને સમજીને

ત્યાગ કરતા જવાનો હોય છે. વિશુદ્ધ પ્રેમી પાત્રે તો ભૂતલના આલૌકિક આનંદોને પણ છોડવાના જ હોય છે. કારણ કે વિશુદ્ધ પ્રેમ તો સર્વ ત્યાગપૂર્વક વિરહાનુભવમાં ડૂબ્યા રહેવાથી મેળવી શકાય છે. એટલે લૌકિક અને ભૂતલ સંબંધી ભૌતિક અધ્યાસ વાળા અલૌકિક વિષયોનો વલ્લભના પ્રેમીજનોએ ત્યાગ કરવાનો છે.

મન વિષયોમાં રમી રહે, કરે પ્રેમની બાત ।
એ મીથ્યા વાદી સદા, કરે જીવનની ઘાત ॥

આપણે પ્રભુ પ્રેમની ઈચ્છા કરીએ અને આપણું મન પ્રિય સ્વરૂપના ધ્યાન વિના બીજા લૌકિક-અલૌકિક વિષયોમાં વિચરતું રહે અને ત્યાં સ્વલ્પ આનંદનો અનુભવ કરી સ્વસ્થ રહે તો પ્રભુ પ્રેમની આપણે મીથ્યા જ વાતો કરીએ છીએ, નિશ્ચય માનવું જોઈએ. આવું જીવન આપણા દિવ્ય પ્રેમમય જીવનનો ઘાત કરનારું છે. તેથી ઉપરોક્ત બન્ને પ્રકારના અલ્પ આનંદોમાંથી મનને નિવૃત કરવું જોઈએ. ભલે દુ:ખના ડુંગરા ટૂટી પડે અને પ્રિય વિયોગનો દાવાનળ સળગી ઉઠે અને ભલે પ્રિયતમના પ્રેમની એક બિન્દુનો પણ સ્વાદ ન મળ્યો હોય તો પણ પ્રિયતમમાંથી આપણા મનને અલગ ન કરવું. પ્રાણવલ્લભઃ માટેનું મહાન દુ:ખ પ્રેમીજન માટે મહાન સુખ છે પણ પ્રિયના સિવાય બીજા મહાન સુખો નરક જેવા પ્રેમીજન માટે દુ:ખ દાઈ છે તેથી જ કહ્યું છે કે -

તીન લોકકી સંપદા, ઈન્દ્રભવન કો રાજ।
પ્રેમી તાહી તૃણ સમ ગીને, એક પ્રેમ કે કાજ॥

ત્રણ લોક એટલે આ સમગ્ર દુનીયાના જેટલા સુખો છે તે, અને ઉપરના દેવતાના લોકના છે તે અને પાતાલ લોકના સુખો છે તે આ ત્રણે લોકના સુખોને પ્રભુ પ્રેમીજન ઘાસના તણખલા સમાન તુચ્છ ગણે છે. દિવ્ય પ્રેમની જેણે કદર કરી લીધી છે તે ત્રણે લોકના સુખોને ઠોકર મારી દિવ્ય પ્રેમની એક બિન્દુ માટે વિરહમાં ઝૂરતો હોય છે.

પ્રેમ પંથ પર પગ ધરે, કરે જગતનો સોચ ।
તેનું મન અતિ મલિન છે, રાગ દ્વેષ સંકોચ ॥

પ્રભુ પ્રેમના પંથ ચાલતા જો જગતની યાદ છે તો આપણું મન હજુ મલીન છે. પ્રિયતમ સિવાય બીજામાં જે રાગ છે તે જ મનનું મેલાપણું છે. બીજામાં રાગ અને દ્વેષ આ બન્ને પ્રેમ મારગમાં બહુ જ ઘાતક છે. મનના મોહથી

જ બીજામાં રાગ થાય છે. અને આ રાગ થયા પછી તેના દોષો જોવાથી દ્વેષ થાય છે. આમ રાગ અને દ્વેષની ઝાળમાં આપણું આસુરી મન ફસાવી પ્રેમ મારગથી પતન કરે છે. પ્રેમીજનોએ સાધનદશામાં પોતાના આસુરભાવના આદેશ વાળા મનથી બહુ જ સાવધાન રહેવાનું છે. જ્યાં સુધી આપણું મન પ્રિયતમના સ્વરૂપ સૌન્દર્ય પાનમાં પરવશ ન બની જાય, ત્યાં સુધી દુષ્ટ મનનો વિશ્વાસ ન કરવો.

મન પંખી તબ લગ ઉડે, વિષય વાસના માહી ।
પ્રેમ બાજકી ઝપટ મેં, જબ લગ આયો નાહી ॥

પ્રાણ વલ્લભના સૌન્દર્યની ઝાલમાં મન પંખી જયાં સુધી ફસાયું નથી, ત્યાં સુધી બીજા અનેક વિષયોમાં વિચરતું રહે છે. તેનો વિશ્વાસ ન કરવો. એટલે જ્યાં સુધી પ્રાણવલ્લભના સૌન્દર્યનો અનુભવ કરી તેમાં મન પરવશ નથી બન્યું, ત્યાં સુધી લૌકિક અલૌકિક માયાના મોહમાં નહી ફસાવું. આવા સમયે લૌકિક અલૌકિક બધીય પ્રવૃતિ છોડીને એકાન્તમાં સ્વરૂપ ધ્યાનમાં ગુણગાનમાં મનને જોડી રાખવું. આપણી સાધન દશામાં ગૃહસ્થીમાં રહેવાનું હોય છે. પણ જેમ મુસાફર મુસાફરખાનામાં ટીકીટ લઈને ટ્રેનની રાહ જોતો હોય છે, તેમ આપણે ગૃહસ્થના અનાસ્કત થઈને અને ગૃહસ્થી સહિત આ દષ્યમાન જગતને મુસાફરખાના જેવું સમજીને લીલાધામમાં જવાનું લક્ષ બનાવી રાખવું. દિવ્ય જગતની સતત યાદ આ દશ્ય જગતને મુસાફરખાના જેવુ બનાવી દે છે. એટલે કે ગૃહસ્થીમાં અને જગતમાં રંચક પણ આસક્તિ વગરનું મન બની જાય છે. આગળ કહે છે :-

પ્રેમ સિન્ધુ કુદતા ડરે, કરે જગતની યાદ ।
તે ડૂબે ભવ સિન્ધુમેં, જીવન કરી બરબાદ ॥

પ્રિયતમ શ્રીવલ્લભ દિવ્ય પ્રેમના સિન્ધુરૂપ છે. તેમાં કૂદી પડવામાં આપણું આસુરભાવના આવેશવાળું દુષ્ટ મન કબુલ કરતું નથી, કારણ કે તેનો તો પ્રાકૃત જગતના વિષયો પ્રિય છે. પ્રભુમાં તેની પ્રીતિ નથી, એટલે જગત વિષયોમાં લલચાવી વિષય સાગરમાં ડૂબાવી આપણા દિવ્ય જીવનને બરબાદ કરે છે. તેથી આપણી સાધન દશામાં દુષ્ટ મનથી ઘણું જ સાવધાન રહેવાનું છે. જ્યાં સુધી આપણા ભૌતિક દેહના-પ્રાણના-ઈન્દ્રિયોના અન્તઃ કરણના અધ્યાસો છૂટ્યા નથી અને દેહ તથા દેહના સંબંધી પરિવાર અને જગત પ્રપંચ દેખાયા કરે છે ત્યાં સુધી આપણી સાધન દશા જાણવી.

દંભી દ્રોહી સ્વારથી, વાદી માની પાંચ ।
એ ખલ કદી ન સહી શકે, પ્રેમ અનલ કી આંચ ॥

"દંભી" એટલે હૃદયમાં પ્રભુ પ્રત્યે સાચો પ્રેમ ધરાવતો ન હોય, અને જગતમાં પ્રભુભક્ત તરીકે પોતાને બતાવતો હોય, તેને દંભી કહેવાય. "દ્રોહી" એટલે પોતાના દિવ્યજીવનને વેડફી નાખે, પોતાનું અહિત કરે તે "દ્રોહી" કહેવાય. "સ્વારથી" એટલે પ્રિયપ્રભુથી પોતાના સુખની ઈચ્છા કરવી તેને સ્વારથ કહેવાય. "માની" એટલે બીજાથી માનની અપેક્ષા રાખવી. આપણી કોઈ બડાઈ કરે અને તેમાં ફુલાઈ જઈએ, અને ફરીને માનની ઈચ્છા કરીયે તે 'માન' કહેવાય. "વાદી" એટલે મારૂં સાચું તારૂં ખોટું તેનો વાદ વિવાદ કરવો તે 'વાદી' કહેવાય. આ પાંચ પ્રકારો પ્રેમની અગ્નિને સહન કરી શક્તા નથી. 'પ્રેમની અગ્નિ' એટલે પ્રાણવલ્લભ સિવાય સર્વનો ત્યાગ, આ ત્યાગને અગ્નિ કહેવાય છે. તે ઉપર કહેલા પાંચો પ્રકાર જેનામાં હોય તેનાથી ત્યાગ થઈ શક્તો નથી. આ પાંચેય મનમાં જ રહેલા છે. તેથી આપણી સાધન દશામાં મનનો વિશ્વાસ કરવો નહીં. આપણા મનમાં આ પાંચ શત્રુઓ પેઠેલા હોય તો તેને દગ્ધ કરી દેવા. અગ્નિ સ્વરૂપ શ્રી વલ્લભવરની સન્મુખ સતત રહેવું ન પેઠેલા હોય તો પેઠી ન જાય તેની સાવચેતી રાખવી, આપણું આસુર ભાવના આવેશ વાળુ મન ઘણું બલવાન છે. આપણી ઈચ્છા ન હોવા છતાં બલાત્કારે પ્રાકૃત વિષયોમાં આપણને ખેંચી જાય છે. જેથી જેમ બને તેમ બીજા સંગો છોડી એકાન્તમાં પ્રિયના સ્વરૂપનું વિયોગ વ્યથા સહિત ધ્યાન-સ્મરણ અને ગુણગાન કરતા રહેવું. મનની મલીનતા જે અનેક વિષયોથી બની ગઈ છે, તે ધ્યાન - નામ સ્મરણ અને સર્વોત્તમજીના યશોગાનથી ધોવાતી જાય છે, અને મનને પ્રાકૃત વિષયો નહીં મળવાથી નિર્બળ બનતું જશે. એક તરફ ધ્યાન સ્મરણાદિથી મન નિર્બળ બને છે અને બીજી તરફ આત્માનુ બલ વધતું જાય છે. જ્યાં સુધી પ્રેમ સિન્ધુ પ્રાણવલ્લભના સ્વરૂપ સૌન્દર્ય પાનમાં આપણું મન ડૂબી ન જાય, ત્યાં સુધી બહારની પ્રવૃતિઓનો ત્યાગ કરી દઢતા પૂર્વક પ્રાણવલ્લભના સ્વરૂપમાં જોડી રાખવું. બહારની પ્રવૃત્તિઓ બંધ થતા મનની અને ચિત્તની વૃત્તિઓ પ્રિયતમના સ્વરૂપમાં પ્રવેશ કરે છે. તે સમયે જેમ હિમાલય પર્વતમાંથી અનેક ઝરણાઓનો પ્રવાહ શ્રીગંગાજીમાં ભળે છે,

મનની બધી વૃત્તિઓ પ્રાણવલ્લભના સ્વરૂપમાં જોડાય છે.

હવે આ દિવ્ય પ્રેમ પ્રાપ્ત થયા પછી પ્રેમીજનની જે સ્થિતિ બને છે તેનું વર્ણન કરે છે.

જે નયને હેરે સદા, હરિ મૂરતિ સહુ ઠોર ।
તેને ચિત્ત કદી ના વસે, કામ-મોહ-મદ-ચોર ॥

જ્યારે આપણું મન જગત વિષયોને છોડીને પ્રિયતમના સ્વરૂપામૃત સ્વાદમાં ડૂબે છે. ત્યારે પ્રિયતમનું સ્વરૂપ આપણા નેત્રોમાં વસી જાય છે. ત્યારે જ્યાં જ્યાં નજર જાય છે ત્યાં ત્યાં પ્રાણવલ્લભનું સ્વરૂપ જ દેખાયા કરે છે. આ સમયે આપણા દિવ્ય પ્રેમ ધનને લૂંટનારા જગત વિષય રૂપી કામ-મોહ-મદ વિગેરે ચોરો આપણી નિકટ આવી શક્તા નથી.

જે હૈડું નિત્ય હસી રહ્યું, હેરી હેરી હરિ રૂપ ।
કદી ન તે પલટી પડે, શોક રૂપ ભવ કૂપ ॥

પ્રાણવલ્લભમાં મન પરવશ બન્યા પછી આપણી દુનિયા પલટાઈ જાય છે. એટલે કે પ્રિય વલ્લભના પ્રેમથી આપણું મન તરબોળ (પ્લાવીત) રહે છે. પ્રિયના સ્વરૂપના સર્વત્ર દર્શન કરી સુધાપાન કરતું રહે છે. તેથી શોકરૂપી કૂપમાં પડવાનું રહેતું નથી. જ્યારે પ્રેમસુધામૃત અનુભવાય છે ત્યારે કોઈપણ પ્રકારનો શોક રહેતો નથી. જ્યાં જોવે ત્યાં પ્યારા વલ્લભને જ જોયા કરે, તેથી તેને દુઃખનો અનુભવ કરવો પડતો નથી. વિયોગ સમયે સર્વત્ર પ્યારાના ભાવાત્મક સ્વરૂપના માનસી દર્શન કરીને, લાવણ્યામૃત સુધાનું પાન થતું જ રહે છે, તેથી વિયોગના અનુભવમાં પણ દુઃખ રહી શક્તું નથી.

જે ચિત્ત નિત્ય ચિંતન રમે, નયન રમે છબી શ્યામ ।
વાણી ગુણ વર્ણન રમે, વલ્લભ સદા તે ઠામ ॥

જેના ચિત્તમાં પ્રિય વલ્લભના સ્વરૂપનું નિત્ય ચિંતન (ધ્યાન થઈ રહ્યું છે. અને નેત્રોમાં પ્રાણવલ્લભનું સ્વરૂપ રમ્યા કરે છે અને આપના સ્વરૂપ સૌન્દર્યનો અનુભવ કરી વાણી તેના સૌન્દર્યનું જ ગાન કરી રહી છે. તેવા પ્રેમીજનના હૃદયરૂપી નિકુંજ મહેલમાં, પ્યારો વલ્લભ સદા બિરાજી રહેલ છે. આ પ્રાણવલ્લભનું સ્વરૂપ વિપ્રયોગ ભાવાત્મક છે. તેજ મૂલ પરબ્રહ્મ સ્વરૂપ કહેવાય છે અને અગણિતાનંદનો અનુભવ પણ આજ સ્વરૂપથી થાય છે. તેમ દઢ વિશ્વાસ રાખવો. અહી વિશ્વાસ

રાખવો એમ કહેવાનું કારણ એ છે કે, શ્રીવલ્લભના પ્રેમીજનોમાં વલ્લભ પ્યારાનું ભાવાત્મક સ્વરૂપ તેના હૃદયમાં બિરાજે છે. આ સ્વરૂપ મૂલ આત્મરૂપ હોવાથી અને સુધાનું સ્વરૂપ હોવાથી આપણા હૃદયરૂપી પાત્રમાં જ રહી શકે છે. જેમ પ્રવાહી વસ્તુ પાત્રમાં જ રહે. આધાર વિના પ્રવાહી વસ્તુ ન રહે, તેમ આપણા હૃદયરૂપી પાત્રમાં પ્રેમ-સુધા સ્વરૂપ શ્રીવલ્લભ ભાવાત્મક સ્વરૂપે બિરાજે છે. આ સ્વરૂપ બહારના પ્રગટ સ્વરૂપ જેવું સાકાર આપણા, હૃદયને આધાર બનાવી ભાવાત્મક સ્વરૂપથી હૃદયમાં જ બિરાજે છે. તે માટે ભાવાત્મક સ્વરૂપમાં વિશ્વાસ રાખવો.

જે મત વારા થઈ રહ્યા, કરી પ્રેમ રસ પાન ।
તેને કંઈ ન કરી શકે, વેદ પુરાણ કુરાન ॥

પ્રિયતમના સૌન્દર્ય લાવણ્યનું પાન કહી જે મત્‌દશા ભોગવી રહ્યા છે તેને શાસ્ત્રોના કાયદા બંધન કરી શક્તા નથી. પ્રેમદેવીઓ શ્રી ગોપીજનો પ્રેમ સુધા પાનથી મત્‌વારી થઈને કહી રહ્યા છે.

કેસે કીજે વેદ કહ્યો ।
હરિમુખ નિરખત વિધિ નિષધકો, નાહીન ઠોર રહ્યો ॥
દુ:ખકો મૂલ સ્નેહ સખીરી, સો ઉર પેઠ રહ્યો ।
"પરમાનંદ" પ્રેમ સાગર મેં પર્યો, સો લીન ભયો ॥

આ કરવું જોઈએ, આ ન કરવું જોઈએ એવા શાસ્ત્રના કાયદાઓ શ્રી ગોપીજનોના હૃદયમાંથી પલાયન થઈ ગયા, કારણ કે શ્રીવલ્લભ પ્યારાના શ્રીમુખ સૌન્દર્યનું પાન જેણે કર્યું. તેને તો શાસ્ત્રના કાયદાનું સ્મરણ પણ રહેતું નથી.

પ્રિયના શ્રીમુખ લાવણ્યામૃત પાનથી તૃપ્તિ જ થતી નથી. આ અતૃપ્તિની જ્વાલાઓ જ્યાં જલતી હોય, ત્યાં શાસ્ત્રોના કાયદા કયાં રહી શકે ? દિવ્ય પ્રેમના સાગર સ્વરૂપ પ્રિયતમના સ્વરૂપ લાવણ્યામૃત પાનમાં જે ડૂબી ગયા છે, તેને બીજુ કંઇ જ્ઞાન જ રહી શકતું નથી. તેથી વેદ પુરાણ કે કુરાન પ્રેમમત્ત દશાવાળાને કંઈ જ કરી શકતા નથી. પ્રેમીજનો તો કેવલ પ્રભુની સાક્ષાત્‌ સેવા માટે જ પ્રગટ કર્યા છે. પ્રેમીજનોનું જીવન પ્રભુના સુખાર્થે જ છે, નહી કે અન્ય માટે. પ્રેમીજનો રાજમહેલમાં ઝનાના ના અધિકારી છે એટલે પ્રભુની પ્રિયતમાઓ છે તેને પ્રજાના કાયદા કેમ લાગુ પડે ? શાસ્ત્રોના કાયદા પ્રવાહ

અને મર્યાદા જીવો માટે રચાયા છે. પ્રેમીજનો માટે નહીં. પ્રભુ સદા દિવ્ય પ્રેમથી વિલાસ કરે છે અને દિવ્ય પ્રેમના પાત્રો પ્રેમીજનો છે. આ પ્રેમીજનોથી ભગવાનનો પ્રેમ વિલાસરૂપી ભોગ સિધ્ધ થાય છે. એટલે કે દિવ્ય પ્રેમને ધારણ કરનાર પ્રેમીજનો ને ભગવાને પોતાના વિલાસ સુખ માટે જ પ્રગટ કર્યા છે, તેથી શાસ્ત્રોના કાયદા તેમને લાગું પડતા નથી.

અમર બન્યા જે નર, સુઘડ પ્રેમ સુધા કરી પાન ।
તેનું હૃદય ન તપી શકે, ભલે કામ બળવાન ॥

"કામ" પ્રેમીજનોનો જાલીમ દુશ્મન છે. પ્રેમદેવ પ્રભુ પાસે પહોંચવામાં કામ અનેક વિઘ્નો ઉત્પન્ન કરતો રહે છે. 'કામ' એટલે પ્યારા વલ્લભના રૂપ સૌન્દર્યના પાન વિના બીજા માટેની ઈચ્છા થવી તેનું નામ કામ છે. આ બળવાન દુશ્મન પ્રાણવલ્લભના રૂપ સુધાનું પાન કરી અમર બનેલા પ્રેમીજનને કંઈ જ કરી શક્તો નથી.

ચિત શિતલ જે થઈ ચૂક્યું, પ્રેમ વારી ભરપૂર ।
જગની સૌ જવાલા રહે, તેનાથી અતિ દૂર ॥

દિવ્ય પ્રેમરૂપી જલથી જેનું ચિત્ત શિતલ થઈ ગયું છે. અથવા દિવ્ય પ્રેમ સાગરના પ્રવાહની જેમ જેના ચિત્તમાં વહેતો હોયછે. તેનાથી જગતની બધી ઉપાધિ ઘણી દૂર રહી આવે છે. જેમ જલ ભરેલા સરોવરમાં અગ્નિ શાંત થઈ જાય છે. તેમ પ્રેમ રૂપી જલ જેના ચિત્તરૂપી સરોવરમાં ભરેલું છે, તેને જગતની અને પોતાની પ્રાકૃત દેહની ઉપાધીઓ સ્પર્શ કરી શક્તી નથી. અગ્નિમાં જલ પડે તો અગ્નિ બુઝાઈ જાય છે. તેમ દિવ્ય પ્રેમનો પ્રવાહ જે પ્રેમીના ચિત્તમાં વહેતો હોય છે, તેને દેહની અને દેહના સંબંધવાળા જગતની ઉપાધિ તપાવી શક્તી નથી.

પ્રેમ સુધા સિંચન થતાં, અમર બન્યું વિજ્ઞાન ।
સકલ વિશ્વ પ્રેમમય બન્યું, મટયું જ્ઞાન અજ્ઞાન ॥

પ્રાણવલ્લભના સ્વરૂપ ધ્યાનથી જે પ્રેમ સુધાની ધારાનું સિંચન હદયમાં થઈ રહ્યું છે, તેવા પ્રેમીજનને સકલ વિશ્વમાં પોતાના પ્રિયતમના સ્વરૂપ સિવાય બીજું કંઈ જ દેખાતું નથી. સદા સર્વદા અંખડ પોતાના પ્રિયને જ સર્વત્ર દેખ્યા કરે છે. આનું નામ જ પ્રેમનું જ્ઞાન છે અથવા પ્રેમીજનોનો સર્વાત્મભાવ કહેવાયછે. જગતના માનવીઓમાં અને સ્થુલ પદાર્થોમાં પોતાના પ્રિયને આત્મારૂપે જોવો તેવું જ્ઞાન થઈ

પ્રેમીઓનું નથી, પરંતુ પોતાના પ્રિયપ્રભુના જ સાક્ષાત્ (ભાવાત્મક) સ્વરૂપને સર્વત્ર જોવું તેને પ્રેમનું જ્ઞાન કહેવાય છે, અથવા આ પ્રેમીજનો પોતાની દુનિયા પોતાના પ્રિયતમ મય નિરાલી જ બનાવે છે કે, જ્યાં પોતાના પ્રિય સિવાય બીજું કંઈ જ દેખાતું નથી. પ્રેમીજન જ્યારે પોતાની દુનિયા પ્રિયપ્રભુમય બનાવે છે, ત્યારે આ પ્રેમીજનનો દિવ્ય પ્રેમ રાજ્ય પર વિજય ધ્વજ ફરકવા લાગે છે. આ પ્રેમીએ દિવ્ય પ્રેમ રાજ્ય પર વિજય મેળવ્યો છે. ગોપીજનોએ આવો વિજય મેળવ્યો હોવાથી કહ્યું- "ગીપી પ્રેમકી ધ્વજા"

પ્રેમ જ્વાલા ઉઠતા, જલ્યું જગનું જાહેર રૂપ ।
થયા તિરોહિત રૂપત્રય, રહ્યું એક હરિ રૂપ ॥

જેમ નિભાડાની અગ્નિમાં માટીનું વાસણ પાકે છે ત્યારે તેનું રૂપ પલટાઈ જાય છે. તેમ દિવ્ય પ્રેમની મધુર અગ્નિમાં આપણું ભૌતિક સ્વરૂપ તિરોહિત થઈ જાય છે અને દિવ્ય સ્વરૂપ પ્રગટ થઈ જાય છે. 'જગનું જાહેર રૂપ' એટલે જગતમાં દેખાતું આપણું ભૌતિક સ્વરૂપ જે દેહ છે તેને દિવ્ય પ્રેમની જ્વાલાઓ (વિરહાગ્નિ) જલાવે છે. એટલે ભૌતિક દેહના ભૌતિક ભાવોને ભસ્મ કરી અલૌકિક દિવ્ય દેહના દિવ્ય જીવનને પ્રાપ્ત કરાવે છે. ત્યારે સર્વત્ર પ્રિય પ્રભુના સ્વરૂપનો જ અનુભવ થાય છે. અને પ્રેમીજનના દિવ્ય સ્વરૂપની રોમ રોમમાં પ્રિયતમે નિવાસ કર્યો હોય છે. આપણા દિવ્ય સ્વરૂપનું પ્રત્યેક રોમ પણ પ્રિયતમને બિરાજવાની નિકુંજ છે. આપણે આપણા દિવ્ય સ્વરૂપને ભૂલિ ગયા છીએ. જેમ ચૌદલોકનું બ્રહ્માંડ બ્રહ્માજીએ રચેલું છે. તેમ આપણું દિવ્ય સ્વરૂપ મધુર પ્રેમનું બનેલું બ્રહ્માંડ છે અને ચૌદલોકમાં અનેક મનુષ્યો અને દેવતાઓ રહે છે, તેમ આપણા દિવ્ય સ્વરૂપ રૂપી બ્રહ્માંડમાં આપણા અને આપણા પ્રાણવલ્લભના અનંત સ્વરૂપો રહેલા છે. આ આપણા દિવ્ય સ્વરૂપે આપણું સ્વતંત્ર રચેલું બ્રહ્માંડ છે. તેમાં આપણા દિવ્ય સ્વરૂપો અને પ્રિયતમના સ્વરૂપો સિવાય બીજા કોઈ ઈશ્વરનો દેવતાઓનો તેમાં પ્રવેશ નથી.

પ્રેમ પયોદધિ જે ડૂબ્યો, બન્યો પ્રેમનું રૂપ ।
પ્રેમ અદ્વૈત તેને કહે, રહે ન ભિન્ન સ્વરૂપ ॥

આપણા પ્રાણવલ્લભનું સ્વરૂપ પ્રેમ સુધાના સાગર રૂપ છે. તેમાં આપણે ડૂબીયે ત્યારે પ્રેમ સુધાના સાગરરૂપ જ બનીએ છીએ. આ સમયે આપણું દિવ્ય સ્વરૂપ અને પ્રિયનું દિવ્ય સ્વરૂપ જુદા જુદા દેખાતા નથી, પણ પ્રેમ સુધાના સાગરરૂપ

ગયા હોય છે. આપણું અને પ્રિયનું સ્વરૂપ તો રહે જ છે, પરન્તુ મદિરાપાનનો નશો ચઢી ગયેલાને જેમ પોતાનું ભાન રહેતું નથી અને નશામાં ચકચૂર ડૂબેલો રહે છે, તેમ આપણું દિવ્ય સ્વરૂપ પ્રેમ સુધાના સાગર જેવા પ્રિયતમના સ્વરૂપમાં તાણાવાણા થઈ ગયેલા હોય છે. તેથી પ્રેમ સુધાના મધુર સ્વાદના નશામાં આપણા સ્વરૂપને અને પ્રિયના સ્વરૂપને ભૂલાય જાય છે અને ફક્ત પ્રેમ સુધા સ્વાદનો જ અખંડ નશો બન્યો રહે છે. આ વિશુદ્ધ પ્રેમનું શિખર છે. આપણે આ લક્ષ સ્થાને પહોંચવાનું છે. આ સ્થિતિએ પ્રિય પ્રાપ્તિના બધાય સાધનો સમાપ્ત થઈ જાય છે. અથવા આપણી સિધ્ધ દશા બનેલી હોવાથી હવે કાંઈ કરવાનું બાકી રહેતું નથી. ફક્ત સુધાના મધુર સ્વાદનો જ અનુભવ અખંડ રહી આવે છે.

હે આલિ ! આપણા પ્રાણવલ્લભ મહાન ઉદાર છે. પોતાના પ્રિય પાત્રોને પોતાની સમાન બનાવી સુધાના મહાસાગરમાં ડૂબાવી દે છે. તેમાં જ આપની મહોદારતા રહેલી છે. સંયોગ દલના પ્રેમી ભક્તોને તો આ પ્રેમ સુધાનો ક્રિયા દ્વારા અનુભવ થાય છે. તેમાં પણ સંયોગ પછી વિયોગ દુ:ખનો અનુભવ કરવો પડે છે. શ્રી વલ્લભ પોતાના પ્રેમીજનને અગણિત સુધા સ્વાદમાં ડૂબાવે છે. શ્રી અગ્નિકુમારે પ્રાણવલ્લભનું નામ - ''અદેય દાન દક્ષશ્ચ'' મહોદાર ચરિત્રવાન કહેલ છે. 'અદેય' ન દઈ શકાય તેવું દાન તો આપણા પ્રાણવલ્લભનું સ્વરૂપ છે. શ્રી વલ્લભે પુષ્ટિ સૃષ્ટિમાં શ્રીજીના સ્વરૂપનું દાન કર્યું છે, પણ પોતાના સ્વરૂપનું દાન તો આપના અત્યંત લાડીલા ભક્તોને જ કર્યું છે. તેમાં શ્રીદમલાજી મુખ્ય છે. શ્રીદમલાજીમાં વિરહાનલ વલ્લભના કોટાન કોટિ સ્વરૂપોનો વિલાસ છે, અને શ્રી દમલાજીને જ વશ છે. "ઔર ભક્ત બહોત હૈ મેં તેરે વશ હું" એમ શ્રીવલ્લભ શ્રીમુખથી આજ્ઞા કરતા. શ્રીવલ્લભ દમલાજીને વશ હોવાથી શ્રીવલ્લભ સ્વરૂપનું દાન શ્રીદમલાજીને હાથ છે. શ્રીદમલાજી દ્વારા પ્રભુદાસ જલોટાજીને અને શ્રીપદ્મનાભદાસજીને શ્રીવલ્લભ સ્વરૂપનું દાન થયું છે અને શ્રીગુસાંઈજીને પણ શ્રીવલ્લભ સ્વરૂપનું દાન શ્રીદમલાજી દ્વારા જ થયું છે. દામોદર સંભરવાળાને ત્યાં દમલાજી પધાર્યા હતા, છતાં દામોદરદાસ સંભરવાળાને શ્રીવલ્લભ સ્વરૂપનું દાન ન કર્યું. આ પ્રસંગથી નિશ્ચય થાય છે કે શ્રી વલ્લભ સ્વરૂપનું દાન શ્રી દમલાજીને હસ્ત છે.

જે પાગલ હરિ પ્રેમના, તેના દિલ ભગવાન ।
પાપ તાપ કંઈ ના રહે, નાશે ભરમ તમામ ॥

જ્યાં પ્રેમ ત્યાં પ્રભુ. દિવ્ય પ્રેમ એ જ પુષ્ટિ ભગવાનનું સ્વરૂપ છે. આ પ્રેમમાં જે પાગલ થયા છે તેના હૃદયમાં પ્રેમદેવ શ્રીવલ્લભ બિરાજી રહ્યા છે. જેમ જલમાં શિતલતાનો ગુણ સાથે જ રહે છે. અગ્નિમાં ઉષ્ણતા સાથે જ રહે છે તેમ પુષ્ટિ ભગવાન અને દિવ્ય પ્રેમ સાથે જ ઓતપ્રોત થઈને રહે છે, તેને જુદા કરી શકાતા નથી. તેથી હૃદયમાં દિવ્ય પ્રેમ જ્યારથી પ્રગટ થયો, ત્યારથી જ ભગવાન પ્રેમીજનના હૃદયમાં પ્રેમબંધનથી વશીભુત થાય છે. પ્રેમીપાત્રોમાં અરસપરસ વશીભુત થઈને રહેવામાં જ પરમ સુખ માનેછે. પરમ સુખનો અનુભવ કરેછે. પ્રિયતમના સતત ધ્યાનથી પ્રિયપાત્ર રૂપ બની જવું અને પોતાના નામરૂપને ભૂલી જવું તેનું જ નામ પ્રિયને વશ થયાનું કહેવાય. આવી વશીભૂતતા અરસ પરસ પ્રેમીઓમાં રહેલી છે. અર્થાત આવા પ્રકારની વશીભૂતતાનું જ નામ સ્વતંત્રતા છે. આ દિવ્ય પ્રેમ રાજ્યના બધાય નિયમો ઉલટા છે. આ રાજ્યમાં પોતાના પ્રિયપાત્રથી હાર માનવામાં જીત રહેલી છે. જેમાં અસીમ પ્રેમ રહેલો હોય છે તે જ પોતાના પ્રિયપાત્રથી હારેલા રહે છે. પ્રેમીજનની પ્રસન્નતા એ જ પ્રેમીજનની જીત છે. એટલે પ્રેમી પોતાના પ્રિયપાત્રને આધીન થઈને તેની જીત કરાવી પ્રસન્ન રહે છે. પ્રેમ રાજ્યમાં અસત્યમાં સત્ય રહેલું છે. જેમ કે ભગવાન નંદરાજકુમાર શ્રી ગોપીજનોના પ્રેમને પોષવા ખોટું બોલે છે. એક વખત શ્રી સ્વામિનીજી પ્રિયના વિયોગને સહન નહીં કરવાથી બરસાનાથી નંદગામ પધારે છે. નંદભવનની પાછળ રહીનંદકુમારને બોલાવે છે. આ સમયે શ્રીઠાકુરજી કલેઉ કરવા બિરાજી રહ્યા હતા. તે સમયે નંદાલયની પાછળથી શ્રીસ્વામિનીજીના અવાજને સાંભળીને પ્રિયતમા મારા મિલન માટે તલસી રહેલ છે. તેમ સમજી માતાશ્રી યશોદાજીને ખોટું બોલી ભરમાવ્યા કે હે મૈયા ! એક ગૈયા વનમાં વિયાણી છે, તેને હું વનમાં છોડીને આવ્યો છું. મને અત્યારે યાદ આવ્યું. વનમાં કોઈ જાનવર તેના બાલકને નુકસાન પહોંચાડશે માટે મારે જલ્દી જવું છે. એમ ખોટી વાતમાં માતાજીને ફોસલાવી ભોજનનો ત્યાગ કરી રસિયા ઠાકોર પોતાની પ્રિયતમા પાસે પહોંચી ગયા. આવી રીતે પ્રેમમાર્ગની બધી ઉલટી રીત છે. પ્રેમદેવ હૃદયમાં પ્રગટ થતાં લૌકિક અલૌકિક બધાય સંતાપો દૂર થઈ જાય છે અને આસુરીમનથી ઉત્પન્ન થતા અનેક પ્રકારના ભ્રમો-શંકાઓનો પણ નાશ થઈ જાય છે. પ્રિયતમ મને મળશે કે નહીં. આવી શંકા પ્રેમીજનને ભારે પીડા ઉત્પન્ન કરે છે. આ શંકા પ્રેમદેવ હૃદયમાં પ્રગટ થતા અને તે પ્રેમના ઉન્મત્-દિવાના બનતા ટકી શક્તી નથી.

મોહનના મૃદુ હાસ્યને નિરખ્યું જેણે નેન ।
તે પ્રેમી સદ્‌ભાગીજન, છક્યો રહે દિન રેન ॥

મનનું હરણ કરે તેવા મૃદુ હસ્યવાળા પ્રિયવલ્લભને જેણે નેત્રોથી નિરખી લીધા તેના ભાગ્યની સરાહના થઈ શક્તી નથી. આવો પ્રેમીજન પ્રિયતમના અસીમ સૌન્દર્ય પાનના નશામાં છક્યો રહે છે. ભગવાન પુષ્ટિ પુરૂષોત્તમ પોતાની કરોડો કામદેવથી અધિક સૌન્દર્યતાથી વ્રજલલનાઓના મનનું હરણ કરી લે છે. તેવા ભગવાનના મનને પણ મોહ ઉત્પન્ન કરી તેમના મનનું હરણ કરનાર અતિ મોહન શ્રી વલ્લભ છે. ("સુરતહી દેખ અનંગ વિયોહિત તન મન પ્રાણ બિકૈયે હો") આવા શ્રી વલ્લભ સ્વરૂપનું મૃદુ હાસ્ય જે પ્રેમીજને નિરખ્યું તેના ભાગ્યનું વર્ણન કેમ કરી શકે ? પુષ્ટિ પ્રભુ પણ શ્રી વલ્લભ સ્વરૂપની રંચક છટાનો અનુભવ કરી છક્યા રહે, તેવા આપણા પ્યારા વલ્લભ છે તેનું મૃદુ હાસ્ય આપણે નેત્રથી ક્યારે નિરખશું, આવો તાપ ભાવ આપણા હૃદયમાં પ્રજ્વલીત રહેવો જોઈએ. આ તાપભાવ દિવ્ય છે તેમાં મીઠાશ રહેલી છે. લૌકિક તાપ દુઃખ દેનાર છે. તેવો આ પ્રભુ સંબંધી તાપભાવ નથી.

આઈ કહાં તે દિલકો કાંટો, કાઢ ન અરી હઠીલી ।
લગ્યો રહન દે લાગત વાકી, મીઠી કસક ચુંભીલી ॥

પ્રેમ રસાયન પાનથી, પ્રકટી સક્તિ અપાર ।
કામ ક્રોધ મદ લોભ અરિ ભાગ્યા સરહદપાર ॥

પ્રાણપ્રિય શ્રી વલ્લભની મૃદુ મુસ્કયાનમાં દિવ્ય પ્રેમ સુધાની ધારા વહે છે તેનું પાન નેત્રોથી જે પ્રેમીજને કર્યું, તેની ભીતર અપાર દિવ્ય શક્તિઓ જાગૃત થઈ જાય છે. આ દિવ્ય શક્તિઓ બધી પ્રેમરૂપ જ છે. આ શક્તિઓ પ્રેમીજના હૃદયમાં પ્રગટ થઈ જવાથી, હૃદયમાં રહેલા કામ-ક્રોધ-લોભ-મોહ-મદ રૂપી શત્રુઓ હૃદયભૂમિની સરહદ છોડી નાશી જાય છે. પ્રેમીજનનો મહાન શત્રુ "કામ" છે. આ કામરૂપ શત્રુ આપણને આપણા પ્રેમ રાજ્યમાં (લીલાધામમાં) પ્રવેશ કરવા દેતો નથી. એટલે કે પ્રિયતમના સૌન્દર્ય પાન સિવાય બીજા સુખના વિચારો ઉત્પન્ન કરી જગતના વિષયોમાં આપણને ભમાવ્યા કરે છે. આ રીતે કામરૂપી આપણા શત્રુને ઓળખી લઈ તેની ઈચ્છાઓને આધીન નહીં થવું. આપણા મનને પ્રિયતમના સ્વરૂપ

ધ્યાનમાં જોડી રાખવું. ત્યારે દિવ્ય પ્રેમ પ્રગટ થતાં અપાર શક્તિ આવેછે. આ શક્તિથી આપણા શત્રુઓ હારીને હૃદયમાંથી દૂર થઈ જાય છે. ફરીને હૃદયરૂપ ભૂમિમાં પ્રવેશ કરતા નથી. આપણી કલ્પનામાં ન આવી શકે તેવું દિવ્ય પ્રેમનું સામર્થ્ય છે. તે પ્રાણવલ્લભના સ્વરૂપ ધ્યાનમાંથી અને સ્મરણમાંથી પ્રાપ્ત થઈ જાય છે.

જેને મન મોહન વસ્યો, સર્વાંગે શોભાય ।
તે મન સ્થાન ન અન્યને, આવે તો ફરી જાય ॥

જે પ્રેમીજના મનમાં અતિ મોહન શ્રીવલ્લભની સૌન્દર્યતા સર્વાંગમાં વસી ગઈ છે. તેના મનમાં અન્યની સૌન્દર્યતાને કે અન્ય વ્યક્તિને સ્થાન મળતું નથી. જેવી રીતે સુન્દરદાસજીને શ્રીવલ્લભ પ્યારાના સહજ સુન્દર સ્વરૂપનો અનુભવ થઈ ગયા પછી બીજા કોઈની સૌન્દર્યતાને તેમણે નેત્રોથી જોઈ નથી. તેમજ કોઈને સુન્દર કહીને વખાણ્યા નથી. તેમના નેત્રોમાં અહર્નિશ શ્રીવલ્લભ પ્યારાની મન મોહક સુન્દરતા જ વશી ગયેલી હતી, તેથી તેમની જ્યાં જ્યાં દૃષ્ટિ પડતી ત્યાં ત્યાં પ્યારા વલ્લભને જ નિરખતા હતા.

આવી અનન્યટેક શ્રીવલ્લભના પ્રેમીજનની હોવી જોઈએ. જ્યાં સુધી આપણો પ્રિય આપણા નેત્રોમાં વસી જઈ સર્વત્ર તેજ દેખાય નહીં અને બીજું બધુંય ભૂલાય નહીં ત્યાં સુધી આપણામાં વ્યભિચારી દોષ રહેલો છે. પ્રેમીઓની દુનિયામાં તો તેની જ બડાઈ થાય છે કે જેના નેત્રોમાં પ્રાણ વલ્લભે નિવાસ કર્યો હોય. પ્રિયનો વાસ નેત્રોમાં થયા પછી, બીજાને સ્થાન રહેતું નથી. સતત પ્રિયતમના ધ્યાનથી આપણા નેત્રોમાં પ્રિયતમ વસી જાય છે. નેત્રમાં પ્રિયતમની મૂર્તિ વ્યાપક થઈ બિરાજે છે, પછી નેત્રોમાં બીજાનો પ્રવેશ કેમ થઈ શકે ?

પ્રેમ પ્રગટ જબ હોય હે, ભૂલે જગત કો ભાન ।
તુ તુ તુ રહી જાય હે, હું કો મીટે નિશાન ॥

દિવ્ય પ્રેમનો એવો મહાન પ્રભાવ છે કે પ્રગટ થતાની સાથે જ આપણા ભૌતિક દેહના બધાય ભૌતિક ભાવોનો લઈ થઈ જાય છે અને આપણા મનનું હરણ કરી લે છે. મન આપણા ભૌતિક દેહના અધ્યાસમાં રમતું હોવાથી દેહના અનેક ભાવો પ્રગટક કરે છે. એટલે મનથી જ આપણને ભૌતિક દેહનો સંબંધ છે અને બધાય ભૌતિક ભાવો પણ મનમાં જ રહેલા છે. તે મનનો શિકાર દિવ્ય પ્રેમ પ્રગટ થતાં જ થઈ જાય છે. તેથી મહાનુભાવોએ ગાયું છે કે - **"મન મૃગ વેધ્યો મોહન**

નયન બાનસો" તેથી આપણે ભૌતિક દેહને અને ભૌતિક દશ્યમાન જગતને ભૂલિ જઈએ છીએ. તેથી "હું" પણાનું નિશાન મટી જાય છે. આ સમયે આપણું મન આપણા જ ભૌતિક દેહની ભીતર હૃદય આકાશમાં રહેલા આપણા દિવ્ય સ્વરૂપમાં પ્રવેશ કરી જાય છે. પછીથી આપણી દુનિયા દિવ્ય બનેલી હોય છે. અર્થાત્ લીલાધામમાં આપણો પ્રવેશ થઈ જાય છે. દશ્યમાન ભૌતિક જગતનો અને આપણા ભૌતિક દેહનો સંબંધ જ રહેતો નથી. દિવ્ય પ્રેમનો આવો મહાન પ્રભાવ આપણા પ્રિયના સ્વરૂપ ધ્યાન-ગુણગાન-નામ સ્મરણ કરતા કરતા અચાનક જ પ્રગટ થઈ જાય છે. તેથી કહ્યું છે કે- **"અનાયાસે અભયદાતા એ પ્રભુ અનલ હૈ"** જેમ અગ્નિ વનમાં પ્રગટ થતાં આખા વનને બાળીને ભસ્મ કરી દે છે. તેમ દિવ્ય પ્રેમ એ મહાન અગ્નિ છે, તે પ્રગટ થતાં જ ભૌતિક ભાવોનો નાશ કરી નાખે છે. આવું સ્વરૂપના ધ્યાનથી અનાયાસે જ બની જાય છે. તેથી નામ સ્મરણ અને ગુણગાન સાથે પ્રભુ વલ્લભના સ્વરૂપનું ધ્યાન પ્રેમીજનોએ અવશ્ય કરવું જોઈએ કારણ કે પ્રેમ મારગ તો પ્રિયતમના સૌન્દર્ય પાનનો છે, પ્રેમીઓ રૂપના જ પ્યાસા હોય છે, તેને પ્રિયના સૌન્દર્યપાન વિના ચેન કેમ પડે? પ્રેમમાર્ગ રૂપામૃત પાનનો જ છે. અને તે સ્વરૂપના ધ્યાનમાંથી પ્રેમ પ્રગટ થાય છે. પ્રેમનો પ્રવાહ પ્રિયતમના સ્વરૂપમાંથી પ્રગટ થાય છે. આ પ્રેમ પ્રવાહ જ્યારે આપણે પ્રિયતમના સાક્ષાત્ મિલન માટે તડફતા હોઈએ ત્યારે આપણા વિપ્રયોગ તાપથી પ્રિયનું ધનીભૂત સ્વરૂપ દ્રવિભૂત થાય છે. એટલે દિવ્ય પ્રેમનું ધનીભૂત પ્રિયતમનું સ્વરૂપ છે તેમાંથી આપણા વિપ્રયોગની અગ્નિથી પ્રેમનો પ્રવાહ પ્રગટ થાય છે. જેમ ધનીભૂત માખણના પીંડાને અગ્નિ પાસે રાખવાથી ઓગળવા લાગે છે. તેમ પ્રિયનું ધનીભૂત સ્વરૂપ કે જે દિવ્ય પ્રેમનું જ બનેલું છે તેને આપણા વિપ્રયોગનો પાપ લાગવાથી તે સ્વરૂપમાંથી પ્રેમનો પ્રવાહ પ્રગટ થઈ જાય છે. તે પ્રિયના સ્વરૂપમાંથી જ દિવ્ય પ્રેમ પ્રગટ થતો હોવાથી પ્રિયના સ્વરૂપનું ધ્યાન તાપભાવપૂર્વક અવશ્ય કરવું. તેથી આપે નિરોધ લક્ષણ ગ્રંથમાં પણ આજ્ઞા કરી છે.

"હરિ : મૂર્તિ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્ર હિ"

પ્રેમધામ પ્રિતમ વસે, પ્રિતમમાં રહે પ્રેમ ।
બન્ને એક સ્વરૂપ છે, ત્યાં નહીં કોઈ નેમ ॥

પ્યારા વલ્લભને રહેવાનું ધામ પ્રેમનું જ બનેલું છે અને પ્રેમ પ્રિયતમમાં જ

રહે છે, અથવા પ્રેમનું ધામ પ્રિયતમ અને પ્રેમ આ ત્રણેય પ્રેમરૂપ જ છે. આ પ્રેમધામમાં જે પ્રિતમ વસે છે, તે પ્રેમધામ આપણું જ દિવ્ય (આત્મ) સ્વરૂપ છે. આપણા દિવ્ય સ્વરૂપરૂપી ધામમાં જ પ્રિયતમનો સદા વાસ છે અને આપણું દિવ્ય સ્વરૂપ પણ પ્રેમનું જ બનેલું છે. એટલે આપણું દિવ્ય સ્વરૂપ અને પ્રિયતમ વલ્લભ બન્ને પ્રેમરૂપ જ હોવાથી આપણા દિવ્ય સ્વરૂપમાં અને પ્રાણવલ્લભના સ્વરૂપમાં જુદાઈ રહેતી નથી, અથવા એમ સમજો કે પ્રેમની જ બે મૂર્તિ બનેલ છે. જેમ સોની લોકો સોનાની બે મૂર્તિ બનાવે તે સોનાની જ છે. તેમ આપણું દિવ્ય સ્વરૂપ અને પ્રાણવલ્લભનું સ્વરૂપ દિવ્ય પ્રેમનું જ બનેલું છે. તેથી આપણે અને પ્રાણ વલ્લભ બન્ને એક જ છીએ. આ પ્રેમ-રાજ્યમાં પ્રિયા-પ્રિતમની કોઈ જુદાઈ રહેતી નથી તો પણ આપણા પ્રિયતમને નિવાસ કરવા ધામતો જોઈએ જ, તે ધામરૂપ આપણું દિવ્ય સ્વરૂપ છે. આપણો દિવ્ય દેહ ધામરૂપ છે આપણા દિવ્ય દેહનું હૃદય-રાજમહેલ-નિકુંજ ભવન છે. એટલું જ નહીં પણ આપણા દિવ્ય સ્વરૂપનું પ્રત્યેક રોમ પણ નિકુંજ ભવનરૂપ છે. તે નિકુંજ ભવનમાં આપણા જ દિવ્ય સ્વરૂપની અનિવર્ચનીય સૌન્દર્યતાનું પાન પ્રિયતમને કરાવી રીઝવીએ છીએ. આવી ભાવના માનસીમાં કરવી. આ ભાવના તીવ્ર બને છે ત્યારે આપણા દિવ્ય સ્વરૂપનું પ્રત્યેક રોમ ધામરૂપ બને છે. તે ધામમાં આપણા અને પ્રાણવલ્લભના અનંત સ્વરૂપો અરસપરસના ક્ષણે ક્ષણે નૂતન પ્રગટ થતાં સૌન્દર્યના પાનમાં મગ્ન રહેલા હોય છે. આ અનુભવની અવસ્થાવાળું આપણું અને પ્રાણવલ્લભનું સ્વરૂપ 'સ્વાનંદતુન્દિલઃ' નામ વાળું છે સ્વરૂપ ભાવનાથી જેમ જેમ ભીતરની દુનીયામાં આપણા મન સાથે પ્રવેશ કરીએ છીએ, તેમ તેમ દિવ્ય દુનિયા-લીલાધામની અજાયબીનનો અનુભવ થાય છે. આ દિવ્ય દુનિયા આપણા ભૌતિક સ્વરૂપની ભિતર જ છુપાયેલી છે. આપણા ભૌતિક સ્વરૂપના હૃદયની પાછળ આત્મ પ્રદેશ છે તે જ દિવ્ય દુનિયારૂપ છે. હૃદય એક સ્ટેજ છે. ત્યાં માયાનો ટેરો લાગેલો હોવાથી, આપણા હૃદયની પાછળ રહેલી દિવ્ય દુનિયા-લીલાધામનો અનુભવ થતો નથી. આ માયાનો ટેરો પ્રાણવલ્લભના સતત સ્વરૂપ ધ્યાનથી અને પ્રિયતમને ભેટવાની તીવ્ર તાપાગ્નિથી સરકી જાય છે, ત્યારે તે જ સમયે દિવ્ય લીલાધામ દેખાવા લાગે છે. આ દિવ્યધામનું વાણીથી વર્ણન થઈ શક્તુ નથી. તેના દર્શન થતાં જ મન તેમાં ડુબી જાય છે. અનંત કાલથી વિખુટા પડેલા પ્રિતમને ભેટવા અધીર થઈ ગયેલ છીએ. તે સમયના અનુભવનું

વર્ણન વાણી કરી શક્તી નથી. પ્રિયતમના વિયોગનું અસહ્ય દુઃખ જે ભોગવ્યું હોય છે તે એક ક્ષણમાં જ દૂર થઈ જાય છે. આ સમયે પ્રિયતમના સ્વરૂપામૃત લાવણ્યામૃત સુધામાં ડુબેલા પ્રેમીજનને જે સુખનો અનુભવ થાય છે. તેનું સુખ તે પ્રેમીજન જ જાણી શકે છે. આવા અનુભવ માટે આ ભૌતિક દુનિયાને મુસાફરખાનું સમજી નિત્ય સખા પ્રાણવલ્લભને ભેટવા તીવ્ર તમન્ના જાગૃત કરવાની છે. દયારામભાઈ પણ એ જ કહે છે - 'મનજી મુસાફરરે ચલોનિજ દેશ ભણી" દયારામભાઈ પોતાના મનને જાગૃત કરી કહે છે કે - અનંત કાલથી વિછુરેલા તારા પ્રિયતમને ભેટવા માટે તારા દિવ્ય લીલાધામમાં જવા માટે તૈયારી કર.

હે પથિક ! ચલ દે અપને વતનમેં રે મન ! સમજ સમજ તુ મેરા ।
તોડ દે નાતા માનવસે, યહાં નહી કોઈ તેરા ॥
દુનીયા એક હે પથિક ગૃહ, કહાં ડારે હમ ડેરા ।
જ્હાં પાંવ રખ્ખે હે તહાં તહાં હોત કંટકકા ઢેરા ॥
જગત સબ્બે અપને મતલબકે, લૂટ લેગા ધન તેરા ।
જનમ જનમ કા સચ્ચા સાથી કરતા હે હૃદય બસેરા ॥
યોગીન બનકર પેઠજા ભિતર ખોજ લે પ્રિતમ પ્યારા ।
પિયુ પિયુકી પ્રણય દર્દ ભરી, કરના અખંડ પુકારા ॥
ચકોર બનકર પિયમુખ ચંદ્રકા અમૃત પીના અનેરા ।
વિટપ વિટપ પે દિવ્ય દ્વિજોકા સુનના મધુર ટહુકારા ॥
મહામનોહર દિવ્ય કુંજો મેં મસ્ત ફીરના રેન સવેરા ॥
અતિ સૌન્દર્ય વલ્લભાઓકા જ્હાં હે યૂથ અપારા ॥
માધુર્યતા કા હે ખજાના મૂલકા વતન તિહારા ।
તડફત પ્રિય, મિલન "માધુરી" અબ નહિ કરના અવેરા ॥

હવે પ્રેમીજનના લક્ષણોનું વર્ણન થાય છે.

મુક્તિ ન માગે પ્રેમીજન, તજી હરિ પ્રેમ સ્વરૂપ ।
શ્યામ વદન નિરખે સદા, પરમ સુખી તદ્રૂપ ॥

મુક્તિ એટલે જ્ઞાન, પ્રેમીજનને તો પ્રેમનું જ જ્ઞાન મેળવવાનું હોય છે. તેની સાધન દશામાં દિવ્ય પ્રેમનું જેમાં જ્ઞાન હોય તેવી પ્રેમ પોથી પઢવાની હોય છે, પણ પોથીથી જાણેલા પ્રેમથી પ્રિયતમને મેળવવાની જ્યારે તમન્ના જાગે છે, ત્યારે લોક

પ્રિયતમના સ્વરૂપનું સતત ધ્યાન થાય છે. આ ધ્યાનમાં પ્રિતમનું ભાવાત્મક સ્વરૂપ રહેલું છે, તે સ્વરૂપમાંથી જે પ્રેમ પ્રગટ થાય છે તે દિવ્ય છે. આ પ્રેમ પ્રગટ થતાં જ પ્રાણવલ્લભ હૃદયમાં નિવાસ કરે છે, પછી આપ જ પ્રેમ શિખાવે છે તેની સમાન પોથીનો પ્રેમ હોતો નથી.

શ્રી લક્ષ્મણ સુત નીકે ગાવે ।
દમલા પ્રભુદાસ બડભાગી, તિનકો પુનિ પુનિ આપ શિખાવે
પ્રેમ વિવશ 'વ્હે શ્રી વલ્લભ પ્રભુ, નેન સેન મેં અર્થ જનાવે.

ઉપરોક્ત પદ મુજબ નિજજનોને આપ જ શિખાવે છે. પોથીનો પ્રેમ સાધનરૂપ હોવાથી હૃદયમાં સ્થાયી રહેતો નથી. પરન્તુ જ્યારે પ્રેમદેવ શ્રીવલ્લભ સ્વયં હૃદયમાં પ્રગટ થઈ જાય છે, ત્યારે તે પ્રેમ સ્થાયી બને છે. વાસ્તવિક પ્રેમ પ્રાણવલ્લભના સ્વરૂપમાંથી જ અથવા સ્વરૂપ ધ્યાનમાંથી જ પ્રગટ થાય છે. પ્રેમીજનને પ્રાણ પ્રિયના શ્રીમુખને નિરખ્યા વિના ચેન રહેતું નથી. અનન્ય પ્રેમીજનનું આજ લક્ષણ છે કે પ્રિયના સ્વરૂપમાંથી જ પ્રેમ પ્રાપ્ત કરે છે અનન્યજન પ્રાણવલ્લભના સ્વરૂપને જ સાધનરૂપ બનાવી દિવ્ય પ્રેમ પ્રાપ્ત કરે છે. કારણ કે અખંડ ધારાવાહી દિવ્ય પ્રેમ તો પ્રિયના સ્વરૂપમાથી જ પ્રાપ્ત થાય છે. એમ ચતુર પ્રેમી જાણતો હોવાથી પોથીનો આગ્રહ છોડી પ્રિયતમના સ્વરૂપનું જ ધ્યાન કરે છે.

પ્રાણવલ્લભના સ્વરૂપમાં દિવ્ય પ્રેમનો મહાસાગર ભરેલો રહે છે.

શ્રીવલ્લભ મહા સિન્ધુ સમાન ।
દાસ સુમરત હોત સબકો, અભય પદકો દાન ।।૧।।
કૃપાજલ ભરપુર રહે જહાં ઉઠત ભાવ તરંગ ।

(શ્રી હરિરાયચરણ)

ઉપરોક્ત પદાનુસાર પ્રિયતમ દિવ્ય પ્રેમના મહાસાગર રૂપ છે. જેમ સાગરમાંથી જલ ખેંચીને સૂર્યના કિરણો ખાલી વાદળામાં ભરે છે ત્યારે વાદળા શ્યામ દેખાય છે. તેમ પ્રિયતમેં શ્રીપ્રિયાજીના સ્વરૂપ લાવણ્ય સિન્ધુમાંથી પ્રેમરૂપી જલને નેત્રો દ્વારા ખેંચી લીધું તેનાથી પોતાનો મેઘ શ્યામવર્ણ બન્યો. મેઘ શ્યામસ્વરૂપ પ્રેમ જલથી ભરેલું હોવાથી અત્યંત મનોહર બને છે. અને પ્રેમી ભક્તના મનનું હરણ કરી લે છે. જેમ જલની ભરેલી ઘટાઓ વરસી તપીત ભૂમિને વૃક્ષલતાને હરિત પલ્લવીત કરી દે છે, તેમ પ્યારા વલ્લભની કૃપાભરી દૃષ્ટિમાંથી પ્રેમભરી ઘટાઓની

વર્ષા થાય છે. તેથી પોતાના પ્રિયપાત્રોને પ્લાવીત કરી પોતાના પ્રેમ સિન્ધુ સ્વરૂપમાં ડૂબાવે છે. આ સર્વ પ્યારાના શ્રીમુખના ધ્યાનમાંથી પ્રાપ્ત થાય છે. શ્રીવલ્લભ મધુર પ્રેમના મહાસાગર રૂપ છે, તેમાંથી જે તરંગો ઉછળે છે તે પણ મધુર પ્રેમના જ હોય છે. આવા મધુર પ્રેમના તરંગોથી પોતાનું ધ્યાન કરનાર પ્રેમીજનને ભીંજાવી દે છે. આ તરંગો નિત્ય નૂતન અખંડ ઉઠ્યા જ કરે છે.

શ્રીવલ્લભપ્યારાના સ્વરૂપનું ધ્યાન અને નામ સ્મરણ કરનાર પોતાના પ્રિયપાત્રને આપ અભયતાનું દાન કરે છે. 'અભયપદ' એટલે આપણું દિવ્ય લીલાધામ. આપણને અભયતા દિવ્ય ધામમાં જ છે, કારણ કે લીલાધામમાં કાલ-માયાનો પ્રવેશ થઈ શક્તો નથી. ભૂતલ તો લૂંટેરાઓથી ભરેલું છે. આપણા મહાન દિવ્ય પ્રેમધનને લૂંટનારા દેહના સંબંધીઓ આપણી આસપાસ રહી આવ્યા છે. તેથી જ શ્રી હરિરાય પ્રભુએ એક પદમાં કહ્યું છે કે "અન્ય સંબંધતે અધિક ડરપત રહું." શ્રીવલ્લભ પ્યારાના દિવ્ય સ્વરૂપનો જે પ્રેમીજન અનુભવ કરી રહ્યો છે. તેને અન્ય સંબંધની ગંધ મૃત્યુ જેવી દુઃખદાયી લાગે છે. તેથી આ પ્રેમી દિવ્ય ધામમાં વાસ કરવા તલસે છે. કારણ કે દિવ્યધામમાં તો આપણા પ્રાણપ્રિય વલ્લભ સિવાય બીજું કાંઈ છે જ નહીં. તેથી દિવ્યધામમાં જ આપણને અભયતા છે. આ દિવ્યધામમાં પ્રાણવલ્લભ પોતાના પ્રેમીજનને લઈ જાય છે. પ્રિયતમનું આપણા પ્રત્યે જે વ્હાલ છે તે વ્હાલરૂપી તરંગો પ્રિયતમના સ્વરૂપરૂપી પ્રેમસાગરમાંથી ઉઠ્યા કરે છે. ભૌતિક ચન્દ્રમાં ભૌતિક સાગરનો પુત્ર છે. ચંદ્રમાં જ્યારે આકાશમાં પૂર્ણ ઉદીત થાય છે ત્યારે સાગર પોતાના પ્યારા પુત્રને ચુંબન કરવા તેના તરંગો ઉછાળે છે. તેમ શ્રીવલ્લભ પ્યારો પ્રેમનો મહાસાગર છે. તેમાંથી નિજજનો માટે પ્રેમ ભાવના તરંગો ઉછાળે છે.

સન્મુખ માંડે મોરચો, પ્રેમતણા સંગ્રામ ।
પ્રેમી પાછો ના હઠે, શિર દેવાની હામ ॥

પ્રેમના સંગ્રામમાં પ્રેમીજન લડવાને ઉત્સાહી હોય છે. દિવ્ય પ્રેમ માટે બલીદાન દેવાની-ન્યોછાવર થઈ જવાની તેનામાં તમન્ના હોય છે. પ્રેમવીર પ્રેમના સંગ્રામમાંથી પાછો હઠતો નથી. તત્સુખ પ્રેમભાવની પ્રબલ દિવ્ય શક્તિઓથી પ્રેમદેવને જીતી લઈ પ્રેમ રાજ્યનો કબજો કરે છે. પ્રેમસંગ્રામની વિરાંગના તત્સુખી પ્રેમ રાજ્યની મહારાણી શ્રીદમલાજીની આ પ્રેમીજનને સહાયતા હોય છે.

પ્રેમસંગ્રામના મહારથી બનીને વલ્લભના પ્રેમીને વિજય પ્રાપ્ત કરાવે છે.

શ્રીવલ્લભ પ્યારા પ્રત્યે તત્સુખી પ્રેમભાવ તે જ શ્રીમદ્ દમલાજીનું સ્વરૂપ છે. એટલે તત્સુખી પ્રેમભાવ હૃદયમાં રાખવો તેને દમલાજીનું આપણા હૃદયમાં પ્રગટ થવું કહેવાય છે. અને જ્યાં શ્રીદમલાજી છે ત્યાં શ્રીવલ્લભ બિરાજે જ છે. કારણ કે શ્રીવલ્લભ તો શ્રીદમલાજીને વશ થઈને રહ્યા છે. તેથી શ્રી દમલાજીની પ્રાપ્તિમાં શ્રીવલ્લભ પ્રાપ્ત થઈ જ ગયા. શ્રીદમલાજી દિવ્ય પ્રેમ સુધાના આધારરૂપ છે અને શ્રી વલ્લભ દિવ્ય પ્રેમ સુધારૂપે આધેયરૂપ છે. આધેય સ્વરૂપ આધાર વિના ન રહી શકે, તેમ દમલાજી વિના વલ્લભ પ્રાપ્ત ન થઈ શકે.

પ્રેમી પરિચય ના કરે, એક શ્યામ વિન અન્ય ।
જગમાં સૂતા જાગતા, પ્રભુમાં પ્રેમ અનન્ય ॥

વિશુદ્ધ દિવ્ય પ્રેમમાં એક પ્રિયતમ સિવાય અન્ય કોઈનો પણ સંબંધ રહી શક્તો નથી, અને અન્ય સંબંધને વિશુદ્ધ પ્રેમ સહન કરી શકતો પણ નથી. તેમ આ પ્રેમીજન જાણતો હોવાથી ભૂતલના ભગવદ્ સંબંધવાળા ભૌતિક અધ્યાસવાળા વૈષ્ણવ પરિકર સાથેનો પણ પરિચય વધારતો નથી. પ્રિયતમના સક્ષાત્ સ્વરૂપ સિવાય જેટલો પરિચય વધે છે તે બધા પરિચયો માયાના બંધનરૂપ બની પ્રિયતમ પાસે પહોંચવા દેતા નથી, અથવા વિલંબ કરાવનારા છે. ખરેખર વિશુદ્ધ પ્રેમપથ નિરાલો જ છે.

"પ્રેમ ગલી અતિ સાંકરી યામેં દ્વે ન સમાય"

જે વિશુદ્ધ પ્રેમમાં આપણે આપણને પણ ભૂલી જવાનું છે અને પ્રિયતમમય બની જવાનું છે, ત્યાં ત્રીજી વ્યક્તિનો પ્રવેશ કેમ થઈ શકે ? એટલે આ વિશુદ્ધ પ્રેમમાર્ગમાં પ્રાણવલ્લભ સિવાય અન્ય સર્વનો સંગ છોંડવાનો જ હોય છે. વિશુદ્ધ પ્રેમમાં પ્રેમીઓને પોતાના પ્રિય સિવાય અન્ય પરિચય ઘાતકરૂપ બની જાય છે. આપણી સાધન દશામાં સંગ વિના ન રહી શકાય તો આપણા પ્રેમભાવની પ્યારા વલ્લભમાં વૃધ્ધિ કરે, તેવા સ્વજાતિનો સંગ રાખવો. ખરી રીતે આપણા પ્રિયતમનો જ સંગ કરવો અને તે ધ્યાન દ્વારા રહી જ આવે છે. તેથી ધ્યાન દ્વારા પ્રાણવલ્લભના સંગની જ પ્રબળ ઈચ્છા રહી આવે અને ધ્યાન દ્વારા પ્રિયનો જ સંગ રહે તો સ્વજાતીના સંગની પણ જરૂર રહેતી નથી. કારણ કે અનંત ગુણોથી પૂર્ણ અને સર્વત્ર વ્યાપક રૂપે રહેલ આપણો પ્રિયતમ જ છે તેથી દઢ અનન્ય વ્રત ચાતક જેવું ધારણ કરી એક પ્રાણવલ્લભનો જ સંગ રાખવો. તેથી સ્વયં પ્રિયતમ જ આપણા પ્રેમભાવનું પોષણ,

રક્ષણ અને વૃદ્ધિ કરે છે. પ્રિયતમ સ્વયં પોષણ કરે તેમાં શું ન્યૂનતા. પ્રાણવલ્લભ તો દિવ્ય તત્સુખી માધુર્ય પ્રેમના મહાસાગરરૂપ છે.

તેમાં આપણા મન-ચિત્તની વૃત્તિઓનો પ્રવેશ થઈ જતાં, અખંડ પ્રેમની ધારા વહેતી હોય છે. જ્યારે ચાતક જેવી અનન્યતાથી આપણા પ્રિયતમનું જ અવલંબન રહી આવે છે, ત્યારે ચારે કોરથી આપણો દિવ્ય પ્રેમભાવ કે જે મહાન નિધિરૂપ છે. તેનું આપ જ રક્ષણ કરે છે. આપણું પોષણ બીજા દ્વારા કરાવતા નથી. આપણને આપણા પ્યારાના પ્રેમનું આકર્ષણ આપણી તરફ હોય છે તેનું જ્ઞાન નહીં હોવાથી જ બીજા સંગની ચાહના કરીએ છીએ. ચાતકને પોતાના પ્રિય નવધનના પ્રેમનું જ્ઞાન હોવાથી કહે છે કે -

સરવર સરિતા સાગરે, ગાવત વેદ પુરાણ ।
નવધન વલ્લભ ચાતકી, બસત તાહીંમેં પ્રાણ ॥

કોઈમાં સરોવર ભરેલો પ્રેમ હશે. તો કોઈમા સરિતા અને સાગર ભરેલો પ્રેમ હશે. પણ નવધન વલ્લભ તો દિવ્ય પ્રેમના મહાસાગર રૂપ છે. તેથી ચાતક જેવો વલ્લભ પ્રેમી નવધન વલ્લભ સિવાય બીજા સરોવર સરિતા સાગર ભરેલા પ્રેમના પાત્રોની આશા કરતો નથી. ચાતકની અનન્યતા જુવો કેવા પ્રકારની છે ?

સકલશાસ્ત્ર શ્રવણન સુન્યો, મન મેં કરી પરતીત ।
તીહું લોક ઢુંઢત ફીર્યો, મીલે ન ઘનસે મીત ॥

ચાતક કહે છે કે શાસ્ત્રોમાં વિશ્વાસ રાખીને મેં પ્રેમની ખોજ કરી અને રાજસ-તામસ-સાત્ત્વિક ભાવવાળા દૈવી જીવોમાં પણ પ્રેમની ખોજ કરી, પણ પ્યારા વલ્લભ સમાન કોઈ જગ્યાએ પ્રેમ મલ્યો નહીં. પ્યારા નવધન વલ્લભના સ્વરૂપ સમાન અને તેના જેવો પ્રેમનો મહાસાગર કોઈ જોયો નહીં અને નવધન વલ્લભ સમાન સાચો હિતેચ્છુ મિત્ર પણ કોઈ જોયો નહીં ચાતકની આવી અનન્યતાથી નવધન તેને વશ થઈ જાય છે. અહીં ચાતકના સ્થાને અનન્ય પ્રેમીજન સમજવા. શ્રીમદ્ દમલાજીની વલ્લભ પ્યારામાં આવીજ અનન્યતા છે. વલ્લભના વિના બીજું કંઈ છે ? તે જ શ્રીમદ્ દમલાજી જાણતા નથી. અરસપરસના સ્વરૂપમાં અરસપરસ તન્મય થયેલા છે. હે પ્રેમ પથિક ! અનન્યતા એ પ્રેમીનું મહાન સાધન છે. પ્રેમનો એ મહાન પાશ (બંધન) છે. આ પ્રેમ પાશના બંધનમાંથી ઉભય પ્રેમીઓ મુક્ત થવા ચાહતા નથી. તેથી શ્રીવલ્લભ સ્વયં શ્રીમુખથી કહે છે કે -

“દમલા ઔર ભક્ત બહોત હે મેં તેરે વશ હું”

અનન્યતાના આવા મહાન સામર્થ્યને જાણી અનન્યવૃતધારી થઈ, શ્રી વલ્લભ પ્યારાનો જ ધ્યાન-સ્મરણ-ગુણગાન દ્વારા સંગ રાખવો ઉચ્ચ કોટિના પ્રેમીઓએ જાણી લીધું હોય છે કે અમારો પ્રિયતમ એક અનન્ય ભાવથી જ પ્રશન્ન રહે છે. પ્રિયતમની પ્રશન્નતા એ જ પ્રેમીજનનું સાચુ સૌભાગ્ય છે. આવી અનન્યતાવાળાનું લક્ષણ કહે છે-

જીવે તો હરિ કારણે, મરે તો હરિ હિત કાજ ।
દહયા કરે વિરહાગ્નિમાં, ત્યાગે સૌ સુખ સાજ ॥

ચાતક જેવો અનન્ય પ્રેમીજન પોતાના પ્રિયતમ માટે જ જીવે છે. એટલે પ્રિયતમને હું સુખરૂપ બનીશ, એવી આશામાં વિયોગ દશામાં જીવન નભાવે છે. હવે મરણ એટલે દુનિયાથી નાતો તોડવો તેનું નામ જ મરણ છે. જગતનો ત્યાગ થયો એટલે જગત માટે આપણે મરેલા જ છીએ. આવો ત્યાગ આપણા પ્રિયતમ માટે કરવાનો છે. પ્રિય વિયોગની અગ્નિમાં સર્વ સુખોને હોમીને વિરહાગ્નિથી જલતા રહેવાનું છે. આવા વિરહના દુઃખને સહન કરતો દિવ્ય પ્રેમ માર્ગનો પથિક પોતાના દિવ્ય ધામનો માર્ગ કાપ્યે જાય છે. સર્વ સુખોનો અને જગતનો ત્યાગ કરી પ્રિયનું સતત ધ્યાન કરતા રહેવું તેનું નામ દિવ્ય ધામનો માર્ગ કાપ્યે જવાનું છે. પ્રેમમાર્ગ ભૂમિ ઉપર ચરણથી ચાલવાનો નથી પણ નેત્રોથી ચાલવાનો છે.

બાંકી ઘાટી નેહ કી, ચઢની દુહેલી આહી ।
નેનની મગ ચલીવો તહાં, બને તો હિત ધ્રુવ જાહી ॥

પ્રેમમાર્ગ વાંકો છે. ત્યાં પગથી નહીં પણ નેત્રોના માર્ગ પર ચાલવાનું છે. એટલે કે પ્રિયના સ્વરૂપનું સતત ધ્યાન કરવું તે જ પ્રેમમાર્ગમાં ચાલવાનું છે.

પ્યારે ઈન ગલીયન મેં આવ ।
નેનની મગસો ધોય સંવારી, અસન અસન ધરી પાવ ॥

હે પ્યારે । મારા નેત્રોથી હૃદય સુધીના તારા પ્રવેશ માટેની જે ગલી છે, તે મેં તારા વિયોગ અશ્રુના જલથી ધોઈને સાફ કરી છે. તે ગલીમાં ધીરે ધીરે તારા મૂદુલ ચરણને ધરીને મારા હૃદય મંદિરમાં બિરાજીજા. આપણા નેત્રોના માર્ગેથી પ્રિયતમ આપણા હૃદય મંદિરમાં પ્રવેશ કરે છે. તેથી પ્રિયતમનું સતત ધ્યાન કરવું.

વેદ સઘળા તજે, ભજે રાત દિન શ્યામ ।
શિશ, સમર્પે મુદીત મન, એક પ્રેમ કે નામ ॥

પ્રિયતમના પ્રેમને માટે સઘળા લોક વેદના સંબંધી કાર્યો, અને જગત સંબંધી કાર્યોનો ત્યાગ કરે છે. તેમજ ધર્મના કાયદાને પણ પ્રેમીજન તીલાંજલી આપે છે. પોતાની સઘળી અહંતા મમતા પ્રિયતમ ઉપર ન્યોછાવર કરીને, રાત્રિ દિન પ્યારાનું સ્મરણ ધ્યાન કર્યા કરે છે. "શિશ સમર્પે મુદિત મન" એટલે દેહની મમતા, દેહના સંબંધીઓની મમતા અને ભૂતલના વૈષ્ણવો સાથેનો સંબંધ છોડીને પ્રિયતમને જીવન સમર્પણ હર્ષ પૂર્વક કરી દે છે. આવી ન્યોછાવરી પ્રિયતમના પ્રેમને પ્રાપ્ત કરી પ્રિયતમને સુખરૂપ થવા માટે જ હોય છે.

ત્યાગે તન મન ધન, સકલ હરિ રૂચિ અનુકૂલ ।
પ્રભુ પ્રિત્યર્થે ક્રીયા કરે, ભલે જગત પ્રતી કૂલ ॥

પ્રિયતમની રૂચિ શેમાં છે તે વિશુદ્ધ પ્રેમીજન જાણી ચૂક્યો છે કે તારા મારા વચ્ચે અન્ય કોઈનો પ્રવેશ ન થઈ શકે. ગાઢ પ્રેમીઓ એક એકમાં સમાઈ જવાની તીવ્ર તમન્ના રાખતા હોય છે. પોતાના પ્રિયતમથી એક પ્રાણ બની જવા ઈચ્છે છે. એટલે કે પ્રિયની રૂચિ પોતાના પ્રિયપાત્રને જણાવે છે કે તારામાં હું અને મારામાં તું. મારા હૃદયમાં તારું જ ધ્યાન અને સ્થાન. તારા હૃદયમાં મારું જ સ્થાન અને ધ્યાન. આ સિવાય મારે અને તારે બધુય ભૂલવાનું છે. આવી પ્રિયતમની રૂચિ પ્રેમીજન જાણીને પોતાના તન-મન-ધન અને આત્મા સહિત સર્વસ્વનું પ્રિયની રૂચિ અનુસાર સમર્પણ કરે છે. આનું નામ જ તત્સુખી પ્રેમી કહેવાય છે. પ્રિયતમના સ્વરૂપાનંદમાં ડૂબીને પોતાને ખોવાઈ જવું, વિશુદ્ધ પ્રેમીજનની આવી તમન્ના હોય છે. સાચા લૌકિક પ્રેમીઓ પણ આવી જ તમન્ના રાખે છે. તેથી કહે છે કે - "એ જીંદગી ઉસીકી હે જો કીસી કે હો ગયા પ્યાર હી મેં ખો ગયા" પ્રિયતમને જીવન અર્પણ કરીને આપણે પોતાને ભૂલિ જવું. આ જીંદગી પ્રિયતમની છે, પ્રિયતમ માટે જ ઉપયોગમાં આવે તેનું નામ વિશુદ્ધ પ્રેમ છે. જગત ભલે પ્રતિકૂલ હોય, તેની પરવા પ્રેમીજનને હોતી નથી.

જગત રૂઠે તો રૂઠને દે, પ્યારે તુ મત રૂઠના ।
જગત રૂઠે તે કહા ભયા, જો તેરા એક સહારા હૈ ॥

જગત સ્વારથી છે. પોતાનો સ્વાર્થ નહીં સધાય તેથી આપણો વિરોધ કરે છે.

પણ પ્રેમીજન તેની પરવા કરતા નથી. પ્રેમીજન જાણે છે કે મારે આ જગત સાથે કોઈ મતલબ નથી કે મારો તેની સાથે કોઈ સંબંધ નથી. મુસાફરને જેમ કોઈ સાથે મતલબ હોતો નથી, તેમ પ્રેમીને દશ્ય જગત સાથે કોઈ મતલબ નથી. આપણે તો આપણા દિવ્ય પ્રેમ રાજયધાનીમાંથી ભૂલા પડ્યા છીએ, અને આ દશ્ય જગતના મુસાફર છીએ. આપણા દિવ્ય જગતની યાદમાં આ ભૌતિક જગતને ભૂલિ જવાનું છે એક ગોપીજન પ્રભુ પ્રેમમાં મસ્ત બનીને તેની સખીને કહી રહી છે કે -

કરન દે લોગન કો ઉપહાસ
ગોકુલ કે સબ લોક ચીકનીયા, મેરે ભાયે ઘાસ ॥

હે સખી ગોકુળના લોકો ભલે મારી નિંદા કરે, હું તેમને ઘાસના તણખલા સમાન તુચ્છ ગણું છું. આપણો પ્રાણજીવનધન તો પ્યારા નંદરાજકુમાર છે. ગોકુલના લોકોથી આપણે શી મતલબ છે ? દિવ્ય પ્રેમની એક બિન્દુ મળતા અપાર શક્તિ પ્રગટ થઈ જાય છે, ત્યાં કોઈની પરવા રહેતી નથી. દિવ્ય પ્રેમના બિન્દુને પ્રાપ્ત કરનાર અમર બને છે. મૃત્યુ તેનાથી ભયભીત રહે છે, ત્યાં મૃત્યુના શિકારી જીવથી પ્રેમીજનને ભય હોય જ કેમ ? આવા દિવ્ય પ્રેમની બિન્દુને પ્રાપ્ત કરવા પ્રિયતમને જ સર્વસ્વ માની તેમાં જ મન ચિત્તને સતત જોડી રાખવા, અને પ્રતિકૂલ જગતની કંઈ પરવા ન કરવી.

જુઓ ચાતકની કેવી અનન્ય ટેક છે ?

જાત પાત ન્યારે ભયે, ચાતક ઘન કે હેત ।
ભલી બુરી કછુ કોઉ કહો, યહાં નહીં લેન ન દેત ॥

પ્રાણ ધનની પ્રાપ્તિ માટે ચાતક પોતાના જાતિ કુટુંબ અને દુનિયાના મનુષ્યોથી ન્યારો થઈ ગયો, ત્યારે તેના દેહ સંબંધીઓ-મિત્રો અને જગતના મનુષ્યો તેની ભલી બુરી કરવા લાગ્યા કોઈ તેની સરાહના કરે છે તો તેનો તેને હર્ષ નથી. અને કોઈ તેની નિંદા કરે છે તો તેનું તેને દુઃખ નથી. તે તો સરાહના અને નીંદા માયાનું બંધન સમજી તેનાથી અલગ થઈ પ્રાણધન વલ્લભ માટે જીવન વિતાવી રહ્યો છે તેમ આપણે પણ ચાતકનું અનુસરણ કરી ભલી બુરીને છોડી આપણા પ્રાણ વલ્લભ માટે જીવવાનું છે. તેમાં શું રહસ્ય રહેલું છે ? આવો પ્રશ્ન થાય તેના જવાબમાં આપણો પ્યારો વલ્લભ અગણિતાનંદ ભોક્તા છે. અગણિતાનંદ એટલે ગણી ન શકાય તેવો આનંદ, અથવા જેમ મહાસાગરના જલનો થાહ નથી. રાત્રિ દિન તેનો પ્રચુર પ્રવાહ

ચાલ્યા જ કરે છે. છતાં તેમાંથી જરાય જલ ઓછું થતું નથી. તેનો પ્રવાહ ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે તેને કોઈ જાણી શક્તું નથી. આવા મહાસાગર જેવા દિવ્ય પ્રેમાનંદના ભોક્તા આપણા પ્રાણવલ્લભ છે. તેવા અગણિત પ્રેમાનંદને ધારણ કરનાર આપણું દિવ્ય સ્વરૂપ સ્ત્રી ભાવાત્મક છે. તે સ્વરૂપથી પ્રાણવલ્લભની તત્સુખાત્મક સેવા કરી શકાય છે. આ આપણું દિવ્ય સ્વરૂપ સર્વત્યાગ પૂર્વક નિરંતર વિરહના અનુભવથી મેળવી શકાય છે. તે આપણા દિવ્ય સ્વરૂપની પ્રાપ્તિ માટે વિરહનો સતત અનુભવ કરવો તેનું નામ પ્રાણવલ્લભ માટે જીવવાનું કહેવાય છે.

વિંધાયું જેનું હૃદય, લાગી પ્રેમનું બાણ ।
તે ભૂલ્યો શુદ્ધ દેહની, પ્રેમી ચતુર સુજાણ ॥

પ્રિયતમના નેત્ર કટાક્ષથી જેનું હૃદય ઘાયલ થયું છે, તેવો પ્રેમી પોતાના દેહની શુદ્ધિ ભૂલિ જાય છે. પ્રિયતમના નેત્ર કટાક્ષથી ઘાયલ થયેલા પ્રેમી જ ચતુર છે. અને પ્રેમમાર્ગને જાણનારો છે. આ રીતે જેનું હૃદય વિંધાયું નથી, નેત્ર કટાક્ષથી ઘાયલ થઈને મીઠા દર્દનો અનુભવ કરતો નથી, તેવો પ્રેમી પ્રેમમાર્ગમાં ચતુર કહેવાતો નથી.

"મન મૃગ વેધ્યો મોહન નયન બાણસો" પ્રિયતમનું ધ્યાન કરતા કરતા પ્રિયતમના નેત્રોરૂપી બાણથી મનમૃગ વિંધાય જાય છે. પ્રિયનું નેત્રરૂપી બાણ મનને વેધીને આરપાર નીકળી જતું નથી. પણ મનની ભીતર જ ખૂંચેલું રહી આવે છે. તે નીકળી શકતું નથી. તેથી હરદમ મધુર દર્દ ઉત્પન્ન કર્યા કરે છે. આવા નેત્રબાણના ઘાની પ્રેમીજન ઘાયલ થવા છતાં ફરી ફરીને ઘાની ઈચ્છા કરે છે. પરન્તુ આવા નેત્રબાણનો ઘા પ્રિયતમ પોતાના પ્રેમીજન ઉપર જ કરે છે. જે પ્રેમીજન છે તે જ પ્રિયતમના મિત્રો છે. તેથી દયારામભાઈ કહે છે કે -

રસિક નેન નારાચકી, અજ્બ અનોખી રીત ।
દુશ્મન કો સ્પર્શે નહિ, મારે અપનો મિત ॥

પ્રેમીજનના નેત્રોરૂપી બાણ પોતાના પ્રેમીપાત્ર મિત્ર ઉપર જ ઘા કરતા હોય છે. તે દુશ્મન તરફ જોતા પણ નથી. વિશુદ્ધ પ્રેમીઓ માટે પોતાના પ્રિયતમ સિવાય બીજા માનવીઓ દેખાય છે. તે જ દુશ્મન સમાન છે. તેની તરફ તેના નેત્રો જોતા જ નથી. તે તો સર્વત્ર પોતાના પ્રિયતમને જ નિરખે છે. અને પ્રિયતમ પણ પોતાના પ્રેમીજન તરફ નેત્રથી જ નિહાળે છે. અથવા નેત્રરૂપી બાણનો પ્રહાર પોતાના

પ્રેમપાત્રોને જ કરે છે. આ પ્રેમમાર્ગની અનોખી રીત છે કે પોતાના નેત્રોરૂપી બાણનો ઘા દુશ્મનને નહિ કરતા પોતાના મિત્રને કરે છે. જેમ આપણે પ્રિયતમના સ્વરૂપ સિવાય બીજું જોતા નથી તેમ પ્રિયતમ પણ આપણા સિવાય બીજું કંઈ જોતા નથી. આ દિવ્ય પ્રેમ મારગમાં અરસ પરસનો સમાન વ્યવહાર હોય છે ભગવાન પોતાનું અશ્વર્ય છોડીને પ્રેમી ભક્તોને આધીન થઈને દિવ્ય પ્રેમ વિલાસના સુધા માધુર્યનો અનુભવ કરે છે.

- માનનુંપદ અડાનો

તેરી, ભોંહકી મરોરનતે લલિત ત્રિભંગી ભયે,
અંજ્ન દે ચિતવત ભયે શ્યામ વામ ।
તેરી મુસકાનિ હિયે દામિનીસી ક્રોંધ જાત,
દીન વ્હૈ જાચત પ્યારો લેત રાધે આધો નામ ॥
જ્યોં જ્યોં તૂ નચાવે બાલ ત્યોં ત્યોં હી નાચત લાલ,
અબ તો મયા ક હરિ ચલિયે નિકુંજધામ ।
'નંદદાસ' પ્રભુ તુમ બોલો તો બુલાય લે હું,
ઉનકો તો કલ્પ બીતે, તેરી ઘરી યામ ॥

ઉપરના પદમાં (વિરહમાં) માન સમયે પ્રભુની સ્થિતિ કેવી થાય છે તેનું વર્ણન નંદદાસજીએ કર્યું છે.

પોઢવાનું પદ-બિહાગ

ચાંપત ચરણ મોહનલાલ ।
પલકા પૌઢી કુંવરિ રાધિકા સુંદરી નવ બાલ ॥૧॥
કબહું કર ગહિ નૈન મિલાવત, કબહુ છુવાવત ભાલ ।
'નંદદાસ' પ્રભુ છબિ નિહારત પ્રીતિકે પ્રતિપાલ ॥૨॥

ઉપરના પોઢવાના પદમાં શ્રી પ્યારીજીના ચરણની સેવા કરી પોતાની આધીનતા બતાવી રહ્યા છે.

આ પ્રકારે દિવ્ય પ્રેમનો માર્ગ લોક વેદની મર્યાદાથી બિલકુલ નિરાલો છે. આ દિવ્ય પ્રેમ રાજ્યમાં પ્રેમરૂપ પ્રભુ પોતાના પ્રેમી ભક્તોને આધીન રહી તેના સુખમાં પોતાનું સુખમાની પોતાની ધન્યતા માને છે. પોતાના ઐશ્વર્યથી વિશેષ

ઐશ્વર્ય પ્રેમી ભક્તોમાં સ્થાપવામાં પોતાની મહત્વતા સમજે છે. આમ અનેક દિવ્ય વિરૂદ્ધ ધર્મોના ઐશ્વર્યથી પોતાના પ્રેમી ભક્તોને ભૂષિત કરે છે. અનિર્વચનીય આ દિવ્ય પ્રેમ રાજ્યધાનીના દિવ્ય પરિકરના સૌભાગ્યનું વાણીથી વર્ણન થઈ શકતું નથી. તેમાં જેનો પ્રવેશ થાય છે તેના અનુભવમાં જ આવી શકે છે.

ઈસ્ક ચમન કે ખેત મેં, ચલી ચસ્મ તલવાર ।
મૂરખ હતે સો બચી ગયે, ચતુરન ખાયો માર ॥

પ્રેમના સંગ્રામમાં પ્રેમદેવ શ્રી વલ્લભના નેત્ર કટાક્ષરૂપી તલવાર ચાલી રહી છે. તેના ઘાનો માર ચતુર પ્રેમી જીલી લે છે. અને મુરખ હોય તે સંગ્રામ છોડી નાસી જાય છે. પ્રેમ માર્ગની કેવી અટપટી રીત છે કે ચતુર પ્રેમી ચોંટ જીલે છે અને મુરખ સંગ્રામમાંથી ભાગે છે. ચતુર પ્રેમી એને કહેવાય છે કે દેહના સંબંધી પરિવારની મમતા છોડીને પ્રાણ વલ્લભને જ જીવન અર્પણ કરે અને દુનિયાના કોઈપણ સુખોની ચાહના ન કરે કેવલ પ્રિયતમના સુખની જ ચાહના કરે છે તે ચતુર પ્રેમી કહેવાય છે અને મુરખ એને કહેવાય છે કે સાચા સંબંધી પ્રભુના સ્વરૂપને અને દિવ્ય પ્રેમને જાણતો નથી. પ્રભુના ભજન સાથે સંસારનું સુખ પણ ચાહે છે તેવા સ્વાર્થી મુંરખાઓ પ્રેમ સંગ્રામમાં ઘાને જીલી શક્તા નથી.

વિશુદ્ધ પ્રેમમાં પ્રિયતમ પ્રભુ સિવાય કોઈનો પણ પ્રવેશ થઈ શક્તો નથી તેમ સમજી સર્વ ત્યાગપૂર્વક પ્રિયતમને સુખદ બનવા પોતાના દિવ્ય સ્વરૂપને પ્રાપ્ત કરવા જે વિરહનો અનુભવ કરી રહ્યો છે તેવો પ્રેમી ચતુર છે અને આવા વિશુદ્ધ પ્રેમને જે જાણતો નથી. સંસારના સુખોની પણ પ્રભુના ભજનમાં અપેક્ષા રાખે છે તે મુરખ છે.

તત્સુખી પ્રેમી ભાવના કેવી હોય છે તે નીચેના દોહામાં કહે છે.

તનમન ધન સબ તમતણા, સર્વ તમારે કાજ।
ચાહો તેમ રાખો, પ્રભુ, પ્રેમ સિન્ધુ મહારાજ॥

વિશુદ્ધ તત્સુખી પ્રેમીનું તન-મન-ધન સર્વ પ્રિયતમ માટે જ હોય છે. પ્રિયતમને સર્વ અર્પણ કરીને પ્રિયતમની જેવી ઈચ્છા તેમાં પ્રસન્ન રહે છે. અહી પ્રિયતમની ઈચ્છા આપણને તેના વિરહનો અનુભવ કરાવી આપણી પરિપાક દશા બનાવવાની છે તેમ સમજીને તેના વિરહમાં તન, મન, ધન, અર્પણ કરી હરદમ વિરહમાં ડૂબ્યા રહેવું તેવી પ્રિતમની ઈચ્છા છે. આવી ઈચ્છા કરવાનું કારણ પ્રિયતમ

તો દિવ્ય પ્રેમના મહાસાગરરૂપ છે. તે મહાસાગરને આપણે ધારણ કરી શકીએ તેવી પાત્રતા વિરહાનુભવથી થાય છે. એટલે કે વિરહમાં પ્રિયતમના સ્વરૂપ સમાન સામર્થ્ય પ્રાપ્ત થાય છે. અથવા વિરહમાં આપણું દિવ્ય સ્વરૂપ આપણને પ્રાપ્ત થાય છે. આ આપણું દિવ્ય સ્વરૂપ પ્રિયતમમાં રહેલો જે પ્રેમનો મહાસાગર તેને ધારણ કરી શકે છે. અથવા આપણું દિવ્ય સ્વરૂપ દિવ્ય પ્રેમના મહાસાગરથી ભરેલું સ્વતઃ સિદ્ધ છે. તેની પ્રાપ્તિ સર્વ ત્યાગપૂર્વક વિરહના અનુભવથી થાય છે. તેથી નિજજનોને આપ વિરહનું દાન કરી વિરહાનુભવમાં સ્થિત કરે છે. વિરહાનુભવ એ લોકાતીત બનાવે છે. લોકાતીત થયેલા આપણા મન ચિત્તનો તેની વૃત્તિઓ સહ આપણા દિવ્ય સ્વરૂપમાં પ્રવેશ થવાથી પછીની સ્થિતિ આપણા દિવ્ય સ્વરૂપ સાથેની ઓતપ્રોત હોય છે. અથવા આપણા ભૌતિક સ્વરૂપના મન ચિત્તનો આપણા દિવ્ય સ્વરૂપમાં પ્રવેશ થયા પછી આપણી સ્થાયી સ્થિતિ આપણા દિવ્ય સ્વરૂપમાં જ થાય છે. આવી સ્થિતિમાં પ્રવેશ માટે વિરહનો અનુભવ પ્રિયતમ આપણને કરાવે છે.

ભોગ-મોક્ષમાં રતિ નહીં, સૌમા સદા વૈરાગ્ય ।
પણ પ્રિતમ છબિમાં, સતત વધ્યો જાય અનુરાગ ॥

દેહના અને ઈન્દ્રિયોના ભોગની અને આત્માને જન્મ-મરણના દુઃખમાંથી છોડાવી દે તેવા મોક્ષની પણ પ્રેમીજનને ઈચ્છા થતી નથી. ભોગ અને મોક્ષમાં પ્રેમીજનને સદા વૈરાગ્ય રહી આવે છે. આવા પ્રકારનો વૈરાગ્ય રાખી પ્રિયતમના મનોહર સ્વરૂપનું સતત ધ્યાન કર્યા કરે છે તેથી પ્રિયતમના સ્વરૂપમાં જ પ્રેમ વધતો જાય છે. જ્યારે ભોગ અને મોક્ષથી વૈરાગ્ય રહે છે ત્યારે આપણું મન બધેયથી નિવૃત થઈ પ્રિયતમના સ્વરૂપનું જ અવલંબન લે છે પછી પ્રિયતમના સતત ધ્યાનથી પ્રેમ વધતો જાય છે. વૈરાગ્ય વિના મન બધેયથી નિવૃત થતું નથી. અને મન જ્યાં સુધી બધેયથી નિવૃત થતું નથી ત્યાં સુધી દિવ્ય પ્રેમ પ્રાપ્ત થતો નથી. તેથી કહ્યું છે કે -

"બિન વૈરાગ્ય નહીં પાઈએ ગિરધર કો અનુરાગ"

પડે કદિ નર્કાગ્નિમાં, પલપલ વાધે પ્રેમ ।
પ્રિતમના સુખમાં સુખી, એ જ પ્રેમીનો નેમ ॥

આ દુનિયામાં મનુષ્યનું સુખ તેને જ 'નરક' કહેવાય છે. 'નર' એટલે મનુષ્ય 'ક' સુખ = મનુષ્યનું સુખ તેને નરક કહેલ છે. અને દેહના અધ્યાસો જ્યાં સુધી રહ્યા

છે ત્યાં સુધી પ્રેમીજન માટે આ દેહના અધ્યાસો નરક જેવા દુઃખદાયી થઈ પડે છે. તેવા નરક જેવા દેહના અધ્યાસમાં રહેવા છતાં તેનો પ્રેમ પ્રિયતમ વલ્લભમાં જ વધારતો જાય છે. દેહ રહે તો જ વિરહનો અનુભવ થઈ શકે તે મોટ દેહ રાખીને પ્રિયતમના વિરહનો અનુભવ કરીને પ્રાણવલ્લભમાં પ્રેમ વધારતો જાય છે. પ્રાણવલ્લભના સુખનો જ વિચાર વિરહ દશામાં પણ વિશુદ્ધ પ્રેમીજન કરતો જ રહે છે. વિયોગને સહન કરવાનું કારણ પ્રિયતમને સુખરૂપ પાત્ર બનીને તેની સન્મુખ થવામાં હોવાથી વિયોગનું દુઃખ સહર્ષ સહન કરે છે. કારણ કે પ્રિયતમના સુખે સુખી એ જ નિયમ વિશુદ્ધ પ્રેમીજનનો હોય છે.

પ્રેમ અનલમાં ઝરી મરે, અહંભાવને ખોય ।
તે તો જીવ્યા જગતમાં, મરજીવા જન સોય ॥

વિરહની અગ્નિમાં અહંભાવને જેણે જલાવી દીધો અને તેથી પોતે પોતાને જે ભૂલી ગયેલ છે. તેવા પ્રેમીજન મરીને જીવનારા છે. એટલે ભૌતિક જીવનમાં મરેલા અને દિવ્ય પ્રેમમય જીવનમાં જીવતા છે. ખરી રીતે અહંકારનો નાશ વિરહની અગ્નિ લાગ્યા વિના થઈ શક્તો જ નથી અથવા ભૌતિક અહંકારનો તેના આધિદૈવિક દિવ્ય સ્વરૂપમાં પ્રવેશ થતા ભૌતિકનું વિસ્મરણ અને દિવ્યનું જીવન સ્મરણ તેનું નામ મરીને જીવવાનું પ્રેમીજનનું કહેવાય છે. અહંકારનું સર્વાંશે વિસ્મરણ ન થાય, ત્યાં સુધી પ્રિયતમને સુખદ એવા આપણા જ દિવ્ય સ્વરૂપમાં પ્રવેશ થઈ શક્તો નથી. વિરહના અનુભવથી જ આપણા દિવ્ય સ્વરૂપમાં પ્રવેશ થતો હોવાથી અને તે દિવ્ય સ્વરૂપથી જ પ્રાણવલ્લભની નિરવધિ તત્સુખાત્મક સેવા થઈ શક્તી હોવાથી વિશુદ્ધ પ્રેમીઓ વિરહના અનુભવમાં રહી આવે છે. આપણા મનને જ્યારે મન ચિત્તને બહારના લૌકિક અલૌકિક તમામ વિષયોમાંથી છોડાવી પ્રાણવલ્લભના સ્વરૂપ ધ્યાનમાં સતત લગાડીએ છીએ ત્યારે થોડા જ સમયમાં આપણા દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થઈ જાય છે. અને તે જ ક્ષણે આપણો દિવ્ય ધામમાં પ્રવેશ થઈ જાય છે. વિરહના અનુભવમાં પ્રિયતમનાં સ્વરૂપનું સતત ધ્યાન થાય છે. ત્યારે ભૌતિક દેહમાં રહેલા અહંભાવનો દિવ્ય સ્વરૂપમાં લઈ થઈ જાય છે ત્યારે તે જ સમયે આપણો દિવ્ય સ્વરૂપમાં પ્રવેશ થઈ જાય છે. અને તે દિવ્ય સ્વરૂપથી દિવ્યધામમાં પ્રવેશ થાય છે. અર્થાત્ આપણું દિવ્ય સ્વરૂપ જ ધામરૂપ હોવાથી આપણા દિવ્ય સ્વરૂપમાં પ્રવેશ તે જ દિવ્ય ધામમાં પ્રવેશ કહેવાય છે.

જેનું ચિત ચાતક બન્યું, લઈ નિયમ એક પ્રેમ ।
નિરખે નિત્ય ઘનશ્યામ છબિ, પાર ન ઉત્તરે કેમ ॥

જેનું ચિત્ત ચાતકની જેમ અનન્ય ટેક રાખી પ્રિયતમના રૂપામૃતનું પાન કરે છે તે ભવસાગરથી પાર ઉતરી જાય છે. ચાતક જેમ લૌકિક માન સરોવર જેવા અને ગંગાજી જેવા પવિત્ર જલોની આશા છોડી નવધનની આશામાં જીવનની આહુતિ આપી રહ્યો છે અને દિન રાત્રી નવધન પ્યારાની જ છબીનું ધ્યાન કરી રહ્યો છે તેવી અનન્ય ટેકથી ભવસાગર તરી જવાય છે.

નવઘન વલ્લભ માધુરી, વરસેદમલા સીંચ ।
ઉમંગી હૃદય સરોવરી, રોક્યો સબ જન બીચ ॥

નવધન વલ્લભના સ્વરૂપ લાવણ્ય માધુર્ય સુધા પાન કરવા શ્રી દમલાજીનું ચિત્ત ચાતક બન્યું, ત્યારે ઉમંગી ઉમંગી સ્વરૂપ લાવણ્યમૃત જલની વર્ષા થવા લાગી તેને શ્રીદમલાજીએ હૃદય સરોવરમાં ધારણ કરી શ્રી દમલાજીએ આ લાવણ્યમૃત સુધાનું પાન ભૂતલમાં રહેલા સ્વકીયજનોને કરાવ્યું. કોટિમાં વિરલ શ્રી પદ્મનાભદાસજી, પ્રભુદાસજી જલોટાજી, મહાભાગ્યવાન રજોબાઈ, તુલસા, રૂશ્મણી, શ્યામદાસજી આદિ મહાનુભવો શ્રી વલ્લભસ્વરૂપ લાવણ્યામૃત પાનમાં ડૂબ્યા છે. તેમ આપણને આધુનિકોને પણ પ્યારો વલ્લભ સ્વરૂપ લાવણ્યામૃતનું પાન કરાવશે જ તેવો વિશ્વાસ રાખી આપણા ચિત્તને ચાતક જેવું અનન્ય ટેકવાળું બનાવી પ્રાણ વલ્લભના સ્વરૂપનું સતત ધ્યાન ગુણગાન સ્મરણ કરતા રહેવું.

સહે વિપત્તિ તરસ્યો રહે, જલે વિરહની આગ ।
અન્ય દિશા ચિતવે નહિ, તે પ્રેમી બડભાગ ॥

પ્રિયતમના વિયોગમાં અનેક સંકટોને સહન કરીને પ્રિયતમના રૂપામૃતનો પ્યાસો રહીને તેમજ વિરહની આગમાં જલતો રહે છે. છતાં પતિવ્રતા ભાવનો ટેકી ચાતક બીજા જલની આશા કરતો નથી. આવો અનન્ય પ્રેમી મહાભાગ્યવાન કહેવાય છે. કારણ કે વિયોગના અસહ્ય દુઃખને સહન કરીને પણ પ્રિતમ વિના બીજાની આશા કરતો નથી તેવો પ્રેમી પ્રેમીઓની દુનિયામાં શિરોમણી ગણાય છે. અને તેની અત્યંત સરાહના થાય છે. આવા પ્રેમીજનના પ્રાણવલ્લભ ઋણી થઈ જાય છે. અથવા પોતાના પ્રાણથી પ્રિય માને છે. સદાવશ થઈને રહે છે. અનન્યતા જેવો મહાન ધર્મ બીજો કોઈ નથી. કોઈનાથી જીતી ન શકાય તેવા અજીત ભગવાનને

વશ કરે તેવું મહાન હથીયાર અનન્યતા છે. તત્સુખી પ્રેમ ભાવ જ અજીત પ્રેમદેવને વશ કરવાનું મહાન બંધન છે. શ્રીદમલાજીમાં આવી અનન્યતા હોવાથી શ્રી વલ્લભવશ થઈ રહ્યા છે.

પ્રશ્ન = અનન્ય ભક્તમાં પ્રિય પ્રભુ વશીભૂત થઈ જાય છે. તેમાં શું મહત્ત્વ રહેલું છે ?

ઉત્તર = અનન્ય ભક્તમાં સર્વાત્મભાવ સિધ્ધ થાય છે. આ સર્વાત્મભાવવાળા તેના દિવ્ય સ્વરૂપનું પ્રત્યેક રોમ પણ તેના સાકાર સ્વરૂપે રહેલું છે. એટલે કોટાન કોટિ પોતાના દિવ્ય સ્વરૂપથી પ્રિયતમને વિલાસ સુખ આ ભક્ત આપતા હોવાથી પ્રિયતમ તેને છોડી શકતા નથી. અથવા વશ થઈને રહે છે. સર્વાત્મભાવી પ્રેમી ભક્તમાં તત્સુખાત્મક દિવ્ય મધુર પ્રેમનો મહાસાગર લહેરાતો હોય છે. તેના આ સ્વાદમાં પ્રિયતમને તૃપ્તિ જ થતી નથી. તેથી આધીન થઈને જ રહે છે.

શ્યામ સુધાકરમાં રમ્યું, જેનું ચિત ચકોર ।
તે પ્રેમી દ્રઢ નિશ્ચયી, તન મન પ્રેમ વિભોર ॥

જેનું ચિત્ત પ્રિયતમના શ્રીમુખ લાવણ્યામૃતપાનમાં રમણ કરી રહ્યું છે. ચકોર વત પાન કરી રહેલ છે તેવા દ્રઢ નિશ્ચયી પ્રેમીજનના તન મન સદા આલ્હાદીત બન્યા રહે છે. "સુધાકર" એટલે સુધાને ઉત્પન્ન કરનાર. પ્રિયતમના શ્રીમુખ ચંદ્રમા માંથી લાવણ્યામૃત સુધા ભરેલા અનેક કિરણો પ્રગટ થાય છે. અને તેથી પ્રેમીજન સુધા પાન કરી આલ્હાદીત બની જાય છે. સુધામાં માદકતા રહેલી છે, જે પાન કરનારને મત્તબનાવે છે. પોતાનું સ્મરણ ભુલાવી પ્રિય લાવણ્યા સુધા સ્વાદમાં ડૂબાવે છે.

દ્રઢ આલિંગન કરી ઉભય, લહે સુખ સદા ભોગ ।
એક રૂપ નિત્ય થઈ રહે, તદપિ ન અંગ સંયોગ ॥

દ્રઢ આલિંગનમાં પ્રિયતમ અને પ્રેમીજનની અભેદતા રહેલી છે. પ્રિયામાં પ્રિયતમ, અને પ્રિયતમમાં પ્રિયા એમ ઉભય તાણાવાણા થઈને સદા અખંડ સુખનો અનુભવ કરી રહ્યા છે. છતાં પ્રત્યક્ષ વિરહનો અનુભવ કરે છે. જેમ સાગરમાં ડૂબેલાને પોતાનો ખ્યાલ રહેતો નથી, તેમ પ્રેમરૂપ બની પ્રેમના મહાસાગરમાં ડૂબેલાને પોતાનું સ્મરણ રહેતું નથી અને આવો અનુભવ કરવા છતાં અતૃપ્તા રહી આવે છે. પ્રિયતમને ગાઢ આલિંગન દઈ બન્ને એકરૂપ બની ગયા છે. છતાં પ્રત્યક્ષ વિરહનો અનુભવ કરે

છે. આને પ્રત્યક્ષ વિરહ કહેવાય છે.

પોઢી પ્રિતમ અંક સુહાઈ, કછુ એક લહર પ્રેમકી આઈ ।
સંભ્રમ ભયો કહત રસ વલિતા, મેરે લાલ કહાંરે લલિતા ॥

પ્રિયતમને ગાઢ આલિંગન દઈને શ્રી સ્વામિનીજી પોઢેલા છે. તે સમયે પ્રેમના મહાસાગરમાં નિમગ્ન થયેલાને વિરહનો તરંગ પ્રગટ થયો અને લલિતાજીને પૂછે છે કે હે લલિતે ! મેરે લાલ કહાં હૈ ? આ દિવ્ય પ્રેમના આસ્વાદમાં ડૂબેલાની સ્થિતિ છે. પોતે પોતાને અને પ્રિયતમને ભૂલિ જાય છે અને સ્વાદના નશામાં કહે છે કે મેરે લાલ કહાં હૈ ? ॥

સદા રહે સંયોગ ધ્રુવ, છતાં વિયોગ જણાય ।
યોગ વિયોગ સ્વરૂપ ધરી, વિરહાગ્નિમાં તપાય ॥

ઉભય પ્રિયા પ્રિતમની સદા સંશ્લિષ્ટતા હોવાથી તાણાવાણા મળેલા જ રહે છે છતા એક એકને ભૂલીને વિરહનો અનુભવ કરી રહ્યા છે. કેવલ પ્રેમ સુધાના નશામાં નિમગ્નતા અખંડ બની રહે છે. પ્રેમની આ સર્વથી ઉંચી અવસ્થા છે ॥

જે દ્રુગ હરિ રંગ રંગીયા, હૃદયમાં હરિ આપ ।
નભ-જલ અવની- અનીલ અનલ, સૌમાં શ્યામની છાપ ॥

જેના નેત્રોમાં અને હૃદયમાં પ્રાણવલ્લભ બિરાજી રહેલ છે. તેને આકાશ જલ પૃથ્વી વાયુ અગ્નિ પાંચે મહાભુત તત્ત્વોમાં પોતાના પ્રિયતમની જ મૂર્તિ દેખાયા કરે છે. આને પ્રેમીજનોનો સર્વાત્મભાવ કહેવાય છે. આ અવસ્થા બનતા પ્રેમીજનની દુનિયા પોતાના પ્રિયતમમય બની જાય છે.

હવે અવ્યક્ત પ્રેમ સ્વરૂપ કે જેનો અનુભવ હૃદયમાં જ થાય છે તેનું વર્ણન કરવામાં આવે છે.

જો દેખે સો કહે નહી, કહે સો દેખે નાહી ।
સુને સો સમજાવે નહીં, રસના દ્રુગ શ્રુતિ કાહી ॥

આ અવ્યક્ત (વિપ્રયોગ ભાવાત્મક) પ્રેમ સ્વરૂપ હૃદયમાં જ પ્રગટ થાય છે. અને તેનો અનુભવ માનસી-ભાવાત્મક થાય છે. તેથી ભાવાત્મક સ્વરૂપનું વર્ણન થઈ શક્તું નથી. અને જે વર્ણન કરે છે તેને ભાવાત્મક સ્વરૂપનો અનુભવ નથી. આ સ્વરૂપ માનસી મનથી જ અનુભવાય છે. તેથી વાણીથી વર્ણન થઈ શક્તું નથી. અથવા નેત્રોને જીભ નથી તેથી નેત્રો જે સ્વરૂપ સુધાનુ પાન કરે છે તેનું વર્ણન નેત્રો

કરી શકતા નથી. આ સ્વરૂપના અનુભવમાંથી બહાર વાણીનો લય થઈ જાય છે. બહારની બધી ઈન્દ્રિયોનો વ્યાપાર બંધ થઈ જાય છે. આંતરની ઈન્દ્રિયો મન-બુદ્ધિ ચિત - અહંકાર છે. તેમાં બહારની ઈન્દ્રિયોનો લઈ થઈ જાય છે અને અન્તઃકરણથી ભાવાત્મક સ્વરૂપનો અનુભવ હૃદય ભીતર જ થાય છે. જેમ સમાધીવાળા યોગીને બહારનું કંઈ જ્ઞાન હોતું નથી અને આંતર અનુભવ કરે છે તેમ ભાવાત્મક અવ્યક્ત પ્રેમ સ્વરૂપનો અનુભવ હૃદયમાં જ થાય છે.

સ્મરણ સુરતી લગાયકે, મુખ તે કછુ ન બોલ ।
બહાર કે પટ દેય કે, આંતર કે પટ ખોલ ॥

"બહાર કે પટ દેય કે" એટલે બહારની ઈન્દ્રિયોનો વ્યાપાર બંધ કરીને અથવા નેત્રોને બંધ કરીને ભીતર હૃદયમાં પ્રિયતમના સ્વરૂપનું ધ્યાન કરવું તેને "આંતર પટ" કહેવાય છે. જેમ ટેરો ખોલીને મંદિરમાં બિરાજતા શ્રીઠાકુરજીના દર્શન થાય છે. તેમ આપણા હૃદય મંદિરમાં પ્રાણ વલ્લભનું વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ રહેલું છે. તેનું ધ્યાન કરવું અને વાણીનો વ્યાપાર બંધ કરવો. **"લીખ્યો ન કાહુકો કહયો અપને મન અનુભાવ"** આમા વાણીનો વ્યાપાર રહેતો નથી.

સુમરન તુ ઘટમે કરે, ઘટહીકો કીરતાર ।
ઘટહી ભિતર પાઈએ, સુરતી શબ્દ ભંડાર ॥

હૃદય ઘટમાં પ્રિયતમ આત્મા સ્વરૂપે સદા બિરાજી રહ્યા છે. તેનું હૃદયમાં જ ધ્યાન કરવું. સૌન્દર્યતાનો દિવ્ય પ્રેમ ભાવોનો મહાસાગર પ્યારો પ્રાણ વલ્લભ આપણા જ હૃદયમાં રહેલા છે. સ્વતંત્ર ભક્તિવાળાને બહાર સ્વરૂપ જોવાનું નથી અથવા બહાર સ્વરૂપની અપેક્ષા નથી. આપણું હૃદય જ વૃંદાવન છે અથવા આપણા દિવ્ય સ્વરૂપનું હૃદયધામ રૂપ છે. અથવા રોમ રોમ ધામરૂપ થયેલ છે. તેવી ભાવના કરવી તે હૃદયરૂપ ધામમાં અથવા પ્રત્યેક રોમરૂપ ધામમાં પ્રાણ વલ્લભ સુંદર શૈયા પર પોઢેલા છે. તેવી ભાવના કરવી.

સુન્દર અંદર પેઠકે, દિલમેં ગોતા માર ।
તો દિલહી મેં પાઈએ, સાંઈ સર્જન હાર ॥

એક પ્રેમી કહે છે કે તારા હૃદયમાં જ તૂ ડૂબકી લગાવ તો તારો પ્રિયતમ તારા હૃદયમાં જ દેખાશે. નિત્ય સખા જે પ્યારો વલ્લભ છે તે તો સદાય હૃદય મંદિરમાં

બિરાજી રહેલ છે. પણ આપણે આપણા હૃદય મંદિરના દ્વાર બંધ કરી રાખ્યા છે અને બહાર જગત પ્રપંચમાં ભૂલા ભમ્યા કરીએ છીએ તેથી કહે છે કે -

સખુન હમારા માનીયે, મત ખોજે કહું દૂર ।
સાંઈ સીને બીચ હે, સુન્દર સદા હજુર ॥

અવ્યક્ત-વિપ્રયોગ ભાવાત્મક પ્રેમ સ્વરૂપનો અનુભવ કરનાર પ્રેમીજન મનને કહે છે કે તુ મારી શિખામણ માન તારા પ્રિયને કંઈ બીજે ખોજીશ નહીં. તારા હૃદય મંદિરમાં સદા બિરાજી રહેલ છે. આપણને વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપનો અનુભવ આપણા જ હૃદયમાં થાય છે. તેથી શ્રી હરિરાય પ્રભુ આપણા પ્રાણ વલ્લભ ક્યાં બિરાજે છે તેનો પરિચય એક પદમાં જ કરાવી રહ્યા છે.

બનજા હરિદાસા હરિદાસા રે મન છોડ સબનકી આશા ।
સુધા સિન્ધુ કે નિકટ બસત હે, ક્યોં રહત મૂઢ પ્યાસા ॥
શ્રી વલ્લભ કે પદ કમલ મેં, મહા રસકી હે રાસા ।
પદ કમલ કો આશ્રય કરલે, કટ જાય ભવ કી ફાંસા ।
'રસિક' જન તુ પાન કરલે અમૃત રસ કો પ્યાસા ॥

શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે શ્રી વલ્લભનું અનન્ય શરણ ગહી બીજાની આશા છોડી દે. સુધા સિન્ધુ પ્રાણ વલ્લભ તો તારા હૃદયમાં અતિ નિકટ બિરાજી રહેલ છે. છતાં તારી મૂઢ બુદ્ધિ હોવાથી તુ સુધા પાન વિનાનો પ્યાસો રહે છે તેનું કારણ તારૂં અજ્ઞાન છે. સુધા સાગર તારી ભિતર જ છે તેને તુ ઓળખતો નથી અને ખાબોચિયા જેવા નાશવંત વિષયસુખોથી તારા સુખની પ્યાસ બુઝાવે છે. શ્રી વલ્લભ પ્યારાના ચરણમાં મહારસ ભર્યો છે. તેનો જ દઢ આશ્રય કરી લે તો બધાય પ્રકારની (લૌકિક અલૌકિક) માયાની ફાંસીમાંથી તુ મુક્ત થઈ જઈશ. સૌથી બલવાન ફાંસી અલૌકિક માયાની છે. તે ફાંસી પ્રાણ વલ્લભના સૌન્દર્ય લાવણ્યના પાનથી દૂર થઈ શકે તેમ છે. તેથી બધી આશા છોડીને તારા નિત્ય સખા પ્યારા પ્રાણવલ્લભની જ આશા કર. પ્રાણવલ્લભને છોડીને જેની જેની આશા કરીશ તે બધાયથી નિરાશા જ મળશે. કારણ કે બહારનું જગત કાળમાયાના ગુણોથી વ્યાપેલું છે. આપણું આસુર ભાવના આવેશ વાળું મન દુષ્ટ છે. બીજાના અલ્પ ગુણોમાં મોહ ઉત્પન્ન કરી તેમાં આપણને ફસાવે છે. પણ ઉંડા ઉતરી તેના જીવનને તપાસતા "છેટેથી ડુંગર રળીયામણા" આ કહેવત જેવા જ તેઓ હોય છે.

સરોવરમાં જલ ભરેલું દેખાય છે પણ તેમાં ઉંડા ઉતરતા કાદવ જ ભરેલો દેખાય છે. તેમ સંસારી સ્વાર્થી જીવોના હૃદયના ઉંડાણમાં સ્વાર્થનો કાદવ ભરેલો હોય છે. તેવાના સંબંધમાં વધારે આવતા અને તેઓનું ભીતરી જીવન તપાસતા માયાના ગુણોનો ઉકરડો એકઠો કરેલો દેખાય છે. તેથી કોઈની આશા કરવી નહીં. ભલે આપણને ભીતરથી પ્રિયતમનું પોષણ ન મળે, તો પણ કેસરી સિંહ જેમ સાત દિવસનો ભૂખ્યો ઘાસ ખાઈને જીવતો નથી અને ચાતક નવઘનની આશામાં પ્યાસો રહેવા છતાં બીજા પવિત્ર જલોમાં પણ ચાંચ બોળતો નથી. તેમ શ્રી વલ્લભના અનન્ય પ્રેમીજનોએ કોઈની આશા ન કરવી જોઈએ. દિવ્ય પ્રેમનો મહાસાગર અનંત દિવ્ય ગુણોથી ભરપુર તો આપણા પ્રાણ વલ્લભ જ છે. તેના સિવાય બધાય દોષ યુક્ત અને અપુર્ણ છે. "અન્તઃકરણ પ્રબોધ" ગ્રંથમાં આપશ્રીએ આજ્ઞા કરી છે કે "કૃષ્ણ વિના કોઈ બીજું નિર્દોષ નથી" બીજામાં જે આનંદ છે તે અપૂર્ણ છે અલ્પ છે. સાગર સમાન પૂર્ણ આનંદ તો શ્રી વલ્લભ પ્યારામાં જ રહેલો છે. તેથી પ્રાણ વલ્લભની જ આશા કરવી. ભૂતલમાં રહેલા ભૌતિક અધ્યાસવાળા દેવી જીવો જે પ્રભુ સંબંધી આનંદનો અનુભવ કરે છે તે વિષયાનંદમાં ભળી જતો હોવાથી અલ્પ જ છે જ્યારે દૈવી જીવોના આનંદનો પ્રવેશ પણ વિષયાનંદમાં થાય છે તો કેવલ પ્રવાહી સંસારી જીવોના સુખની તુચ્છામાં કહેવું જ શું ? પ્રાણવલ્લભના જનોએ આ પ્રમાણે વિવેક વિચારથી લૌકિક અલૌકિક બન્ને પરિકરથી સંબંધ તોડી પ્રાણ વલ્લભની આશા કરી સન્મુખ રહેવું.

અલૌકિક માયાની ફાંસીમાં પીડાયેલા રસિક પ્રેમી ભક્ત હરિશ્ચંદ બાબુ કાશીવાળાએ પોતાનો અનુભવ એક પદમાં બતાવ્યો છે તે પદ નીચે મુજબ.

પદ

તુમ બિન પ્યારે કહું સુખ નાહી ।
ભટક્યો બહુત સ્વાદ રસ લંપટ, ઠૌર ઠૌર જગમાંહી ॥
પ્રથમ ચાવ કરી બહુત પિયારે, જાઈ જહાં લલચાને ।
તહાં તે ફિરિ એસો જીય ઉચટત, આવત ઉલટી ઠીકાને ॥
જીત દેખો તીત સ્વારથહી કી, નિરસ પુરાની બાતે ।
અતિહી મલીન વ્યવહાર દેખિકે, ઘૃણા આવત હે તાતે ॥

હીરા જૈસા સમુઝત સૌ નિકસત, કાચો કાચ પિયારે ।
યા વ્યવહાર નફા પાછે, પછિતાનૌ કહત પુકારે ॥
સુંદર ચતુર રસિક અરૂ નેહી, જાની પ્રેમ જીત કીનો ।
તિત સ્વારથ અરૂ કારો ચિત્ત હમ, ભલૈ સબહિ લિખ લીનો ॥
સબ ગુણ હોય જુ પૈ તુમ નાહી, તો બિનુ લૌન રસોઈ ।
તાહીસો જ્હાંજ પંછી સમ, ગયો અહો મન હોઈ ॥
અપને ઔર પરાયે સબહી, જદપિ નેહ અતિ લાવૈ ।
પૈ તીનસો સંતોષ હોત નાહી, બહુ અચરજ જીય આવે ॥
જાનત ભલે તુમ્હારે બિન સબ, બાદિહી બિતત શ્વાસે ।
“હરિચંદ” નહી છુટતી તોઉ, યહ કઠીન મોહકી ફાંસે ॥

પ્રેમ વાટીકા (રસખાનજી કૃત)

યા છબિપે રસખાની અબ વારો કોટિ મનોજ ।
જાકી ઉપમાં કવિજુ નહિ પાય રહે સુ ખોજ ॥

બ્રહ્માજીએ ચૌદ લોક બનાવ્યા તેમાં આપણે જે લોકમાં રહીએ તે મૃત્યુ લોક કહેવાયછે. આ મૃત્યુલોક રૂપી દુનિયાના તમામ મનુષ્યોની સૌન્દર્યતા એકઠી કરીયે. આ લોક ઉપર દેવતા લોક છે તે બધાય દેવોની સૌન્ર્યતા એકઠી કરીએ અને નીચે પાતાલ લોકની સૌન્દર્યતા એકઠી કરીએ. આ ત્રણે લોકની સૌન્દર્યતા એકઠી કરીએ ત્યારે એક કામદેવની સૌન્દર્યતા કહેવાય. આવા અનંત કૌટિ કામદેવની સૌન્દર્યતા પ્રેમદેવ શ્રી વલ્લભના એક રોમની સૌન્દર્યતામાં પ્રવેશી શક્તી નથી. જેની સૌન્દર્યતાની ઉપમાં રસિક કવિઓ પણ આપી શક્તા નથી. અથવા ઉપમાની ખોજ કરી થાકી ગયા પણ તેનો નિર્ણય કરી શક્તા નથી. કારણ કે પ્રેમદેવ શ્રી વલ્લભની સૌન્દર્યતા તો મહાસાગર સમાન છે અને જેમ સાગરમાં તરંગો પ્રતિક્ષણ નૂતન નૂતન ઉઠ્યા જ કરે છે તેમ શ્રી વલ્લભની સૌન્દર્યતા પણ પ્રતિક્ષણ નૂતન નૂતન પ્રગટ થતી જ રહે છે. તેથી કવિ લોકો તેનો નિશ્ચય કરી શક્તા નથી. આવો છે દિવ્ય પ્રેમ સ્વરૂપ શ્રી વલ્લભનો પ્રેમ અને તેની સૌન્દર્યતાનો મહિમા.

પ્રેમ અયની શ્રી રાધિકા, પ્રેમ બરન નંદનંદ।
પ્રેમ વાટીકા કે દોઉ, માલીની માલી દ્વંદ ॥

આ દિવ્ય પ્રેમ બાગને વિકસીત કરનાર માલીની અને માલી રાધિકા કૃષ્ણ છે. દિવ્ય પ્રેમ વિલાસના આ બન્ને પાત્રો છે. પૂર્ણ દિવ્ય પ્રેમ સાગર સમાન આ બન્ને (યુગલો) માં રહેલો છે. દિવ્ય પ્રેમને શીખવનારા આ બન્ને શિક્ષકો છે. જે પ્રેમીઓને દિવ્ય પ્રેમ પ્રાપ્ત કરવો હોય તેને આ યુગલના પ્રેમનો પાઠ શીખવો જોઈએ. આ બન્ને યુગલ પ્રેમીઓ આલિંગન દઈને પોઢ્યા છે. અરસ પરસની કરોડો કામદેવથી અધિક સૌન્દર્યતાનું અરસ પરસ પાન કરી તેના નશામાં ચકચૂર રહે છે. પોતે પોતાને ભૂલી ગયા છે. આ તેમના શિખર પ્રેમનો એક નમૂનો છે. બાકી તો બન્નેના દિવ્ય પ્રેમ વિલાસના અનુભવનું સંપૂર્ણ વર્ણન કોઈ કરી શક્યું નથી અને ભવિષ્યમાં પણ કોઈ કરી શકશે નહીં.

પ્રેમ પ્રેમસબ કોઈ કહત, પ્રેમ ન જાને કોય।
જો જન જાને પ્રેમ, તો મરે જગત ક્યોં રોય ॥

ખરી રીતે દિવ્ય પ્રેમ આત્માથી જ પ્રગટ થાય છે. ત્યારે જ તેને સમજી શકાય છે. પોથીમાંથી પઢેલા પ્રેમનું અનુમાન થાય છે. પણ સત્ય સમજતો અનુભવ કરનારને જ થાય છે. જેવી રીતે કોઈ મનુષ્યને ૧૦૫ ડીગ્રી તાવ ચઢ્યો હોય તેનું દુઃખ સાજો માણસ અનુમાનથી કરી શકે છે. પણ સત્ય દર્દનો અનુભવ તો પોતે અનુભવ કરે ત્યારે જ સમજી શકાય છે. તેવી રીતે દિવ્ય પ્રેમ જ્યા સુધી અનુભવમાં ન આવે ત્યાં સુધી ખરી રીતે કોઈ જાણી શક્તુ નથી. આ પ્રેમને કવિઓ અનુમાનથી કહે છે કે જ્યારે આ પ્રેમ જેનામાં પ્રગટ થાય છે તેનામાં પ્રાણનું સમર્પણ તે જ સમયે થઈ જાય છે. એટલે કે જેમાં પ્રેમ લાગ્યો તે પ્રેમ પાત્ર જ પ્રેમીના પ્રાણ બની જાય છે. ત્યારે જેમ પ્રાણ વિના માણસ તરફડતો હોય છે તેમ પ્રેમી પોતાના પ્રિયતમ વિના તરફડતો હોય છે. આ દિવ્ય પ્રેમમાં પ્રાણ સમર્પણમાં પણ મધુર દર્દનો જ પ્રેમીજન અનુભવ કરતો હોય છે તેથી સર્વસ્વ જે પોતાના પ્રાણને અર્પણ કરીને પણ હટતો નથી.

આ દિવ્ય પ્રેમને પ્રેમ પોથીમાંથી જાણી લઈને શ્રી વલ્લભ પ્યારાને પોતાના પ્રેમનું પાત્ર બનાવી લઈ સતત ધ્યાન કરવાથી જ દિવ્ય પ્રેમ આપશ્રીના સ્વરૂપમાંથી જ પ્રગટ થાય છે, શ્રીવલ્લભ દિવ્ય પ્રેમના મહાસાગર છે. તે પ્રેમીજનોના આત્મારૂપે તેના હૃદયમાં જ રહે છે. શ્રીવલ્લભ પ્યારામાં પ્રેમનો મહાસાગર ભરેલો હોવાથી કોઈ સમયે ખૂટી જવાનો કે ઓછો થવાનો ભય રહેતો નથી. નદી-સરોવર અને

કૂવાના જલો ઓછા થઈ જાય છે પણ સાગરમાંથી કોઈ સમયે ઘટતું નથી તેમ, વલ્લભ દિવ્ય પ્રેમનો મહાસાગર હોવાથી તેમાંથી પ્રેમ જલ ઘટે તેમ નથી. આવા પ્રેમદેવ શ્રીવલ્લભ પ્યારાનું નિરંતર માનસી ધ્યાન કરતા રહેવાથી દિવ્ય પ્રેમની પ્રાપ્તિ થાય છે. આપની સૌન્દર્યતાનું વર્ણન પાછળના દોહામાં ઘણી જગ્યાએ કરવામાં આવ્યું છે. તેનું અનુસંધાન કરી તેની સૌન્દર્યતા સહિત માનસી ધ્યાન કરતા રહેવું. આ પ્રેમદેવશ્રી વલ્લભ આપણા જ આત્મામાં આત્મારૂપથી આપણા હ્રદયમાં બિરાજી રહ્યા છે. પણ અવિદ્યા રૂપી ટેરો લાગેલો હોવાથી તેના સાક્ષાત્ દર્શન થતા નથી. પરંતુ આપણા જીવનનો ધ્યેય દિવ્ય પ્રેમને મેળવવા તીવ્ર તમન્નાવાળો બને છે ત્યારે દિવ્ય પ્રેમ હદયમાંથી જ પ્રગટ થઈ જાય છે. અને પ્રેમ પ્રગટ થયા પછી પણ તેને સાક્ષાત્ ભેટવા તીવ્ર વ્યથા ઉઠ્યા કરે છે ત્યારે અવિદ્યાનો ટેરો સંપૂર્ણ ખસી જાય છે. તે જ સમયે પ્યારા વલ્લભનો સાક્ષાત્કાર થઈ જાય છે અને તે જ સમયે લીલા લોકમાં પ્રવેશ થઈ જાય છે.

પ્રેમરૂપ દર્પણ અહો, રચે અજુબો ખેલ ।
યામેં અપનો રૂપ, કછુ લખિ પરહે અનમેલ ॥

આ દિવ્ય પ્રેમરૂપી દર્પણનો ખેલ અજાયબ ભરેલો છે. આ દર્પણમાં પ્રેમીને પોતાનું જ દિવ્ય રૂપ દેખાય છે. પ્રેમીજનનું આ રૂપ પણ પ્રેમમય હોવાથી અનમોલ છે. 'અનમોલ' એટલે આ દિવ્ય પ્રેમમય સ્વરૂપનું મૂલ્ય થઈ શકે નહીં. જ્યારે આપણે પ્રિયતમ શ્રી વલ્લભનું સતત ધ્યાન કરીએ છીએ ત્યારે આપણે પણ પ્રેમમય જ બની જઈએ છીએ. અને આપણા પ્રિયતમ પણ પ્રેમમય છે. આપણે પણ પ્રેમમય બની જતા હોવાથી પ્રેમરૂપી દર્પણમાં આપણું જ પ્રેમ સ્વરૂપ દેખાય છે. પ્રિયતમનું ધ્યાન કરવાનું આ જ કારણ છે કે તે પ્રેમરૂપ છે અને તેના ધ્યાનથી આપણને પ્રેમરૂપ બનાવે છે. આપણે પ્રેમરૂપ બન્યા તેથી આપણામાં અને પ્રિયતમમાં કોઈ ભેદ ન રહ્યો તેથી દોહામાં કહ્યું કે પ્રેમીને પોતાનું જ રૂપ પ્રેમરૂપ દર્પણમાં દેખાય છે. આ પ્રેમનું રૂપ પ્રેમી જોઈને અજાયબી પામી જાય છે.

કમલ તંતુ સો છિન અરુ કઠિન ખડગ કી ધાર ।
અતિ સુધો ટેડો બહુરી પ્રેમ પંથ અનિવાર ॥

કમલની ડાંડીને તોડતા તેના બારીક તંતુ નીકળે છે. તેવો અત્યંત સુક્ષ્મ આ દિવ્ય પ્રેમ છે, છતાં કઠીન તલવારની ધાર જેવો છે એટલે દિવ્ય પ્રેમના સંબંધો કદિ

તૂટતા નથી. આ પ્રેમ સંયોગમાં સીધો છે અને વિયોગમાં વાંકો ચાલે છે. કમલતંતુના પતલા તાર જેવા પ્રેમથી બંધાયેલા પ્રેમીઓના જીવનની વચમાં જે જે સંકટો ઉભા થાય છે તેને કાપી નાખવા તલવારની તીક્ષ્ણધાર જેવો આ દિવ્ય પ્રેમ છે અને જીવન પ્રિયતમને અર્પણ થઈ ગયા પછી આ પ્રેમની ધારા સીધી ચાલે છે. જ્યાં સુધી આત્માનું સમર્પણ પ્રિયતમને થઈ ગયું નથી ત્યાં સુધી આ પ્રેમ ટેડો ચાલે છે. દુનિયાના નિયમોથી પ્રેમપંથ બિલકુલ જુદા જ પ્રકારનો છે. ટૂંકમાં પ્રેમીઓની રાહ જગતના વ્યવહારોથી જુદા પ્રકારની છે તેથી જ "પૃથક શરણ માર્ગોપદેષ્ટા" આપનું નામ છે.

જીના તેરી ગલીમેં, મરના તેરી ગલીમેં ।
દુનીયા હમારી બરબાદ, તેરી ગલીમેં ॥

જીવવાનું પ્રાણવલ્લભ માટે, મરવાનું પણ પ્રાણવલ્લભ માટે, દુનીયાથી નાતો તૂટ્યો, આ દુનીયામાં પ્રેમીનું મરણ થયું અને પ્રેમની દુનિયામાં જીવન શરૂ થયું અને જગતના બધાય સુખો પ્રિય માટે છોડ્યા તેથી દુનિયામાં બરબાદી થઈ ચૂકી. આ રીતે દિવ્ય પ્રેમનો પંથ નિરાલો છે.

બિનુ ગુણ જોબન રૂપ ધન, વિનુ સ્વારથ હિત જાન ।
શુધ્ધ કામના તે રહિત, પ્રેમ સકલ રસખાન ॥

દિવ્ય પ્રેમ જેમાં પ્રગટ થાય છે તેના ગુણોને યૌવનને, સૌન્દર્યતાને કે ધનને ચાહીને પ્રગટ થતાં નથી અથવા ગુણ યૌવન સૌન્દર્ય કે ધનથી પ્રગટ થયેલો પ્રેમ દિવ્ય કહી શકાતો નથી. દિવ્ય પ્રેમ તો પોતાના પ્રિયપાત્રમાં સારો ગુણ ન હોય, યૌવન ન હોય, સૌન્દર્યતા ન હોય છતાં પોતાનું પ્રિય પાત્ર પોતાને પ્રાણથી અધિક પ્રિય લાગે છે.

મોગલ બાદશાહની એક ગાથા છે કે એક બાદશાહને તેની બેગમમાં અત્યંત પ્રેમ હોવાથી રાજ્યનું કામ વજીરને સોંપી રાજમહેલમાં જ રહી આવતો. તેની બેગમનું મુખ એક ક્ષણ જોયા વિના રહી શક્તો નહીં. એક સમયે રાજ્યમાં ઉપદ્રવ ફેલાયો ત્યારે વજીરે રાજમહેલમાં આવી શિકાયત કરવા એક કમરામાં બેઠો હતો. બીજા કમરામાં બેગમ બેઠી હતી વચમાં ચીખ નાખી હતી. બાદશાહ વજીરની વાત સાંભળતો જાય છે અને વારંવાર ચીખમાંથી બેગમનું મુખ જોતો રહે છે. તે સમયે વજીરે ચીખમાંથી બેગમનું મુખ જોઈ લીધું. બેગમ બહુ સ્વરૂપવાન નહી હતી. તેથી વજીર બાદશાહને કહેવા લાગ્યો કે તમે આટલા બધા બેગમમાં લટ્ટુ થઈ ગયા છો

પણ બેગમનું એવું કોઈ સૌન્દર્ય દેખાતું નથી. તેના જવાબમાં બાદશાહ વજીરને કહે છે કે તું મારી આંખોથી જો, તો તને બેગમના સૌન્દર્યની કિંમત થશે. ખરી રીતે બેગમ એટલી સૌન્દર્યવાન નહી હતી, પણ પ્રેમ વસ્તુ જ એવી છે કે જ્યાં લાગે છે તેના સૌન્દર્યની ચાહના કરીને લાગતો નથી. અથવા પ્રેમ ખુદ જ સૌન્દર્યવાન છે. પ્રેમ અને સૌન્દર્ય અભિન્ન તત્ત્વો છે. તે ન્યારા રહી શકતા નથી. ભગવાન કૃષ્ણ શ્યામવર્ણ હતા છતાં, હજારો લાખો શ્રી ગોપીજનો તેની પાછળ બાવરા બનેલા હતા. કહેવાનું તાત્પર્યએ છે કે દિવ્ય પ્રેમ સૌન્દર્ય જોઈ થતો નથી, તે તો સહજ જ પ્રગટ થાય છે. કોઈપણ પ્રકારના સ્વાર્થ વગર આ દિવ્ય પ્રેમ તેના પ્રેમી પાત્રમાં લાગેલો હોય છે તેને દિવ્ય પ્રેમ કહેવાય છે. અથવા પોતાના પ્રિયના જ સુખમાં જ સુખ માનનારો આ દિવ્ય પ્રેમ છે. દિવ્ય પ્રેમ આત્મામાંથી જ પ્રગટ થાય છે. અને આપણો અત્મા પ્રાણ વલ્લભ છે. પોતાના આત્મામાં જ સહજ પ્રેમ હોય છે. આ શ્રી વલ્લભ પ્રેમના મહાસાગર રૂપ છે તેમાંથી જ પ્રેમનો પ્રવાહ પ્રગટ થઈ આપણા હૃદયમાં પ્રવેશે છે. તેનું નામ દિવ્ય પ્રેમ છે. આ દિવ્ય પ્રેમને મેળવવા શ્રીવલ્લભ પ્યારાનું સતત ધ્યાન સ્મરણ ગુણગાન કરતા રહેવું જોઈએ. જ્યારે આપણા મનને બધેયથી નિવૃત કરી શ્રીવલ્લભ સ્વરૂપમાં ધ્યાન જોડીએ છીએ ત્યારે મનની સંકલ્પ વિકલ્પ રૂપી વૃત્તિઓ શ્રી વલ્લભ સ્વરૂપ રૂપી પ્રેમના મહાસાગર સાથે જોડાય છે. મનની આ વૃત્તિઓ સરિતા જેવી છે. જેમ મહાસાગર સાથે જોડાયેલી જલ વગરની ખાલી સરિતાઓમાં સાગરનું જલ અખંડ વહેતું હોય છે. તેમ આપણા મનની વૃત્તિઓ રૂપી સરિતાનું જોડાણ પ્રેમના મહાસાગર સ્વરૂપ શ્રીવલ્લભ સાથે જોડાય છે. ત્યારે તે મહાસાગરમાંથી જે પ્રેમનો પ્રવાહ આપણને પ્રાપ્ત થાય છે તેને દિવ્ય પ્રેમ કહેવાય છે. આત્મારૂપી મહાસાગરમાંથી આ પ્રેમનો પ્રવાહ પ્રાપ્ત થયેલો હોવાથી તેનો અખંડ પ્રવાહ આપણા હૃદયમાં વહેતો હોય છે. અને તેનો અખંડ અનુભવ થતો હોય છે. આવી રીતે જેનો અખંડ અનુભવ થાય છે તેને દિવ્ય પ્રેમ કહેવાય છે. આવા દિવ્ય પ્રેમને મેળવવા માટે દશ્યમાન જગત સાથે નાતો તોડી શ્રી વલ્લભ પ્યારાનું સતત ધ્યાન ગુણગાન અને નામ સ્મરણ કરવું જોઈએ.

શાસ્ત્ર પઢી પંડિત ભયે, કે મૌલવી કુરાન ।
જો પે પ્રેમ જાન્યો નહિ, કહા કીયો રસખાન ॥

અનેક શાસ્ત્રો પઢીને પંડિત બની બીજાને ઉપદેશ કરતો હોય પણ જો મૌલાએ

ખુદાના પ્રેમ સ્વરૂપને જાણ્યું નહીં અને પંડિતોએ શાસ્ત્રો પઢીને પ્રભુના પ્રેમ સ્વરૂપને જાણ્યું નહી, તો કુરાન અને શાસ્ત્ર પઢી કંઈ પણ મેળવ્યું નહીં. દિવ્ય પ્રેમ જ દુનીયામાં અનમોલ વસ્તુ છે. આ પ્રેમને જાણ્યો તેણે બધુય જાણી લીધું. દૈવી માનવ જીવનની આદર્શતા અને સફળતા પ્રભુ પ્રેમને મેળવી લેવામાં જ રહેલી છે. દૈવી મનુષ્ય જીવન પ્રાપ્ત કરીને જો દિવ્ય પ્રેમ પ્રાપ્ત ન કર્યો તો દૈવી મનુષ્ય જીવનની કાંઈ કિંમત ન રહી. જીવન એનું નામ છે કે દિવ્ય પ્રેમ મેળવી તેમાં રંગાઈ જાય.

જેહી બિનુ જાને કછુ હી, નહી જાન્યો જાત વિશેષ ।
સોહી પ્રેમ જેહી જાન કે, રહી ન જાત કછુ શેષ ॥

આ દુનિયામાં દિવ્ય પ્રેમ વિના કંઈ જાણવાનું વિશેષ નથી. આ પ્રેમ જાણ્યા પછી બીજું કાંઈ જાણવાનું બાકી રહેતું નથી અથવા દિવ્ય પ્રેમને જેણે જાણ્યો તેણે પ્રભુને જાણી લીધા. કારણ કે પ્રેમ એ જ પ્રભુનું ખરૂં સ્વરૂપ છે.

મિત્ર કલત્ર સુબંધુ સુત, ઈનમે સહજસ્નેહ ।
શુધ્ધ પ્રેમ ઈનમેં નહી, અકથ કથા સવિશેષ ॥

આ જગતમાં મિત્રો સાથે, કુટુંબ સાથે, પોતાના દેહના પરિવાર પતિ પુત્રાદિક અથવા સ્ત્રી પુત્રાદિક સાથે મનુષ્યને સહજ સ્નેહ હોય છે. પરંતુ તેમાં સ્વાર્થ ભળેલો હોવાથી તેને દિવ્ય શુધ્ધ પ્રેમ કહી શકાતો નથી. અથવા આ પ્રેમ લૌકિક હોવાથી નાશવંત છે. શુધ્ધ દિવ્ય પ્રેમ એ જુદી વસ્તુ છે. દિવ્ય પ્રભુ પ્રેમવાળાને આ દશ્ય દુનીયા સાથે સંબંધ રહી શક્તો નથી. દુનિયા અને પ્રભુ પ્રેમ બન્ને જુદી વસ્તુ છે. દુનીયા જ્યારે હૃદયમાંથી હટી જાય છે ત્યારે દિવ્ય પ્રેમનો હૃદયમાં પ્રાદુર્ભાવ થાય છે. અથવા જગત પ્રપંચ હૃદયમાંથી નીકળી જાય ત્યારે દિવ્ય પ્રેમ પ્રગટ થાય છે.

એક અંગી બિનુ કાર નહી ઈક રસ સદા સમાન ।
ગીને પ્રીયહી સર્વસ્વ, સોઈ પ્રેમ પ્રમાન ॥

દિવ્ય પ્રેમ એકમાં લાગે છે. આ પ્રેમ પોતાના પ્રિય પ્રભુ સિવાય બીજા ગુણવાન વ્યક્તિઓમાં વેચાતો નથી. એટલે કે શ્રીવલ્લભ પ્યારા સિવાય દેહના પરિવારમાં અનેક ભૌતિક અધ્યાસવાળા દૈવી પરિકરમાં આ પ્રેમ વંટાતો નથી. એકધારો પ્રેમ પ્રવાહ સદા પ્રાણ વલ્લભમાં જ વહ્યા કરે છે. પ્રિયતમને જે પોતાનું સર્વસ્વ માને છે. 'સર્વસ્વ' એટલે જેના સંબંધ વિના જીવન નભાવી ન શકાય તેને

સર્વસ્વ કહેવાય છે. જેમ આપણને આત્મા વહાલો છે. તેનાથી અનંત ઘણો પ્રેમ આપણા આત્માના આત્મા પ્રાણ વલ્લભમાં હોય તેને સર્વસ્વ કહેવાય અને આવા પ્રેમને જ દિવ્ય કહેવાય છે.

ડરે સદા ચાહે ન કછુ, સહે સબે જો હોય ।
રહે એક રસ ચાહી કે, પ્રેમ બખાનો સોય ॥

પ્રિયની અપ્રશન્નતા મૃત્યુ સમાન દુ:ખદાયી જેને લાગે છે. પ્રિયની પ્રશન્નતા જ હૃદયમાં જોવા ચાહે છે. પ્રિયને શ્રમ થાય તેવી બાબતથી સદા ડરે છે. પ્રિયતમથી કોઈ પણ પ્રકારના સુખની જેને ચાહના નથી પરંતુ પ્રિયના સુખની જ ચાહના કરે છે. અથવા પ્રિયતમનું સુખ તે જ પ્રેમીજન પોતાનું સુખ માને છે.

આવી રીતે એક ધારા તત્સુખી પ્રેમને ચાહીને જે કંઈ દુ:ખ આવી પડે તે બધાય દુ:ખોને સહન કરે છે. છતાં પોતાના દુ:ખની પ્રિયતમને જાણ ન થાય તેની સાવધાનતા પણ રાખે છે. આવા તત્સુખી પ્રેમની પ્રેમી જગતમાં આદર્શતા છે અને તેની જ બડાઈ છે.

પ્રેમ પ્રેમ સબ કોઉ કહે, કઠીન પ્રેમ કી ફાંસ ।
પ્રાન તલફી નિકસે નહિ, કેવલ ચલત ઉષાસ ॥

પ્રેમને સૌ કોઈ ચાહે છે અને પ્રેમીઓની ગાથા પણ પઢે છે. પરંતુ પ્રેમની કઠિન ફાંસીમાં ફસીને તેના કઠીન દર્દનો અનુભવ કરનારા લાખોમાં કોઈ એક જ વિરલા નીકળે છે. દિવ્ય પ્રેમ પ્રગટ થતા જ મન રૂપી મીન પ્રિયપાત્રના પ્રેમરૂપી ઝાળમાં ફસાઈ જાય છે, ત્યારે માછલું જેમ જલથી અલગ થતા તરફડે છે તેમ પ્રેમ ફાંસીમાં ફસનારાના મનની હાલત થાય છે. પ્રેમ ફાંસીનું આ દર્દ મધુર છે. કોઈ એક મહા ભાગ્યવાનને પ્રાપ્ત થાય છે. પ્રેમના આ મીઠા દર્દને પ્રેમમાં ફસનારા જ જાણી શકે છે અને જેમ મુર્છાવાળા માણસોનો શ્વાસ તો ચાલતો હોય છે પણ તેના પ્રાણ તરફડતા હોય છે તેમ પ્રેમીજનનું મન પ્રાણવલ્લભના રૂપસૌન્દર્યનું પાન કરી તેના નશામાં ચકચૂર થયેલું મૂર્છિત દશામાં તરફડીયા મારતું હોય છે. આવા દિવ્ય પ્રેમની ઘાયલ દશા પ્રેમી દુનિયાના પાત્રો સદા ચાહતા હોય છે. કારણ કે દિવ્ય પ્રેમના મીઠા દર્દના સ્વાદની અજાયબીને પ્રેમની ફાંસીમાં ફસાયેલા જ જાણે છે. બીજાને તેની કિંમત નથી હોતી. પ્રેમની ફાંસીમાં ફસાઈ જવું તેનું નામ જ પ્રભુ પ્રેમવાળુ દિવ્ય જીવન છે. પ્રેમીઓ પ્રેમના મધુર દર્દમાંથી નીકળવા ચાહતા નથી તે

નીચેના દોહાથી જાણવા મળે છે.

આઈ કહાં તે દિલકો કાંટો, કાઢન અહીં હઠીલી ।
લગ્યો રહન દે લાગતી, વાકી મીઠી કસક ચુંભીલી ॥

પ્રિયતમનું નેત્રરૂપી બાણ પ્રેમીના દિલમાં ચુંભી ગયું તેનું મીઠું દર્દ અનુભવીને સખાને કહે છે કે તું કહાં તે આઈ મારા દર્દનો મીઠો સ્વાદ ભુલાવવા.

પ્રેમ હરિકો રૂપ હે, ત્યોં હરિ પ્રેમ સ્વરૂપ ।
એક હોય દ્વે યોં લસે, જ્યોં સૂરજ અરૂ ધૂપ ॥

પ્રેમ એ જ પ્રભુ છે અને પ્રભુ એ જ પ્રેમ છે. બન્ને એકરૂપ જ છે જેમ સૂર્ય અને તેનો પ્રકાશ જુદા નથી. તેમ પ્રભુ પોતાના સ્વરૂપમાંથી દિવ્ય પ્રેમના અનેક સ્વરૂપો (પ્રેમીજનો) પ્રગટ કરે છે તે પ્રેમીજનો પણ પ્રેમરૂપ છે અને પ્રભુ પણ પ્રેમ રૂપ જ છે. તેથી દિવ્ય પ્રેમ ધામમાં પ્રભુને ચાહવાવાળા પ્રેમીજનો અને પ્રભુમાં જરા પણ ભેદ નથી. જેમ પ્રેમ અને પ્રભુ બન્ને એકરૂપ છે તેમ પ્રભુ અને પ્રેમીજનો બન્ને એક રૂપજ છે. આ બન્ને પ્રેમ સુધાના મૂર્તિમાન સ્વરૂપો છે. એક સ્વરૂપ સ્ત્રી ભાવાત્મક છે, બીજું સ્વરૂપ પું ભાવાત્મક છે.

પ્રેમ ફાંસી મેં ફસી મરે, સોઈ જીયે સદાહી ।
પ્રેમ મરમ જાને વિના, મરી કોઉ જીવત નાહી ॥

પ્રેમની ફાંસીમાં જે ફસાયો તેનું 'અહં' ખોવાઈ જાય છે. જેનું અહં ખોવાઈ ગયું તેનું નામ જ મૃત્યુ કહેવાય છે. આવું અહં ખોઈને પ્રેમની ફાંસીમાં ફસેલો જ સાચુ જીવન જીવી રહ્યો છે. અથવા આનું નામ જ જીવન છે. પ્રેમના આવા મરમને જે જાણતો નથી અને પ્રેમની ફાંસીમાં જે ફસાયો નથી. તેવો જીવતો હોવા છતાં મરેલા જેવો જ પ્રેમીઓની દુનિયામાં ગણાય છે.

હજારો ઓલીયા મુરસીદ, ગયા માસુકમાં ડૂબી ।
ન ડૂબા તે મુવા, એવી કલામો સખ્ત ગાઈ છે ॥
ફના કરવું ફના થાવું ફના મેં રાહ સમાઈ છે ।
મરીને જીવવાનો મંત્ર, દિલવરની દુહાઈ છે ॥

પ્રિયતમ ઉપર ન્યોછાવર થઈ જવું, પોતાના અહંનું પ્રિયતમને સમર્પણ કરી પોતાને ખોવાઈ જવું એ જ પ્રેમીનું આદર્શમય જીવન છે. આવા પ્રેમના મહત્વને જાણ્યા વગર મનુષ્યજીવન બરબાદ થાય છે. આવા જીવતા હોવા છતાં પ્રેમીઓની

દુનીયામાં મરેલા જેવા ગણાય છે પ્રેમીઓની દુનિયામાં તો પ્રેમની ફાંસીમાં ફસાયેલાની જ બડાઈ થાય છે અને તેને જ જીવી જાણ્યું કહેવાય છે.

જગમે સબતે અધિક, અતિ મમતા તનહી લખાય ।
પેવા તનહુ તે અધિક, પ્યારો પ્રેમ કહાય ॥

આ જગતમાં મનુષ્યને બધાયથી વિશેષ પોતાના દેહમાં જ મમતા અને પ્રેમ હોય છે. દેહના સુખ માટે જ સંસારના મનુષ્યો બધા કાર્યો કરતા હોય છે. પણ પ્રેમીજનોની સંસારી મનુષ્યોથી ઉલટી રીત છે. પ્રેમીઓ પોતાના દેહના કરતા પોતાના પ્રિય પ્રભુ માટે કુરબાની કરી દે છે. આવો ત્યાગ કરાવનાર દિવ્ય પ્રેમ છે. પ્રેમ, અમૃત હોવાથી પ્રેમી ભક્તને નવું દિવ્ય જીવન મીલાવી અમર બનાવે છે. દુનિયાના મનુષ્યો જ્યારે અન્નથી જીવનને ટકાવતા હોય છે, ત્યારે પ્રેમીઓનું જીવન પ્રેમરૂપ અમૃતથી ટકતું હોય છે.

લયલા મજનુમાં વિયોગની અગ્નિ સળગતી રહેતી તેથી તેમના શરીરમાં ખુન (રક્ત) નહી હતું. સંસારી જીવોનું જીવન લોહીથી ચાલે છે. ત્યારે પ્રેમીઓનું જીવન પ્રેમથી ચાલે છે. મજનું જ્યારે લયલાને મળવા આવતો ત્યારે લયલાના મહેલની સામે એક બાગમાં કરાયેલા પ્રિયતમાના સૌન્દર્યથી તેનું જીવન ટકાવી રાખતો. લયલા પાછળ બનાવટી મજનું પણ ફરતા હતા. એક સમય અસલી મજનુ સાથે બનાવટી મજનુઓ આવેલા તે બધાય બાગમાં બેઠ્યા હતા. તે સમયે લયલાની દાસીએ લયલાને કહ્યું કે અસલી મજનુ સાથે બનાવટી મજનુ પણ આવ્યા છે. ત્યારે લયલાએ દાસીને કહ્યું કે આજ બનાવટી મજનુની પરીક્ષા કરીએ. હું તને સોનાનો કટોરો અને કટોરી આપું છું તે તું લઈ જા અને બનાવટી મજનુઓને કહેજે કે તમારી લયલાએ તમારૂં ખૂન મંગાવ્યું છે. દાસી બાગમાં ગઈ, બનાવટી મજનુઓને કહેવા લાગી આ કટારીથી તમારા શરીરનું ખૂન કાઢી આપો લયલાએ મંગાવ્યું છે. ખૂનની વાત સાંભળી બનાવટી મજનુઓ એકની પાછળ બીજા બધાય ચાલવા લાગ્યા. અસલી મજનુ દાસી પાસેથી કટારી ખુંચવી કહેવા લાગ્યો મારી લયલાએ ખૂન મંગાવ્યું છે હું તને આપું છું એમ કહી કટારીના ઘા શરીર ઉપર કરવા લાગ્યો. આખા શરીરને કટારીના ઘાથી ખોદી નાખ્યું ત્યારે થોડીક બિન્દુ મળી તે કટોરામાં ઝીલી દાસીને કટોરો આપે છે. દાસી પણ લયલાની હતી પ્રેમીઓના પ્રેમથી તે પણ રંગાઈ ગઈ હતી. તેની બન્ને આંખુઓમાંથી અશ્રુધારા ચાલી રહી છે અને લયલા પાસે

આવે છે. લયલાને કહે છે તુ કેટલી કઠોર છે. તારા વિયોગે મજનુમાં ખૂન સુકાઈ ગયું છે ત્યારે લયલા કહે છે કટારી મારા હાથમાં આપ. કટારી દાસી પાસેથી લઈ લયલા તેના શરીર ઉપર ઘા કરવા લાગી, જ્યાં જ્યાં ઘા કરતી ગઈ ત્યાંથી ખાખ નીકળવા લાગી. દાસીને લયલાએ કહ્યું મજનુમાંથી તો તને થોડુંક પણ ખૂન મળ્યું. પરંતુ લયલામાં તો ખાખ જ રહી છે. આવા શુધ્ધ પ્રેમીઓના જીવન છે કે ખુન નહી હોવા છતાં, પ્રેમથી જ એક બીજાના સૌન્દર્યામૃત પાનથી જીવન તેમના ટકી રહેલા હોય છે. જેમ સૂર્યના પ્રચંડ કિરણો સરોવરના જલનું શોષણ કરી સરોવરને સૂકવી નાખે છે તેમ પ્રેમીજનોના ખુન અરસપરસ વિયોગ તાપથી શોષાઈ ગયા હોય છે. છતાં પ્રેમ અમૃત હોવાથી પ્રેમીઓના જીવનને આબાદ રાખી રહેલ હોયછે. સંસારના મનુષ્યોથી પ્રેમીઓના જીવન નિરાલા જ બનેલા છે.

જીતે જી ભર જાય કરે ન તન કી આશા ।
આશિકકા દિન રાત રહે શુલી પે વાસા ॥
માન બડાઈ ખોય નિંદ ભર નાહીન સોના ।
તીલભર રક્ત ન માંસ નહી આશિકકો રોના ॥

ઉપરોક્ત કથનથી પ્રેમીઓની રાહ સાંસારીઓથી નિરાલી જ છે.

હરિકે સબ આધીન, પે હરિ પ્રેમ આધીન ।
યાહી તે હરિ આપુહી, યાહી બડપ્પન દિન ॥

દુનિયા બધી ઈશ્વરના માયારૂપી ઝંઝીરમાં બંધાયેલી હોય છે. તેવા ઈશ્વરને પ્રેમની ઝંઝીર બાંધી લે છે. તેથી ઈશ્વર કરતા પ્રેમ બડો છે, અને સામર્થ્યવાન પણ ખરો જ. અનંત દુનીયાને બનાવનાર ઈશ્વર જો પ્રેમના બંધનમાં બંધાઈ જાય છે તો શાને માટે પ્રેમની અજાયબીને સમજીને જીવ પ્રેમને ચાહતો નથી ? પ્રેમને જાણીને તે દિવ્યપ્રેમની પ્રાપ્તિ માટે જ જીવન જીવી રહ્યા છે. તેવા પ્રેમીઓ દિવ્યપ્રેમ પ્રાપ્ત કરે છે.

ત્યારે ઈશ્વર પણ તેનો દાસ થઈને રહેછે. કારણ કે ઈશ્વરનું જીવન પણ પ્રેમ જછે. તે જીવન જો પ્રેમી જન પાસેથી મળે છે તો ઈશ્વરને બોલાવવાની જરૂર નહીં પડે, તેની મેળે પ્રેમીજન પાસે આવી જશે. જેવી રીતે કમલ સૂર્યનો ઉદય થતા ખીલી જાય છે ત્યારે તેની મકરંદને વાયુ દૂર દૂર લઈ જાય છે. અને કમલથી દૂર રહેલા ભ્રમરનું પોતાની મકરંદથી આકર્ષણ કરી લે છે. ભ્રમરને કમલ બોલાવવા જતું નથી. આપમેળે જ કમલ પાસે આવી

જાય છે. તેમ દિવ્ય પ્રેમ હૃદય કમલમાં પ્રગટ થતાં જ ઈશ્વર તેની મકરંદ પાન વિના રહી શક્તો નથી. તેથી વગર બોલાવ્યે પ્રેમીજન પાસે આવી જાય છે.

કમલ બુલાવન કબ ગયે, કબ કીનો સન્માન ।
નેહ નિમંત્રણ કે સગે, અલિ અધીર ઉલટાન ॥

આપણે જોઈ શકીએ છીએ કે લોહચુંબકની પાસે લોઢું પોતાની મેળે જ ખેંચાઈને આવી જાય છે. તેમજ દિવ્ય પ્રેમનું સમજવું. દિવ્ય પ્રેમ શું વસ્તુ છે તે કેવી રીતે મળી શકે છે. તેને મેળવવા શું બાધક છે, શું સાધક છે. આ બધું જાણ્યા પછી પ્રેમ પ્રાપ્તિ માટે જીવન ન્યોછાવર કરી દેવાથી પ્રેમને પ્રાપ્ત કરી લેવાય છે. આ દિવ્ય પ્રેમ પ્રાપ્ત કર્યો તેથી પ્રભુ પણ પ્રાપ્ત થઈ ગયા. પ્રભુનું પણ જીવન દિવ્ય પ્રેમ છે. આ પ્રેમ પ્રભુની પણ આત્મારૂપ બનીને તેના સર્વાંગમાં રહેલો છે.

ઉપર બાદલ નીચે પપૈહા, બંધે પ્રેમકી આન ।
ઉપર ચંદ્રમાં નીચે સાગર, લહેરાતે યહી તાન ॥
જગત મેં પ્રેમહી હે ભગવાન ॥
પ્રેમ કે પંખ સે ઉડકર પંછી, પહુંચ જાયે હરિધામ ।
પ્રેમ કે ચુંબક સે ખીંચક રહે, ઉતર આયે ભગવાન ॥
જગત મેં પ્રેમહી હે ભગવાન ॥

પપૈહાને ઘનમાં પ્રેમ છે તો બાદલોમાંથી ઘનને પ્રેમરૂપી સ્વાતિ જલની વર્ષા સમય પર કરવી જ પડે છે. અથવા બાદલોમાંથી પ્રેમરૂપી જલ પપૈહા ખેંચી લે છે. સમુદ્રને તેના પુત્ર ચંદ્રમામાં પ્રેમ છે. તેથી જ્યારે ચંદ્ર આસમાનમાં પૂર્ણ ઉદય થાય છે ત્યારે સાગરમાં તરંગો આસમાન તરફ ઉંચા લહેરાય છે. તે તરંગોથી પોતાના પુત્ર ચંદ્રને ચુંબન કરવા ચાહે છે. પ્રેમની પાંખથી મન પંખી ભગવાનના ધામમાં પહોંચી જાય છે. આપણા મનમાં દિવ્ય પ્રેમ જ્યારે પ્રગટ થાય છે ત્યારે દિવ્ય ધામમાં જવા માટે દિવ્ય શક્તિ રૂપી પાંખો પ્રાપ્ત થાય છે. તેથી હરિના ધામમાં જઈ શકે છે. આપણા અનુભવની આ વાત છે કે, જ્યારે આપણા વતનથી હજારો ગાઉ દૂર ચાલ્યા ગયા તે જગ્યાએથી આપણા વતનનો વિચાર કરતા એક સેકન્ડમાં આપણું મન દૂર દેશથી આપણા વતનમાં પહોંચી જાય છે. મનનો આવો તીવ્ર વેગ છે. તે મનમાં દિવ્ય પ્રેમ પ્રગટ થઈ જતા દિવ્યધામ (આપણા મૂલ વતન) માં એક સેકન્ડમાં પહોંચી શકીએ તેવી દિવ્ય શક્તિઓ પ્રાપ્ત થઈ જાય છે. ખરી રીતે દિવ્ય શક્તિઓનો અખૂટ

ખજાનો આપણા જ હૃદયની પાછળ છૂપાયેલો છે. આપણે તે ખજાનાને જાણ્યા વિના અને જાણીને તેને મેળવ્યા વગર કંગાલ બની ગયા છીએ. આ ખજાનાને અહંનું તાળુ લાગેલું છે તે અહંના તાળાને ખોલવાની ચાવી દિવ્ય પ્રેમ છે. તે પ્રેમરૂપી ચાવી લગાડતા જ શક્તિઓનો અખૂટ ખજાનો અને દિવ્ય ધામ આપણા હૃદયમાં જ દેખાય છે. આંખો બંધ કરી હૃદય ભીતર ધ્યાન કરતા અજાયબી ભરેલી દિવ્ય દુનીયાનો અનુભવ થવા લાગે છે. પણ આ ખજાનાને મેળવતા પહેલા દુનિયાથી બરબાદ થવું પડે છે. એટલે કે પ્રિયતમને ભૂલાવી દેનારો દેહના સંબંધવાળો પરિવાર અને જગતના માનવીઓ સાથે નાતો તોડી દઈ દિવ્ય પ્રેમ માટે ઝૂરતા રહેવાનું છે. મનુષ્યની છાયા જેમ મનુષ્યથી અલગ રહી શક્તી નથી, તેમ દિવ્ય પ્રેમ અને ત્યાગ એ બન્ને જુદી વસ્તુ નથી. આ દિવ્ય પ્રેમમાં પ્રિયતમ સિવાય અન્ય સર્વનો ત્યાગ સહજ જ રહેલો હોય છે. દિવ્ય પ્રેમમાં પ્રાણ વલ્લભ સિવાય અન્ય કોઈને પણ સ્થાન મળતું નથી. તેથી કહે છે :-

રહન નાહિ દેત ઓર રસ, યહી પ્રેમકી ટેક।
યાકો સહજસ્વભાવ યહ, કરત દોઉ તે એક ।।

વિશુદ્ધ પ્રેમનો આ સહજ સ્વભાવ છે કે પ્રિયતમના શ્રીમુખ સૌન્દર્ય પાન સિવાય બીજા જેટલા રસો છે તેને હૃદયમાં રહેવા દેતો નથી. 'બીજા રસો' એટલે નેત્રોથી પ્રિયતમના સૌન્દર્ય સિવાય બીજુ જોઈને આનંદ લેવો. કાનથી બીજું સાંભળીને વિષય રસ લેવો. જીભથી બીજું બોલીને આનંદ લેવો. આ બધાય રસો ભોગવવાની ઈચ્છા ઈન્દ્રિયોમાં રહેલી છે. ત્યાં સુધી દિવ્ય પ્રેમ રસ પ્રગટ થતો નથી. પણ જેમ બધી સરિતાઓનો પ્રવાહ સમુદ્રમા જ સમાઈ જાય છે. તેમ આપણી બધી ઈન્દ્રિયોની અને મન ચિત્તની વૃત્તિઓનો પ્રવાહ જ્યારે પ્રિયતમના સ્વરૂપમાં જ લાગેલો રહે છે. ત્યારે પ્રાણ વલ્લભના ઘનીભુત સ્વરૂપમાંથી દિવ્ય પ્રેમની ધારા પ્રગટ થઈ પ્રેમી પાત્રને પોતાનામાં સમાવી લે છે. જેમ સરિતા સાગરમાં ભળતા જુદી દેખાતી નથી, સરિતા પણ સાગર રૂપે જ દેખાય છે. તેમ પ્રેમીજન પોતાના પ્રિયતમથી એક રૂપ થઈ જાય છે. દિવ્ય પ્રેમનો એ ખાસ નિયમ છે કે જ્યાં પ્રગટ થવાની ઈચ્છા કરે છે તેવા પાત્રના બીજા બધાય રસોને પ્રથમ નાબુદ કરીને જ પ્રગટ થાય છે. "જનમ જનમ કે કોટિક પાતક છીનહી માં જ દહે" અનેક જન્મોની કર્મ વાસનારૂપી સુક્ષ્મ ભાવ પ્રપંચનો નાશ દિવ્ય પ્રેમના એક બિન્દુથી જ થઈ જાય છે.

વેદ મૂલ સબ ધર્મ યહ કહે, સબૈ શ્રુતિ સાર ।
પરમ ધર્મ હે તાહુ તે, પ્રેમ એક અનીવાર ॥

શાસ્ત્રમાં અનેક પ્રકારના ધર્મોનું વર્ણન કરેલું છે, તેમાં બધાયનો સાર પરમ ધર્મ પ્રભુમાં પ્રેમ કરવો તેજ શાસ્ત્રો એ નિર્ણય કર્યો છે. ધર્મ શાસ્ત્રને પઢીને પણ જો પ્રભુમાં પ્રેમ ન થાય તો પઢવાનું કોઈ ફળ નથી. ચતુર તો તે જ કહેવાય કે જ્યાં ત્યાંથી દિવ્ય તત્સુખી પ્રેમનો સંગ્રહ કરતો રહે. પ્રેમ વિનાનું મનુષ્ય જીવન પશુ પક્ષીથી વધારે હીન નિંદનીય છે. કારણ કે પશુને ભગવાને બુદ્ધિ આપી નથી, જ્યારે મનુષ્યને બુદ્ધિ આપી છે, તેથી માનવજીવનમાં પ્રભુ પ્રેમ મેળવી શકાય છે તેથી જે દૈવી મનુષ્ય દેહ મેળવીને પ્રભુ પ્રેમ પ્રાપ્ત ન કર્યો તો તેના જેવો કોઈ મુરખ નહી. દૈવી મનુષ્ય જીવનની કદર કરીને આજ જન્મે પ્રભુ પ્રેમની ખોજમાં જીવનનો ઉપયોગ કરવો જોઈએ. આવાને જ બુદ્ધિમાન કહેવાય છે.

રસમય સ્વાભાવીક વિના, સ્વારથ અચલ મહાન ।
સદા એક રસ શુધ્ધ સોઈ, પ્રેમ અહૈ રસખાન ॥

આ દિવ્ય પ્રેમ કેવો છે તેનો રસખાનજી પરિચય કરાવે છે. આ પ્રેમ **'રસમય'** આનંદમય છે. **"આનંદમય"** એટલે જેમ વરસાદ પડતા તપેલી ભૂમિ શીતલ થઈ જાય છે. વરસાદની ધારા પૃથ્વીને જલમય તરબોળ કરી દે છે. તેમ દૈવી જીવનું જીવન પ્રેમાનંદથી તરબોળ પ્લાવીત કરી દે છે. વળી આ પ્રેમને **"સ્વભાવિક"** કહ્યો, **"સ્વભાવિક"** એટલે ગંગાજીનો પ્રવાહ એકધારો વહીને સમુદ્રમાં ભળી જાય છે. તેમ આ દિવ્ય પ્રેમનો એકધારો પ્રવાહ પ્રિયતમના સ્વરૂપમાં લાગેલો રહે છે અને સમુદ્રમાં જેમ તરંગ સ્વભાવિક ઉઠ્યા કરે છે તે તરંગો માટે સમુદ્રને કોઈ પ્રયાસ કરવો પડતો નથી. તેમ આ દિવ્ય પ્રેમનો પ્રવાહ પ્રેમીના હૃદયમાં વહ્યા કરે છે. તેમાંથી પ્રેમના તરંગો સહજ્જ ઉઠ્યા કરે છે. આ ભાવ તરંગો પણ પ્રિયતમના સુખ માટેના જ છે. વળી આ પ્રેમને **'અચલ'** કહ્યો. જેમ પહાડ અચલ છે, ગમે તેવો પ્રચંડ વાયુ ચાલતો હોય તો પણ પહાડને હલાવી શક્તો નથી. પ્રચંડ વાયુ મોટા મોટા વૃક્ષોને મૂળમાંથી ઉખાડી નાખી દૂર ફેંકી દે છે. પણ પહાડ વાયુના આવા ભયંકર ઉપદ્રવોથી પોતાના સ્થાનેથી તલભાર ખસતો નથી. તમે અચલ પ્રેમ ગમે તેવા ભયંકર જાલીમ ઉપદ્રવો આવવા છતાં ખસી શક્તો નથી. તેને અચલ કહેવાય છે. વળી આ પ્રેમને **'મહાન'** કહ્યો. **'મહાન'** એટલે જેની સમાનતા કોઈ કરી ન શકે

તેવો છે. જેમ સાગરના જલનો અને આકાશનો છેડો આવી શક્તો નથી. તેવો મહાન આ દિવ્ય પ્રેમ છે. આ દિવ્ય પ્રેમ સ્વરૂપ શ્રીવલ્લભના સ્વરૂપમાં અનંત (રસાત્મક) બ્રહ્માંડો રહેલા છે તેવો મહાન દિવ્ય પ્રેમ છે. વળી આ પ્રેમને 'એકરસ' કહ્યો. સાગરનો પ્રવાહ એકધારો વહ્યા જ કરે છે, તેના પ્રવાહને કોઈ રોકી શક્તું નથી તેવો એક રસ ધારાવાહી યહ દિવ્ય પ્રેમ પ્રેમીજનોમાં વહ્યા કરે છે. તેને જ શુધ્ધ અને દિવ્ય કહેવાય છે. વળી આ પ્રેમ સ્વારથ વિનાનો કહ્યો, પ્રિયતમના સુખમાં જ સુખી તેને શુધ્ધ તત્સુખી પ્રેમ કહેવાય છે.

હવે આ દિવ્ય પ્રેમ કેવી રીતે પ્રગટ થાય છે તેનું વર્ણન કરે છે.

પ્રાણવલ્લભનું નામ દિવ્ય પ્રેમરૂપી કલ્પ વૃક્ષનું બીજ છે. જેમ બિજમાંથી વૃક્ષ પ્રગટ થાય છે તેમ પ્રાણવલ્લભના નામમાંથી શૃંગાર કલ્પવૃક્ષ રૂપ ગોલોક ધામ પ્રગટ થાય છે. અથવા શ્રી વલ્લભ નામમાંથી શ્રી વલ્લભનું સ્વરૂપ પ્રગટ થાય છે. જેમ બીજમાં વૃક્ષ છુપાયેલું છે તેમ નામમાં સ્વરૂપ છુપાયેલું છે. પ્રાણ વલ્લભના નામનું સ્મરણ કરતા કરતા આપણું હૃદય પવિત્ર કોમલ બને છે ત્યારે જેમ ભીનાશવાળી જમીનમાંથી બીજ અંકુરીત થાય છે તેમ પ્રિયતમનું સ્વરૂપ આપણી હૃદય ભૂમિમાં પ્રગટ થઈ જાય છે. અને જેમ અંકુરીત થયેલ વૃક્ષરૂપ થઈને અનેક શાખાઓથી વિસ્તારવાળુ બને છે તેમ પ્રાણવલ્લભનું સ્વરૂપ જ સમગ્ર જગતમાં દેખાવા લાગે છે. તેથી વલ્લભજનોએ આ દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરવા માટે નામ સ્મરણ સ્વરૂપ ધ્યાન અને ગુણગાન કરવું. ઉપર પ્રમાણે સન્મુખ રહેવાથી જ્યારે હૃદય શુધ્ધ બને છે ત્યારે આપના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થઈ જાય છે. પ્રિયના સ્વરૂપનો આપણને સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી પ્રિયની આકર્ષણ કરે તેવી મનોહર મૂર્તિનું ધ્યાન કરવું. જો કે પ્રિયનું દિવ્ય સ્વરૂપ આપણા હૃદયમાં તો બિરાજતું જ હોય છે. પણ તેની મહાન દિવ્યતાને ધારણ કરવાની આપણામાં શક્તિ નહીં હોવાથી તે દિવ્ય સ્વરૂપ હૃદયમાં પ્રગટ થતું નથી. આપણે આ સ્વરૂપને ધારણ કરવાની શક્તિ પ્રાપ્ત ન કરી હોય ત્યાં સુધી આપના બહારના મૂર્તિ સ્વરૂપનું ધ્યાન કરવું. આ ધ્યાનથી અને નામના સ્મરણથી પ્રેમ પ્રગટ થઈ વધતો જાય છે. તેમ તેમ તેની મહાનતાને ધારણ કરવાની શક્તિ આવતી જાય છે. આથવા જેમ જેમ આપણામાં આપણા પોતાના આધિદૈવિક સ્વરૂપની દિવ્યતા પ્રગટ થતી જાય છે. તેમ તેમ પ્રાણવલ્લભના સ્વરૂપની મહાન સૌન્દર્યતાને ધારણ કરવાની શક્તિ આવતી જાય

છે. તેથી આપણી સાધન દશામાં નામ સ્મરણ સાથે પ્રિયના સ્વરૂપનું ધ્યાન સતત કરતા રહેવું પ્રાણવલ્લભનું ભાવાત્મક સ્વરૂપ ધનીભૂત પ્રેમસુધાનું જ છે, તેના સાક્ષાત્ મિલનના તીવ્ર તાપથી તે ધનીભૂત સ્વરૂપમાંથી દ્રવિભૂત દિવ્ય પ્રેમનો પ્રવાહ પ્રગટ થઈ જાય છે.

અગ્નિની સામે જેમ ઘન પદાર્થ ઓગળવા લાગે છે, તેમ પ્રિય મિલનની પ્રચુર તાપાગ્નિનો પ્રિયતમના ધનીભૂત સ્વરૂપને સ્પર્શ થતાં દ્રવિભૂત દિવ્ય પ્રેમની ધારા પ્રગટ થઈ જાય છે અને તે ધારા આપણા સમગ્ર ભૌતિક સ્વરૂપમાં પ્રવેશ કરીને દિવ્ય બનાવે છે. જેને તનુ નવત્વતા કહેવાય છે. (આપણા તાપભાવથી પ્રાણવલ્લભના ધનીભૂત પ્રેમસુધા સ્વરૂપમાંથી જે દ્રવિભૂત પ્રેમ સુધા પ્રગટ થાય છે. તે જ શ્રી યમુનાજીનું દ્રવિભૂત પ્રેમ સુધા સ્વરૂપ છે. તેનામાં પ્રવેશથી આપણા ભૌતિક સ્વરૂપમાં આધિ દૈવિકતા અથવા તનુનવત્વતા પ્રગટ થાય છે. જેનું શ્રીયમુનાષ્ટકમાં વર્ણન કર્યું છે. તેવા આપણા આધિદૈવિક દેહથી અનંત કોટિ સૂર્ય સમાન ઉગ્ર પ્રતાપી પ્રાણવલ્લભના સ્વરૂપને ધારણ કરી શકાય છે.

નારાયણ હરિ લગન મેં, યહ પાંચો ન રહાત ।
વિષય ભોગ નિદ્રા હસી, જગત પ્રીત બહુ બાત ॥

પ્રિય પ્રભુના સ્વરૂપમાં પ્રેમ ઉત્પન્ન થવામાં પાંચ વસ્તુ બાધક છે તેને કહે છે. (૧) બધી ઈન્દ્રિયોના વિષયભોગ (૨) ઘણી નિંદ્રા કરવી (૩) હાંસી પ્રિયતમનો સાક્ષાત સંબંધ નથી અને હાંસીથી આનંદ કેમ લઈ શકાય? અને લેવાય છે તો વ્યભિચાર દોષ જ માનવો જોઈએ, કારણ કે પતિવ્રતાનું સુખ તેના સ્વામીના સુખમાં જ છે. તે સ્વામીની તો હૈયાતી નથી અને જે સુખ લેવાય છે તો તેને પતિવ્રતા ન કહેવાય. ચોથું બાધક-જગતમાં અને દેહના પરિવારમાં પ્રીતિ રાખવી તે પણ પ્રભુમાં પ્રેમ થવામાં વિઘન કરનાર છે. દિવ્ય પ્રેમ તો એકમાંજ રહી શકે. કાંતો જગતમાં અને પરિવારમાં પ્રેમ કરો, કાંતો પ્રભુમાં કરો. બન્ને સાથે ન રહી શકે. પાંચમું બાધક બહુ વાતો કરવી, તે પણ બાધક છે. શ્રી હરિરાય ચરણે પ્રથમ શિક્ષાપાત્રમાં વાણીનો નિરોધ કરવાની આજ્ઞા કરી છે. આ પાંચે બાબત જ્યારે નિવૃત થાય ત્યારે દિવ્ય પ્રેમ પ્રગટ થતા જે દશા પ્રેમીજનની થાય છે તેને આગળ કહે છે :-

સુનત ન કાહુકી કહી, કહેન અપની બાત ।
નારાયણ વા રૂપમેં, મગન રહેત દિન રાત ॥

આ પ્રેમીજનને હવે કોઈ વાત સાભળવી નથી. તેમજ પોતે જે અનુભવ કરે છે પ્રિયતમના સ્વરૂપામૃતનો તે કોઈને કહેવાની ફુરસદ નથી. કેમકે પ્રિયતમના સૌન્દર્ય-લાવણ્ય પાનમાં દિન રાત મસ્ત રહી આવે છે. પ્રિય સ્વરૂપામૃત પાનમાં તેની તૃષા બુઝાતી નથી. ત્યાં બીજાને કહેવાનો સમય જ ક્યાંથી રહે. તેમજ બીજાનું સાંભળવાની ઈચ્છા થતી નથી. દિવ્ય પ્રેમ એક અજબ અનોખી ચીજ છે. કે તેનું પાન કરનાર બીજાના કામના જ રહેતા નથી. સ્વરૂપામૃતપાનમાં ડૂબેલાને જગતની યાદ જ રહેતી નથી, તો પછી કોનું સાંભળે અને કોને કહે ? આવા પ્રેમી ભક્તોનું વર્ણન નીચેના કવિતમાં કરેલું છે.

ગૌર શ્યામ વદનારવિંદ પર ઝિસકો વીર મચલતે દેખ ।
નેન-બાન મુશ્કયાન મંદ પર, ઈનકો ફીર સંભલતેં ન દેખા ॥
લલિતકિશોરી યુગલ ઈશ્કમેં, બહોતનકે ઘર ઘરમેં દેખા ।
ડૂબા પ્રેમ સિન્ધુ મેં કોઈ, હમને ફીર ઉછલતે ન દેખા ॥

શુદ્ધ પ્રેમીઓની ઉપર કહી તેવી દશા હોય છે,

દેહ ગેહકી શુધ્ધ નહી, તૂટ ગઈ જગ પ્રીત ।
નારાયણ ગાવત ફીરે, પ્રેમ ભરે રસ ગીત ॥

જેમ મદિરા પીધેલા માણસને પોતાના દેહનું અને ગૃહનું ભાન ભૂલાય જાય છે અને મદિરાના નશામાં પાગલ બની બકવાદ કર્યા કરે છે. તેમ દિવ્ય પ્રેમની મદિરા પાન કરનાર પ્રેમી પોતાના દેહનું અને ઘરનું ભાન ભૂલાય જાય છે. આ ભાન નહીં રહેતા જગત સાથેનો સંબંધ તૂટી જાય છે. પ્રિયતમના રૂપની મદિરા પીને પ્રિયતમના સ્વરૂપનું ગાન કરે છે. તે ગાન પ્રેમરસ ભર્યું પ્રિયતમના રૂપ સૌન્દર્યનું મધુર ગાન છે. આ મધુર ગાન સહજ તેના માંથી પ્રગટ થયા કરે છે. શીખવાની તેને જરૂર પડતી નથી. જેમ પ્રિયતમ શ્રી પ્યારીજીના શ્રીમુખ લાવણ્યનું પાન કરી મસ્ત દશામાં વેણુંમાં તેનું ગાન કરે છે, તેમ આ પ્રેમી પણ તેના પ્રિયતમના સૌન્દર્ય લાવણ્યનું પાન કરી મત્ત દશામાં ગાન કરે છે.

રાગ-કાન્હરો

નૈન છબીલે તરૂન મદમાતે ।
ચંચલ ચપલ ભ્રકુટિ છબિ, ઉપજત, આનિ આનિ મુસકાતે ॥૧॥

ભક્ત કૃપા રસ સદાઈ પ્રફુલ્લિત, માનો કમલદલ રાતે ।
"ગોવિંદ" પ્રભુકો શ્રીમુખ નિરખત, પાન કરત ન અઘાતે ॥૨॥
પ્રેમ તૃષાહી તાપ ધ્રુવ, કેસે હું કહી ન જાય ।
રૂપ નીર છીરકત રહે, તોઉ ન નેક અઘાય ॥

પ્રિયતમના દિવ્ય સૌન્દર્યનું પાન કરનારની તૃષા શાંત થઈ શક્તી નથી. પ્રિયતમના સૌન્દર્ય પાન રૂપી જલ નેત્રોને છીરક્તો રહે, તો પણ સૌન્દર્ય પાનની તૃષા બુઝાતી નથી. આ તૃષા મીઠા સરબત પીતા જેવો મધુર સ્વાદ આવે તેવા પ્રકારની આ દિવ્ય પ્રેમની મધુર સ્વાદભરી તૃષા છે. તેથી આ પ્યાસ બુઝાતી નથી, અથવા તૃપ્તિ થતી નથી. જેમ જેમ સૌન્દર્ય પાન કરે છે તેમ તેમ પ્યાસ બઢતી જાય છે તેથી કહ્યું છે કે-

પીવત પીવત રૂપ રસ, બઢત રહત હિત આશ ।
દઈ દઈ નેહી દ્રગન, અજ્બ અનોખી પ્યાસ ॥

દિવ્ય પ્રેમમાં દિવ્ય આનંદમય અગ્નિ હોવાથી અગ્નિમાં જેમ ધૃતની આહૂતિ દેતા અગ્નિ પ્રજ્વલીત બનતો જાય છે, તેમ દિવ્ય પ્રેમમાં દિવ્ય અગ્નિ હોવાથી સૌન્દર્યામૃત પાનની પ્યાસ બુઝાતી નથી, એવી અજબ અનોખી આ પ્રેમની પ્યાસ છે.

પ્રેમ બાત કછુ કહી ન જાઈ, ઉલટી ચાલ તહાં સબ માઈ ।
પ્રેમ બાત સુની બોરા હોઈ, તહાં સયાનપ રહે ન કોઈ ॥

દિવ્ય પ્રેમની વાત મુખથી કહી શકાતી નથી.

પ્રેમનો સ્વાદ મધુર છે. આ સ્વાદનું વર્ણન થઈ શકતુ નથી. જેમ આપણને કોઈ પુછે કે, તમે સાકર ખાધી તેનો સ્વાદ કેવો છે, ત્યારે આપણે તેને કહીયે કે મધુર છે. ફરીને પૂછે કે મધુર સ્વાદ કેવા પ્રકારનો છે ? તો તેનો જવાબ આપણે આપી શક્તા નથી. જો કે આપણે સાકરની મધુરતાનો સ્વાદ લીધો છે, છતાં મધુરતાનું વર્ણન પૂછનાર પાસે કરી શક્તા નથી. તેવી જ રીતે દિવ્ય પ્રેમનો સ્વાદ મધુર છે, તેનું જેણે પાન કર્યું છે તે બીજાને કહી શક્તો નથી. આવા મધુર પ્રેમના મહાસાગર સ્વરૂપ આપણા પ્રાણપ્રિય વલ્લભ છે. આ પ્રેમનું પાન થતા જગત વ્યવહારની ચતુરતા ચાલી જાય છે. દુનિયા સાથેના તમામ વ્યવહારોને આ પ્રેમનો પ્રવાહ તેનામાં ડૂબાવી દે છે.

તન મન પ્રાણ તાહી ક્ષણ હારે,
ભલી બુરી કછુ વે ન વિચારે ॥
એસો પ્રેમ ઉપજતહે જબહી,
હિત ધ્રુવ બાત બનેગી તબહી ॥

જે ક્ષણે આ દિવ્ય પ્રેમ પ્રગટ થાય છે તે જ ક્ષણે પ્રેમીજનના દેહ-પ્રાણ મન પ્રિયતમ ઉપર ન્યોછાવર થઈ જાય છે, અર્થાત્ સમર્પીત થઈ જાય છે.

આ સમયે દુનિયા તેને ભલો કહે કે બુરો કહે તેની નિંદા કરે તેનો રંચક વિચાર કરતો નથી. અથવા આ પ્રેમીજનને દુનિયા સાથે સંબંધ રહેતો નથી. અથવા તેની દુનિયા પ્રિયતમ મય બની ગઈ હોય છે. અથવા આપણને સુખ કે દુઃખ મનથી થાય છે તે મન પ્રિયતમના સૌન્દર્ય પાનમાં ડૂબી ગયું પછી ભલી બુરી વિચારવાની જ કેમ રહે? આવો પ્રેમ જ્યારે પ્રગટ થાય ત્યારે જ પ્રિયતમના સ્વરૂપ સૌન્દર્યનો અનુભવ થાય છે.

તાકો જતન દિસત નહી કોઈ ।
કુંવરી કૃપા તે કહા ન હોઈ ?
વૃન્દાવન રસ સબનતે ન્યારો ।
પ્રીતમ તહાં અપનપો હારો ॥

આવા દિવ્ય પ્રેમની પ્રાપ્તિનું કોઈ સાધન નથી પણ ખુદ પ્રેમદેવ શ્રીવલ્લભની કૃપાથી જ આ દિવ્ય પ્રેમ પ્રાપ્ત થઈ શકે છે, અને શ્રી વલ્લભની કૃપા ત્યારે થાય છે કે અનન્ય પ્રતિવ્રત ભાવથી શ્રી વલ્લભનું સ્મરણ ગુણગાન ધ્યાન સતત થતું રહે. આ પ્રમાણે સન્મુખ રહેવાથી આપની પ્રસન્નતા થાય છે.

ત્યારે દિવ્ય પ્રેમનું દાન કરે છે. "સાન્નિધ્યમાત્ર દત્ત શ્રીકૃષ્ણપ્રેમા" આ નામનો ભાવ વિચારવો. પ્રિયતમના સુખ માટે જ પ્રિયતમમાં જે પ્રેમ કરે છે તેવા પ્રેમીને આપ જલ્દી પ્રસન્ન થઈને દિવ્ય પ્રેમનું દાન કરે છે, અને આવા તત્સુખી પ્રેમીજનને વશ થઈને રહે છે. પ્રિય પ્રભુનું સુખ વિચારવું તેનું નામ જ દિવ્ય પ્રેમ છે. આ પ્રેમમાં માધુર્યતા રહેલી છે, અને માધુર્યતાના સ્વાદમાં પ્રાણવલ્લભ વશ થઈ જાય છે. આવા મધુર પ્રેમનું દાન કરનાર, પ્રાણવલ્લભ છે, કારણ કે આપ તત્સુખ મધુર પ્રેમના મહાસાગર રૂપ છે, તેથી પોતાના પ્રેમીજનને તેવા જ પ્રેમનું દાન કરે છે.

પ્રેમ બાત આનંદમય માઈ,
તાહી સુનત હિય નૈન સિરાહી ॥
જીતને સુખ કહીયત જગમાહી,
પ્રેમ સમાન ઓર કુછ નાહી ॥

દિવ્ય પ્રેમની વાતો સાંભળતા પણ આનંદ થાય છે નેત્ર અને હૃદય શીતલ થઈ જાય છે. જ્યારે તેની વાતોથી પણ આ દશા થાય છે, તો દિવ્ય પ્રેમ હૃદયમાં પ્રગટ થતાં પ્રિયતમના સ્વરૂપથી જે આનંદનો અનુભવ થાય છે તેનું વાણીથી વર્ણન કેમ થઈ શકે ? દુનિયાના તમામ સુખો એકઠા કરીએ તો પણ દિવ્ય પ્રેમની એક બિન્દુની સમાનતા થઈ ન શકે. અથવા દિવ્ય પ્રેમ સમાન દુનિયામાં બીજી કોઈ ચીજ નથી કે તેની સમાનતા કરી શકે. હે પથિક ! દિવ્ય પ્રેમ તો પ્યારા વલ્લભનું જ સ્વરૂપ છે અને તેનો મહિમા આકાશ જેવો છે. જેમ આકાશનો છેડો નથી. તેનું માપ કાઢી શકાતું નથી. તેમ દિવ્ય પ્રેમનું માપ હજી સુધી કોઈ કાઢી શક્યું નથી અને ભવિષ્યમાં કોઈ કાઢી શકે તેમ નથી.

“એક બ્રહ્માંડે જેના યશ ન માયા તેના હુવા કોટિ અનંત”

ગોલોક સમાન રસાત્મક અનંત બ્રહ્માંડોનું સર્જન બે અક્ષરવાળા પ્રેમમાંથી જ થયું છે અને થતું રહે છે તેથી તેનો અંત થઈ શક્તો નથી. તેનું માપ કાઢી શકાતું નથી. ભગવાન પણ દિવ્ય પ્રેમના આ અનંતપણાના મહિમાનો પાર પામી શક્તા નથી. આપશ્રીએ શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરી છે કે ભગવાનની અંતરંગ યોગ માયા શક્તિ એક ક્ષણમાં જ કરોડો બ્રહ્માંડની રચના કરે છે. જેનો પાર પ્રભુ પામી શક્તા નથી.

યહ રસ જાકે ઉર નહી આયો ।
તીન ને જનમ વૃથા ગમાયો ॥
સબરસમેં દેખ્યો અવગાહી,
સબકો સાર પ્રેમરસ માઈ ॥

આ દિવ્ય પ્રેમને જેણે જાણ્યો નહી, અને જાણીને હૃદયમાં પ્રગટ કર્યો નહીં તેનું જીવન આ જગતમાં વૃથા ગયું જાણવું, કારણ કે દિવ્ય પ્રેમ સિવાયનું જે જીવન તેમાં મનુષ્ય સુખનો અનુભવ કરે છે, તેવું સુખ તો પશુ-પક્ષીઓને પણ મળતું જ રહે છે, તો પછી મનુષ્ય જીવનની શું કિંમત રહી કે દિવ્ય પ્રેમને જાણીને પ્રાપ્ત ન કર્યો ?

સબ સુખોમાં પ્રેમનું સુખ તે સબ સુખોનો સાર છે અથવા સુખ એટલે આનંદ. આ આનંદની ત્રણ પ્રકારે ગણત્રી થાય છે. (૧) સંસારનું સુખ વિષયાનંદમાં ગણાય છે. તે અલ્પ છે, નાશવંત છે. (૨) બ્રહ્માનંદ જ્ઞાનથી પ્રાપ્ત થાય છે તે આનંદ ગણત્રીનો છે. (૩) ભજનાનંદ દિવ્ય પ્રેમરૂપ છે, તેની ગણત્રી થઈ શક્તી નથી. અથવા અગણિત છે. અગણિત આનંદનો અનુભવ દિવ્ય પ્રેમ પ્રાપ્ત થવાથી થાય છે. તેથી બધાય સુખનો સાર છે.

પ્રેમ વાટીકા

પ્રેમ ફાંસી મેં ફસી મરે, સોઈ જીયે સદાહિ ।
પ્રેમ પરમ જાને વિના, મરિ કોઉ જીવત નાહીં ॥
કોઉ યાહી ફાંસી કહત, કોઉ કહત તલવાર ।
નેની ભાલા તીર કોઉ, કહત અનોખી ઢાર ॥
પૈ મીઠાસ યા મરકી, રોમ રોમ ભરપુર ।
મરત જીયે ઝુકતો ફીરે, બનેસુ ચકનાચૂર.

દિવ્ય પ્રેમ આત્માનું સ્વરૂપ હોવાથી, જેમ આત્મા નિત્ય છે તેમ દિવ્ય પ્રેમ નિત્ય છે. વળી આત્મા સાગર સમાન અને આકાશ સમાન વ્યાપક છે. તેની વ્યાપકતામાં અનંત બ્રહ્માંડો રહેલા છે અને સાગર સમાનમાં અનંત સાગરો રહેલા છે આ દિવ્ય પ્રેમનો મહિમા છે.

પ્રેમ છટા જેહી ઉરપર પરહી,
સો સુખ સ્વાદ સબે પરહી;
જ્યોં જ્યોં રૂપહી દેખતભાઈ,
પ્રેમ તૃષા કી તાપ ન જાઈ.

જે પ્રેમીના હૃદયમાં આ અનિર્વચનીય સ્વાદવાળો દિવ્ય પ્રેમ પ્રગટ થયો છે, તેના બીજા બધાય સુખો અને તેના સ્વાદો ચાલ્યા જાય છે અને પ્રિયતમના સ્વરૂપને જેમ જેમ દેખતો રહે છે તેમ તેમ તેના સૌન્દર્ય પાનની તૃષાનો તાપ વધતો જાય છે. આવો છે અજાયબી ભરેલો દિવ્ય પ્રેમ, દિવ્ય પ્રેમનું વર્ણન કરી કરીને રસિક કવિઓ થાકી જાય છે.

પ્રેમના મહિમાનો અંત કોઈ કવિ પામી શક્યા નથી. તેમજ ભવિષ્યમાં મળશે પણ નહીં. આવા દિવ્ય પ્રેમને સમજીને જીંદગીનું સમર્પણ પ્રાણ વલ્લભમાં

કરી દેનારાએ, પોતાના દૈવી જીવનની કદર કરી દૈવીજીવન સફલ કર્યું છે.

તૃણ સમ સબ વ્યેજાહી, પ્રભુતા સુખ ત્રિલોક કે ;
યહ આવે મન માંહી, રંચક ઉપજે પ્રેમ જબ ।

'રંચક' એટલે એક બિન્દુ દિવ્ય પ્રેમનું પ્રાપ્ત થતાં જ, સ્વર્ગ મૃત્યુ અને પાતાલ આ ત્રણેય લોકનું સુખ અને "પ્રભુતા" એટલે ચૌદ લોક બ્રહ્માજીએ બનાવ્યા તેની પ્રભુતાનું સુખ બ્રહ્માજી લે છે, ત્રણે લોકનું સુખ અને બ્રહ્માજીની પ્રભુતાનું સુખ, દિવ્ય પ્રેમની એક બિન્દુ સામે ઘાસના તૃણખલા જેવું તુચ્છ દેખાય છે. બીજા પણ માન બડાઈથી મળતા સુખો પણ તુચ્છ ભાસવા લાગે છે. દિવ્ય પ્રેમનો આવો પ્રભાવ છે.

પ્રેમ ન વાડી ઉપજે, પ્રેમ ન હાટ બિકાય ।
રાજા પ્રજા જો ચહે, શિશ દે લે જાય ।।

દિવ્ય પ્રેમ. વાડી બગીચમાં ઉત્પન્ન થતો નથી કે મૂલ્ય આપીને ખરીદી લેવાય. દિવ્ય પ્રેમ તો પોતાના આત્માનું જ સ્વરૂપ છે અને આત્મામાંજ રહેલો છે. આટલો નજીક હોવા છતાં અહંકારરૂપી મસ્તક શિશ પ્રિયતમને સમર્પણ ન થાય, ત્યાં સુધી આત્મામાંથી પણ પ્રેમ મેળવી શકાતો નથી. અહંકારને લીધે દુનીયાના અને દેહના વ્યવહારોમાં દૈવીજીવ ફસાયેલો રહે છે. જો દૈવીજીવ એમ સમજે કે મારે આ દુનિયા સાથે કંઈ જ મતલબ નથી. મારે તેની સાથે કોઈ સંબંધ નથી કે જેથી મારે તેની સાથે નાતો જોડી રાખવો પડે. દૈવી જીવે એમ વિચારવું કે હું તો મારી દિવ્ય દુનિયા લીલાધામમાંથી ભૂલો પડેલો દેખીતી ભૌતિક દુનિયાનો એક મુસાફર છું. મુસાફરને જેમ મુસાફર ખાનામાં બેઠેલા મનુષ્યો પોતાના દેખતા નથી અને તેથી મમતા થતી નથી. વળી દૈવીજીવને પોતાના દિવ્ય સ્વરૂપનું અને પોતાના પ્રિયતમના દિવ્ય સ્વરૂપનું તેમજ પોતાના દિવ્ય લીલાધામનું અને પોતાના આત્મ સંબંધી લીલાધામસ્થ દિવ્ય પરિકરનું જ્યારે જ્ઞાન (ભક્તિ માર્ગાબ્જ માર્તંડ શ્રીવલ્લભ ભાનુની કૃપાથી ઉદયથી) થાય છે. ત્યારે તે આ ભૌતિક દેખાતી દુનિયામાં આ મારા દેહના સગા સંબંધીઓ છે તેવી મમતાને પાળી જે અહંકાર રાખતો તેને પોતાના હૃદયમાંથી ફગાવી દે છે અને પોતાના દેહમાંથી હું પણાનું અભિમાન પણ ફગાવી દે છે. ત્યારે આવો પ્રેમીજન આ દશ્ય દુનિયાનો મુસાફર બની પોતાના પ્રિયતમને ભેટવા લીલાધામમાં જવા અધીર થઈ જાય છે. દૈવીજીવને પોતાના દિવ્ય સ્વરૂપનું જ્ઞાન

નહીં હોવાથી જ આ દુનિયાના અને દેહના સંબંધીઓમાં અહંકારની બેડીથી બંધાયેલો રહે છે.

હે દિવ્ય પ્રેમ પથિક ! તું વિચારી જો કે આ દુનીયામાં તેં જન્મ લીધો ત્યારે સગા સંબંધીઓને સાથે લાવેલ નથી અને જ્યારે દુનિયા છોડવાનો સમય આવશે ત્યારે પણ કોઈ સગા સંબંધીઓ સાથે આવનાર નથી. આ તો માયાના કરેલા મોહથી (અજ્ઞાનથી) આ સગા સંબંધીઓનો સંસાર ખડો થયો છે. તારા માટે તો તારા પ્રિયતમ વલ્લભ વિના અને ભાવ સ્વજાતી વિરહી વલ્લભીઓ વિના અહીં કોઈ નથી. એમ તારા આત્માને જાગૃત કરી સારી રીતે સમજી લે અને માયાના કારાગૃહ જેવા બંધનને વૈરાગ્યના તીક્ષ્ણ હથિયારથી કાપીને તારા પ્રિયતમ વલ્લભને ભેટવા તેની તત્સુખાત્મક સેવા કરવા, દિવ્ય ધામમાં પહોંચવા દિવ્યધામના માર્ગે ચઢી જા. તારા સાચા સંબંધી પ્રાણવલ્લભ જ છે. જન્મો જન્મના સંબંધી તે જ છે તેમ નિશ્ચય કરી દિવ્ય ધામની મંજીલે ચાલવા માંડ. દિવ્યધામના માર્ગે ચાલવું તેને કહેવાય કે પ્રાણવલ્લભના નામનું સ્મરણ, તેના યશનું ગાન શ્રી સર્વોત્તમજીથી કરવું અને આપના સ્વરૂપનું ધ્યાન આ ત્રણે સાધન સતત કરવા. જે દિવ્યધામમાં પ્યારો વલ્લભ અનંત કોટિ કામદેવની સૌન્દર્યતા લાવણ્યતાથી પોતાની અસંખ્ય પ્રિયતમાઓને દિવ્ય પ્રેમસુધાનો અનુભવ કરાવી રહેલ છે. તેવા અનુભવ માટે અથવા પ્રાણવલ્લભની તત્સુખાત્મક સેવા માટે સતત દિવ્ય ધામના માર્ગે ચાલવાનું છોડીશ નહીં.

"मुसाफर जागते रहेना, नगर में चोर आते हे"

આપણા હૃદયરૂપ નગરમાં પ્રાણવલ્લભ સિવાય બીજા વિચારો આવે. કાનથી બીજું સંભળાય, જીભથી બીજું બોલાય, નેત્રોથી બીજું જોવાય, મનથી બીજા સંકલ્પ વિકલ્પ થાય આ બધાય ચોર છે. આ બધાયથી સાવધાન રહીને પ્રાણવલ્લભના સ્મરણ ધ્યાન ગુણગાનમાં રહેવાય તેનું નામ જાગતા રહેવું કહેવાય. દિવ્ય પ્રેમીઓ માટે તો આ ભૌતિક દુનિયા લુટેરાની જ સમજવાની છે. પ્રિયતમના સ્વરૂપમાંથી અથવા સ્મરણ ધ્યાન ગુણગાનમાંથી આપણા મન ચિત્તને જે કોઈ વિમુખ કરે તે. બધાય લુટેરા જ (ચોરજ) જાણી લેવા અને પ્રિયતમમાં ડૂબાવે તેજ હીતેચ્છું મિત્ર આત્માનાં સંબંધી જાણવા.

સમજબુઝ દિલ ખોલ પ્યારે, આશિક હોકે સોના ક્યા.
જા નેનોસે નિંદ ગમાઈ, તકીયા લે બિછોના ક્યા.
રૂખે સુખે રામરસ ટુકડા, ચીકના ઔર સલોના ક્યા.
"નાગરીદાસ" પ્રેમ કે મારગ, શિશ દિયા ફીર રોના ક્યા.

હે પ્યારે પથિક ! તારા હૃદયને ખોલીને સારી રીતે સમજી લે કે, પ્રિયતમના વિયોગમાં સુખથી સુવાનું કેમ બને ? પ્યારો પ્રાણવલ્લભ જ્યાં સુધી પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી સુખ જેવી વસ્તુ કઈ છે કે બેફીકરીથી જીવન ગુજારવું ? દિવ્ય પ્રેમમાર્ગનો પથિક પોતાના પ્રિયતમ વિના, જીવનને નભાવી શક્તો નથી અને કદાચ જીવનને નભાવે છે, તો પ્રિયતમના વિયોગની આહમાં જલ વિના મછલી જેમ તરફડતી હોય છે. તેવું તેનું વ્યથા ભર્યું જીવન હોય છે.

સહે વિપત્તિ તરસ્યો રહે, જલે વિરહની આગ ।
અન્ય દિશા ચિત્તવે નહીં, તે પ્રેમી બડભાગ ॥

પ્રિયતમને મળવાની વિરહાગ્નિ જેના હૃદયમાં પ્રગટ થઈ છે, તેની નિંદ ખોવાઈ જાય છે. રાત દિવસ વ્યથાભરી આહ નીકળતી રહે છે. જે પ્રેમી આવો વ્યથીત છે, તેને તકિયા બિછોના મખમલની શૈયા આ બધું પ્રિયતમના વિયોગમાં બાણ જેવું શાલે છે. દેહના નિભાવમાં લુખા સુકા ટુકડાથી ચલાવી લે છે. પકવાનોના સ્વાદો વિષ જેવા થઈ પડે છે. પ્રાણનાથના વિયોગમાં ખાન પાન અને દુનિયા બધી કડવી ઝેર જેવી લાગે છે. સાચા પ્રેમપથિકે પોતાનું સર્વસ્વ પ્રાણવલ્લભને સમર્પણ કરેલું હોવાથી શિશ જ આપી દીધું કહેવાય. પછી કઈ બાબતના ત્યાગમાં તેને રડવાનું હોય ? અને કદાચ રડે છે તો પોતાના પ્રિયતમની તત્સુખાત્મક સેવા પ્રાપ્ત કરી શક્યો નથી તેના દુઃખથી રડે છે અથવા પ્રિયતમના વિયોગમાં રડવું તે તો હૃદય મંદિરને ધોઈને પવિત્ર બનાવવા માટે હોઈને તેવું રડવું મહા ભાગ્યથી જ મળે છે. એટલે જ એક પ્રેમીજન કહે છે કે :-

છૈયા હસના દૂર કર, રોને સે કર ચિત્ત ।
બિન રોયે નહીં પાઈએ, પ્રાણ પ્યારો મિત ॥

પ્યારે ઈન ગલીયન મેં આવ,
નેન નીમગસો ધોય સંવારી અશુઅન ધરી પાંવ...

હે પથિક ! હસના દૂર કર પ્રિયતમના વિયોગમાં હસવું કે આવે ? વિયોગ

દર્દથી રાત્રિ દિન જેવા નેત્રોમાં અશ્રુની ધારા ચાલી રહી છે, તેવા પ્રેમીઓ અશ્રુના જલથી પોતાના હૃદયને પ્રિયતમને બિરાજવા માટે પવિત્ર બનાવે છે. તેવા પ્રેમીને પ્યારો શ્રી વલ્લભ ભેટવા અધિર થઈ જાય છે.

પ્રેમ પિયાલા જે પીયે, તે અનુરાગ અટલ.
જીન કે કબહુ ન ઉત્તરે, આઠો પ્રહર અમલ.

દિવ્ય પ્રેમની આજ નિશાની છે કે તેનું જેણે પાન કર્યું, તેનામાં આ પ્રેમ અટલ રહી આવે છે. 'અટલ' એટલે તેનો નશો આઠો પ્રહર રાત્રિ દિન બન્યો જ રહે છે. અહીંયા આ સમજવાનું છે કે, દિવ્ય પ્રેમ હૃદયમાંથી દુનિયાની યાદી નાબુદ થયા પછી જ પ્રગટ થાય છે. આપણી આત્મ સ્વરૂપ વલ્લભ છે તે પ્રેમના મહાસાગર સમાન છે. આ સાગરમાંથી જે પ્રવાહ ચાલે છે તે કોઈ સમયે બંધ પડતો નથી. તેથી તેનો નશો અખંડ બન્યો રહે છે. તેથી દિવ્ય પ્રેમની ચાહના કરનારાએ સૌથી પહેલા પોતાના હૃદયને શુદ્ધ બનાવવાની જરૂર છે. શુદ્ધ હૃદય તેને જ કહેવાય કે પ્રાણવલ્લભ સિવાય બીજી કોઈ વ્યક્તિ કે, બીજા કોઈ ઈશ્વરને કે, બીજા કોઈ વિચારને આપણા હૃદયમાં સ્થાન ન રહે. દિવ્ય પ્રેમની કદર કરનાર પ્રેમીજન શું કહે છે તે જુઓ.

એસે નહિ હમ ચાહન હારે, આજ તુમ્હે કલ ઓરહું કો ચાહે,
ફેંક દે આંખ નિકાલ કે દોઉં, જો દુસરી ઔર મિલાવે નિગાહે.
લાખ મિલે તુમસે બઢકે,
તુમહી કો ચાહેંગે તુમહી કો સરાહે;
પ્રાણ રહે જ્યોં લો ત્યોં લો હમ-
નેહ કો નાતો સદાહી નિભાહે.

દિવ્ય પ્રેમની કદર કરનારો પ્રેમીજન પોતાના પ્રેમીને કહે છે કે હે પ્રિય ! મારો પ્રેમ તારામાં એવો નથી કે આજ તને ચાહીને કાલ બીજાને ચાહું. દિવ્ય પ્રેમ વ્યભિચારીઓને વરતો નથી. પોતાના પ્રિયપાત્ર સિવાય બીજા સારા દેખાતામાં ચિત્ત લોભાણું તો વ્યભિચાર થઈ ચૂક્યો.

શ્રી ગોકુલનાથજી કોઈ એક ગામમાં પધારેલા ત્યાં આપના એક સેવકે કહ્યું કે રાજ અહીં એક સ્નેહી જોડલું રહે છે. ત્યારે શ્રી ગોકુલેશે કહ્યું કે તેને આપણે જોવા જૈયે. એમ કહીને તે સેવક સાથે આપ પેલા પ્રેમી જોડલાને ત્યાં જાય છે. તેના ઘરે જઈ આપ બન્ને પ્રેમી જોડલાની સામે બિરાજે છે. તે સમયે પ્રેમી જોડલામાં સ્ત્રીજન

હતા તેનું આકર્ષણ શ્રી ગોકુલનાથજી તરફ થવા લાગ્યું. શ્રી ગોકુલનાથજીએ તે જોઈ લીધું પછી સેવકને કહે છે કે, હવે ચાલો. બહાર આવ્યા પછી આપે સેવકને કહ્યું કે ત્યાં સ્નેહ નથી. આમ કહેવાનો ભાવાર્થ એ છે કે જેમાં પ્રેમ હોય તેના સિવાય બીજી કોઈ વ્યક્તિના ગુણમાં કે સૌન્દર્યમાં ચિત્ત લોભાણું તો તેને પ્રેમ નહીં પણ વ્યભિચાર કહેવાય છે. કારણ કે દિવ્ય પ્રેમ ગુણથી કે રૂપની સૌન્દર્યતાની લાલચ વગરનો સહજ્જ આત્મામાં પ્રગટ થાય છે. એટલે સાચો પ્રેમી કહે છે કે હે પ્રિય આજ તને ચાહીને કાલ બીજાને ચાહું તેવો પ્રેમ મારો તારામાં નથી. તારા સિવાય બીજાની સૌન્દર્યતાથી મારા નેત્રો લલચાય તો નેત્રોને નિકાલીને બહાર ફેંકી દઉં. દિવ્ય પ્રેમનો એ અટલ નિયમ હોય છે કે, પોતાના પ્રિયતમ સિવાય પોતાના નેત્રોથી બીજું જોતો નથી. પોતાના પ્રિયથી બીજા લાખો ઉંચા પાત્રો દેખાતાં હોય, છતાં પ્રેમી પોતાના પ્રિય પાત્ર સિવાય બીજાની ચાહના કરતો નથી. તેમજ બીજાની સરાહના પણ કરતો નથી. આ પ્રેમીને તો પોતાના પ્રિયતમ સમાન દુનિયામાં બીજું કોઈ દેખાતું નથી. પછી ભલે દુનિયાની દૃષ્ટિમાં આ પ્રેમીનું પ્રેમી પાત્ર હલકી કોટિનું દેખાતું હોય, પણ પ્રેમી માટે બીજાની ઉત્તમતા નજરમાં જ આવતી નથી. આવો અનન્ય પ્રેમ જ પ્રેમીઓની દુનિયામાં સરાહનીય છે. આવો પ્રેમ પ્રભુ સાથે થયેલો હોય, તો તે દિવ્ય અને વિશુદ્ધ કહેવાય છે અને જ્યાં સુધી પ્રાણ રહે ત્યાં આવા પ્રેમી પોતાના પ્રેમને ગમે તેવા સંકટોમાં નભાવે છે. જે પ્રેમ ફક્ત પ્રેમ માટે જ થાય છે. તેવો પ્રેમીરૂપ ગુણનો અપેક્ષિત હોતો નથી. પતંગીયું જેમ પોતાના પ્યારા મિત્ર દીપકને જોતા જ પોતાના પ્રાણની આહુતિ આપી દે છે. પતંગીયાને એટલો વિચાર કરવાની ફૂરસદ નથી કે મારૂ શું થશે ? દિવ્ય પ્રેમ આવી કુરબાની ભરેલો છે. મહાનુભાવ કુંભનદાસજીએ આવા પ્રેમીઓની પહેચાન હિલગના પદમાં કરાવી છે. "હેલી હિલગકી પહેચાન" આ પદમાં પતંગીયાની સરાહના કરી છે. જે પ્રેમરૂપ ગુણનો સોદો કરનાર છે તેને પ્રેમ કહી શકાતો જ નથી. પણ બનીયાના વેપાર જેવો સ્વાર્થી છે. આવા સ્વાર્થી પ્રેમની દિવ્ય પ્રેમ જગતમાં કોઈ કિંમત જ નથી. તે ધૃણા કરવા યોગ્ય છે.

વૃન્દા જાલંધર નામના દાનવની પત્નિ હતી. વૃન્દાનો પ્રેમ પતિવૃત ભાવી જાલંધરમાં સિધ્ધ થયો હતો. આવા પતિવૃત ભાવવાળા પ્રેમના પ્રભાવે દુનિયા બનાયવેવારે ભગવાનને શ્રાપ આપવા અચકાણી નહીં. જ્યારે દાનવ જાતિમાં આવો

અનન્ય પ્રેમ સિધ્ધ કરી વૃન્દા જગતમાં પૂજ્ય બની ગઈ, તો મહાન દિવ્ય સ્વરૂપ શ્રી વલ્લભના પ્રેમીજનોના અનન્ય પતિવ્રત ભાવના મહિમા કેવો હશે? શ્રી વલ્લભના મુગ્ધ પ્રેમીજનોએ વિચાર કરવો.

કંચન ભાજન મેં ટીકે, શ્રવત સિંઘની ક્ષીર ।
એસેહી યહ પ્રેમ રસ, પીવત વીરલા વીર ॥

આ દિવ્ય પ્રેમ કેવા પાત્રમાં રહી શકે છે તેને ઉદાહરણથી સમજાવે છે કે જેમ સિંહણનું દૂધ સોનાના પાત્રમાં જ રહી શકે છે. બીજા પાત્રમાં રાખો તો પાત્રને ફાડીને બહાર નીકળી જાય છે. આવું છે ઉગ્ર સિંહણનું દૂધ, તેવી રીતે જે પ્રેમીના હૃદયમાં દિવ્ય પ્રેમ સિવાયના બીજા જગત અને પોતાના સંસાર સંબંધી ભાવોનું વિચારોનું સ્થાન નથી, તેવા શુદ્ધ સોના જેવા હૃદયના પાત્રમાં આ મહાન ઉગ્ર દિવ્ય પ્રેમ ઠહેરી શકે છે અને આવા ઉગ્ર પ્રેમનો અનુભવ કરી શકે છે.

પંથ નિરાલો પ્રેમ કો, વીરલા ચલે હે વાટ
વે ન મીલે યા મિતસો, જાકે કપટ કપાટ ॥

કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ, ઉપાસના માર્ગ અને મર્યાદા નવધા ભક્તિ માર્ગથી પણ દિવ્ય પ્રેમ માર્ગ નિરાલો જ છે. આ પ્રેમમાર્ગ ધર્મી છે અને 'ધર્મી' એટલે સાક્ષાત્ પ્રેમ સ્વરૂપ પ્રાણવલ્લભની પ્રાપ્તિના માર્ગ પર ચાલનારા કોટિમાં કોઈ એક વિરલા જ નીકળે છે. શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં 'પ્રથક્શરણ માર્ગોપદેષ્ટા" નામ છે તે આ દિવ્ય પ્રેમ મારગનું સૂચક નામ છે. આવા દિવ્ય પ્રેમ માર્ગે ચાલનારો પ્રેમી દિવ્ય લીલાધામમાં જ પ્રવેશ કરે છે. દશ્ય જગત સાથે નાતો તોડીને અથવા લોકાતીત થઈને જ આ દિવ્ય પ્રેમના માર્ગે ચાલી શકાય છે. તેથી કોઈ વિરલા જ આ માર્ગે ચાલી શકે છે.

નેહ અક્ષર હે દોય એવિધના નાહીન રચે ।
તો ક્યા સમજે કોય નેહ પંથ નેહી બિના ॥

અથવા લીલાધામથી વિછુરેલા દૈવીજીવને જ આ માર્ગે ચાલવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે અને આવા દૈવી જીવો ભૂતલમાં બહુ થોડા રહ્યાં છે. તેથી ઉપરના દોહામાં કહ્યું કોઈ વીરલા જ આ પ્રેમપંથમાં ચાલી શકે છે. જેના હૃદયમાં પ્રાણવલ્લભ સિવાય બીજાનું સ્થાન નથી તેવા પ્રેમીજનો દિવ્ય પ્રેમના માર્ગે ચાલી શકે છે. આવા પ્રેમીને પોતાના પ્રિયપાત્રથી કંઈ છૂપાવવા જેવું હોતું નથી. જેના હૃદયમાં કપટ છે

તેને છૂપાવવાનું હોય છે તેવા કપટી આ પ્રેમ માર્ગ પર ચાલી શકતા નથી. આવા કપટીમાં દિવ્ય પ્રેમ પ્રગટ થતો નથી. કપટી પ્રેમમાં સ્વારથ હોય છે. પોતાના સુખની કામનાથી જ પ્રભુ સાથે પ્રેમ કરેલો છે. આવા બનીયા જેવા પ્રેમનો વેપાર કરનારને દિવ્ય પ્રેમ પ્રાપ્ત થતો નથી. જ્યાં જુદાઈ હોય છે ત્યાં છૂપાવવાનું હોય છે. શુધ્ધ તત્સુખી પ્રેમીઓમાં જુદાઈની ભાવના જ હોતી નથી. તેથી તેને પોતાના પ્રિય સાથે પોતાના સ્વારથની કપટ ભરેલી કોઈ બાબત બનતી નથી. જેનો પ્રેમ પોતાના પ્રિય પ્રભુને સુખી કરવા માટે જ છે. તેને જ દિવ્ય કહેવાય છે. અને જેનો પ્રેમ પોતાના સુખની ચાહનાવાળો છે તે કપટ ભરેલો સ્વારથી હોવાથી તેને પ્રેમ કહી શકાતો નથી. પણ 'કામ' કહેવાય છે. પ્રેમ અને કામ દૂધમાં ભળેલા જલ જેવા સ્વાર્થી પ્રેમીઓમાં હોય છે. ઉપરથી જોતા દૂધ દેખાય પણ ભીતર જલનો ભેગ હોય છે. તેમ સ્વાર્થી પ્રેમી પોતાના પ્રિય પાત્રમાં પ્રેમ બતાવતો હોય છે. પણ ભીતર સ્વારથ છુપાયેલો હોય છે. આવું કપટ રાખનારને પ્રેમ દેવ શ્રીવલ્લભની પ્રાપ્તિ કેમ થઈ શકે?

"रहन नाही देत ओर रस, येही प्रेमकी टेक"

દિવ્ય પ્રેમ બીજા રસોને નાબુદ કરીને જ પ્રગટ થાય છે.

પ્રેમ નદીકો પેરવો, તાકી ટેડી ધાર ।
પાર ગયો સો ડૂબીયો, ડૂબે સોઈ પાર ॥

આ દિવ્ય પ્રેમ નદીની ધારા વાંકી છે. તેમાં તરવાની રીત પણ ટેડી છે. એટલે કે પ્રેમ નદીમાંથી તરીને કીનારાની બહાર જે નીકળી ગયો તે દિવ્ય પ્રેમને અનુભવ કર્યા વગર બહાર નીકળી ગયો તે સંસાર ભવસાગરમાં ડૂબે છે. અને જે પ્રેમ નદીમાં ડૂબ્યો તે સંસાર ભવસાગરને તરીને પ્રેમદેવના સ્વરૂપ લાવણ્યના મધુર સ્વાદમાં ડૂબી જાય છે.

હવે પ્રેમ નદીને તરીને બહાર નીકળી જવું તેનો અર્થ એમ થાય છે કે દિવ્ય પ્રેમનું જ્ઞાન મેળવીને પ્રેમદેવ શ્રી વલ્લભના સ્વરૂપમાં જ ડૂબી જવું જોઈએ પણ પ્રેમનું જ્ઞાન મેળવી જે બીજાને ઉપદેશ આપી માન બડાઈની લાલચમાં ફસાયેલો રહે છે તે ભવસાગરમાં ડૂબે છે. ભગવાનની માયા બડી ઉરઝન ભરી છે. પ્રિયતમના સાક્ષાત્ સ્વરૂપ સિવાય અનેક પ્રકારના આનંદોની ઝાળમાં કાચા પ્રેમીઓને ફસાવે છે. જ્યાં સુધી પ્રાણવલ્લભના સ્વરૂપમાં જ દ્રઢ આસક્તિ થતી નથી, ત્યાં સુધી માયા અનેક પ્રકારે પ્રલોભનો બતાવી જીવને ભગવાન પાસે જવા દેતી નથી. પ્રભુ પ્રેમનો

પથિક જ્યાં સુધી બધી ચાહના છોડીને પ્રિય વલ્લભને જ ભેટવાની તીવ્ર ચાહના નહીં કરે, ત્યાં સુધી માયા પાછળ પડેલી જ રહેશે. દિવ્ય પ્રેમ ઘણી જ કઠિનતાથી અને અનેક સંકટોનો સામનો કરતા રહેવાથી જ પ્રાપ્ત થાય છે. દિવ્ય પ્રેમ માર્ગમાં અનેક પ્રતિબંધો આકાશ સાથે વાતો કરે તેવા પહાડ સમાન ખડા છે, તે સમગ્ર પ્રતિબંધોનો નાશ કરી દેનાર પ્રિયની વિયોગાગ્નિ જ સમર્થ છે. દર્દીલા પ્રેમનું બીજ બોયા વિના દિવ્ય પ્રેમના શિખરે પહોંચી શકાતું નથી. સદા સંયોગ સુખની જ ચાહના રાખનારા અને વિરહ દુઃખથી કાયર થનારા દિવ્ય પ્રેમને શિખરે ચઢી પ્રેમ રાજ્ય પર વિજય ધ્વજ ફરકાવી શક્તા નથી. શ્રીગોપીજનોએ દર્દીલા પ્રેમથી જ (વિરહ વ્યથાને સહન કરીને જ) પ્રેમદેવ ઉપર વિજય મેળવી પ્રેમ રાજ્યમાં પોતાનો વિજય ધ્વજ ફરકાવ્યો છે. તેથી પરમાનંદદાસજી કહે છે કે "ગોપી પ્રેમકી ધ્વજા" જેવી રીતે ગોપીજનોએ લોક વેદની સાંકળ તોડીને ફેંકી દીધી અને પ્રિયતમાના વિયોગની દાવાગ્નિમાં કૂદી પડ્યા.

તેમ જ્યારે લોકલાજની માન બડાઈની અને દુનિયાના નાશવંત સુખોની, પ્રેમ વેદીની આહુતિમાં દઈ દેવાય ત્યારે દિવ્ય પ્રેમ રાજ્યમાં પ્રવેશ થાય છે. છેવટ દિવ્ય પ્રેમ પથિકોએ નિરાશ નહી થવું. દયારામભાઈ કહે છે કે- "શ્રી વલ્લભશરણ થકી સહુ પડે સહેલું" મહા કારુણિક શ્રી વલ્લભનું અશક્ય કે સુશક્યમાં શરણ રાખવું તેથી સર્વ સિદ્ધ થશે.

ઉત્તમ જન રસખાનકું, જાકો યહ પ્રમાન ।
બાત સુનત વિતત વ્યથા, રૂપ દેખિ ઉલટાન ॥

તત્સુખી પ્રેમ રસથી ભરેલાને જ ઉત્તમ કોટિના કહેવાય છે. આવા પ્રેમીને પ્રિયની વાર્તા સાંભળતા જ વ્યથા ઉત્પન્ન થઈ જાય છે. તો પછી પ્રિયના સ્વરૂપથી શું શું ન થાય ? પ્રિયતમના રૂપની યાદીમાં તો વિયોગનો દાવાગ્નિ સળગી ઉઠે છે. કારણ કે પ્રેમ રસથી ભરેલા પ્રેમીઓ તો પ્રિયના રૂપનું પાન કરીને જ જીવન નભાવનારા છે. તે પ્રિયની વાર્તા જેમ જેમ સાંભળે છે તેમ તેમ દુની અગ્નિ બઢતી જાય છે. જીવન મરણની જેને પરવા નથી, તેવા શૂરા પ્રેમીજન જ દિવ્ય પ્રેમ રાજ્યમાં પ્રવેશ કરી શકે છે. આ માર્ગ સાહસિકોનો છે કાયરનો નથી.

જ્ઞાની ધ્યાની સબ મિલે, મિલે રંક અરૂ રાય ।
વે પ્રેમી કેસે મિલે, જાકી પ્રિતમમેં ચાય ॥

જ્ઞાનીઓનો જગતમાં ટોટો નથી. અને મોક્ષને માટે ભક્તિ કરનારા પણ ઘણા છે. પણ જેને પ્રેમદેવ શ્રી વલ્લભને મેળવવાની ચાહના છે તેવા દિવ્ય પ્રેમના પાત્રો જ્યાં ત્યાં મળે તેમ નથી. કારણ કે તેવા પ્રેમીઓને પ્રેમ રાજ્યનો કરફ્યુ લાગુ રહે છે. દિવ્ય પ્રેમની ચાહનાવાળા આ કાયદાનો ભંગ કરી પ્રેમ નગરીમાંથી બહાર નીકળવા ઈચ્છા કરતા જ નથી. આવા પ્રેમીઓનો મિલાપ થઈ શક્તો નથી. ચોરાશી વૈષ્ણવમાં ગજ્જન ધાવનજી આ પ્રેમરાજ્યના કરફ્યુમાં જ રહી આવતા.

સુકે વન પરસે નહિ, લગી સરોવરી આંચ ।
જલ ડારે દુની બઢે, અકથ કથા સખી સાંચ ॥

હે સખી! દિવ્ય પ્રેમની અકથ કહી ન શકાય તેવી અજાયબી ભરેલી કહાની છે. દિવ્ય પ્રેમનો અગ્નિ સુકા કાષ્ઠ જેવા જ્ઞાનીઓને સ્પર્શ કરતો નથી, પણ પ્રેમના ભરેલા પ્રેમીના હૃદય સરોવરમાં આ અગ્નિ છૂપાયેલો રહે છે. બીજી અજાયબી એ છે કે ભૌતિક અગ્નિમાં જલ ડારવાથી અગ્નિ બુઝાય જાય છે. પણ દિવ્ય પ્રેમનો અગ્નિ તો એવો છે કે તેમાં જેટલું પ્રેમરૂપી જલ પડતું જાય તેમ તેમ અગ્નિ બઢતી જ જાય છે. આવી અકથ કથા દિવ્ય પ્રેમ રાજ્યની છે. દિવ્ય પ્રેમ જગતની રીત લૌકિક દુનિયાથી બધી રીત ઉલટી જ સમજવી.

પ્રેમ પંથ પર જલ થલ અનલ, ઓર હે બીચ પહાર ।
પુરે જે જન પહોંચહી, જાકે પ્રીતિ વ્યવહાર ।।

પ્રેમ માર્ગ જલમાં ચાલવાનો, પૃથ્વીમાં ચાલવાનો, અગ્નિમાં ચાલવાનો, અને પહાડને ભેદીને પણ ચાલવાનો છે. દિવ્ય પ્રેમ માર્ગમાં અનેક સંકટો આવે છે, પણ જેનો પ્રેમ શ્રી વલ્લભ સાથે સાચો આત્મિક જોડાયેલો છે તે બધાય સંકટોથી પાર થઈ જાય છે.

વીર પુરૂષ સંગ્રામમાં લડતો હોય છે ત્યારે શત્રુના જેમ જેમ બાણ વાગે છે તેમ તેમ તેનામાં શૂરવીરતા વધતી જાય છે, તે કાયર બનતો નથી. તે જ સાચો પ્રેમી વીર છે. દિવ્ય પ્રેમની એક બિન્દુમાં અપાર શક્તિ રહેલી છે. તે શક્તિઓથી પ્રેમીજન બધાય સંકટોને પાર કરી પ્રાણ વલ્લભને મેળવી લે છે.

શ્રી વલ્લભસું પ્રેમ કરી, તજીયે તા હિત પ્રાન ।
દેખો દાદુર દીન કો, દેત સજીવન દાન ॥

શ્રી વલ્લભમાં પ્રીત કરીને શ્રી વલ્લભ માટે પ્રાણ ન્યોછાવર કરવા પ્રેમીજનો

પાછા પડતા નથી. જેનું જીવન શ્રી વલ્લભ છે તેવા જનને શ્રી વલ્લભ પ્યારાનો સાક્ષાત્ સંબંધ નહીં હોવાથી, તેનું જીવન મરવા જેવું થઈ જાય છે. આવા પ્રેમીજનોએ પોતાના પ્રાણ શ્રી વલ્લભ ઉપર ન્યોછાવર કર્યા છે તેનું નવું જીવન પ્રેમમય જીવનનું દાન કરે છે. જેમ સરોવરમાં જલ જ્યારે સુકાય જાય ત્યારે જલ વિના દેડકાઓ પ્રાણ વગરના થઈ સરોવરમાં જ રહે છે. તેને નવું જીવન આપવા વરસાદ પડે છે. ત્યારે સરોવરમાં જલ ભરાય છે. ત્યારે તે દેડકાઓ સજીવન થઈ જાય છે. તેમ શ્રી વલ્લભમાં પ્રેમ સંબંધ જોડીને શ્રી વલ્લભના સાક્ષાત્ સંબંધ માટે વિરહમાં ઝૂરી રહ્યા છે. અને તે વિરહમાં જીવન વગરના થઈ ગયા છે, તેવા પ્રેમીજનોને નવા જીવનનું દાન કરવા શ્રીવલ્લભ પોતાના સ્વરૂપમાંથી દિવ્ય પ્રેમ જલની વર્ષા કરે છે અને તેથી નૂતન દિવ્ય પ્રેમમય જીવન આપે છે. તેથી શ્રી વલ્લભના પ્રેમીજનોએ વિરહ દુઃખથી કાયર નહીં થવું. પ્રાણ વલ્લભના મિલાપની અમર આશા રાખી, આપનું સ્મરણ ધ્યાન ગુણગાન કરતા જ રહેવું. ભલે પ્રાણ ચાલ્યા જાય પણ વલ્લભને છોડીને બીજાની આશા સ્વપ્ને પણ નહીં કરવી. બીજા આનંદોથી આપણું જીવન નહી નભાવવું. પોતાના પ્રેમીજનની આવી અનન્ય ટેક જોઈને શ્રી વલ્લભ અધીર થઈને, પોતાના દિવ્ય પ્રેમ સિન્ધુ સ્વરૂપમાં સદાને માટે ડૂબાવે છે.

કોટિક સુખ વા દુઃખ પે, વારૂ જો જાય પ્રીત ।
પ્રાન પરે મન ના ટરે, પ્રગટ પ્રેમ કી રીત ॥

પ્રાણવલ્લભના વિયોગ દુઃખને સહન કરે છે. આ વિયોગ દુઃખ ઉપર કોટી-કોટી સંયોગ સુખોની ન્યોછાવરી કરીને શ્રીવલ્લભજન શ્રી વલ્લભના પ્રેમને જ ચાહે છે. ભલે પ્રાણ તજી દેવાય પણ પ્રેમીની અટલ ટેક કોઈ સમય જતી નથી. દિવ્ય વિશુદ્ધ પ્રેમની આવી જ રીત છે કે, પ્રિયતમથી મળતા સુખો ચાહે છે, પણ પ્રિયતમથી મળતા સુખ સિંવાય બીજા કરોડો સુખો પ્રિયના વિયોગ દુઃખ ઉપર ન્યોછાવર કરે છે એટલે કે પ્રિયતમ સિવાય બીજા કરોડો સુખોનો ત્યાગ કરી, પ્રિયતમના વિયોગ દુઃખને ચાહે છે. અથવા શ્રીવલ્લભના વિયોગ સમયે જે દુઃખ થાય છે, તેને જ સુખ માને છે, કારણ આ વિયોગ દુઃખ અગણિત આનંદને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ કરે છે. તેથી જે અગણિત નથી, તેવા સુખોને આ પ્રેમી ચાહતો નથી.

નાતો બાંધે નેહકો, કરે પ્રીત પહેચાન ।
એસી શરણાગતિ લહે, અતિ કરૂણા દાન ॥

પ્રાણપ્રિયથી પ્રેમનો જ સંબંધ જોડે અને શ્રી વલ્લભ દિવ્ય પ્રેમ સુધાનું જ સ્વરૂપ છે. પ્રેમનો જ તે આહારી છે અને પ્રેમથી જ તે મેળવી શકાય છે. આવી રીતે પ્રેમને પહેંચાને. આપણને બ્રહ્મસંબંધ થયું એટલે શ્રીવલ્લભવર સાથે આપણી સગાઈ થઈ, તેથી શ્રી વલ્લભ આપણા પતિ અને આપણે તેમના પત્ની અથવા શ્રીવલ્લભ આપણા પ્રિયતમ અને આપણે તેમના પ્રિયતમા. આમ શ્રીવલ્લભ સાથે આપણો સંબંધ પ્રેમલગ્ન જેવો છે અથવા આપણા પ્રેમનું પાત્ર શ્રીવલ્લભવર અને શ્રીવલ્લભના પ્રેમનું પાત્ર આપણે. આપણા પ્રાણવલ્લભ દિવ્ય પ્રેમના મહાસાગર છે. આપની સાથે પ્રેમનો નાતો જોડી પ્રેમીજન પ્રેમના મહા સિન્ધુમાં ડૂબ્યો રહે છે. આવા પ્રકારના પ્રેમભાવથી શ્રી વલ્લભને શરણે રહેવાથી શ્રીવલ્લભ અતિ કરૂણાથી પોતાના મહાન દિવ્ય પ્રેમ સ્વરૂપનું આપણને દાન કરે છે અને તેથી આપના સ્વરૂપમાં રહેલો અગણિત આનંદ તેનો અનુભવ કરાવે છે.

જ્યોં લો ચિત્ત ચાહત નહિ, ત્યોં લો મન ન બિકાય ।
ભાવ ભયે મહેંગો મિલે, પ્રાણ અકોરન પાય ॥

જ્યાં સુધી આપણા જ્ઞાન પ્રધાન ચિત્તમાં પ્રાણવલ્લભ સિવાય બીજા વિચારો, બીજાનું ધ્યાન બીજાનું જ્ઞાન હોય છે ત્યાં સુધી આપણું ચિત્ત નિર્મળ બનતું નથી અને તેથી શ્રી વલ્લભમાં ચિત્ત રૂચિપૂર્વક ચોંટતું નથી. જગતના વિષયો કાનથી સાંભળવા જીભથી બોલીને, નેત્રોથી જોઈને, આપણા હૃદયમાં એકઠાં થતાં રહે ત્યાં સુધી ચિત્ત નિર્મળ બનતું નથી. તે માટે આંખ-કાન-જીભના પ્રાકૃત લૌકિક વિષયો છોડી દેવા જોઈએ. આ વિષયો એકાન્તમાં રહેવાથી હૃદયમાં પ્રવેશ કરતા નથી. હૃદયને લૌકિક વિષય વગરનું નિર્મળ બનાવવા એકાન્ત અને એકાગ્રતાની પ્રેમીજનોને અત્યંત આવશ્યકતા છે. અને જ્યાં સુધી ચિત્ત નિર્મળ બની શ્રીવલ્લભ સ્વરૂપમાં ચોટતું નથી ત્યાં સુધી મન પણ પ્રાણ વલ્લભમાં વેચાતું નથી. કારણ કે મન ચિત્તની પાછળ રહે છે. ચિત્ત નિર્મળ બની પ્રાણ વલ્લભના સ્વરૂપમાં ચાહનાવાળુ થયું પછી જગત વિષયોને ગ્રહણ કરતું નથી, ત્યારે મનને પણ વિષયોનો ખોરાક નહીં મળવાથી ચિત્તની સાથે શ્રીવલ્લભમાં વેચાય જાય છે. આધીન બની જાય છે.

બીજી એક બાબત રહસ્યની એ છે કે જેમ લૌકિકમાં વસ્તુનો ભાવ વધે તેમ તેમ વસ્તુ મોંઘી મળે છે. તેમ અલૌકિકમાં પ્રાણવલ્લભમાં જેમ જેમ ભાવ પ્રેમ વધે તેમ તેમ શ્રી વલ્લભમાં પ્રાપ્તિ દુર્લભ બનતી જાય છે. પરંતુ જેણે પ્રાણની ન્યોછાવરી પ્રાણવલ્લભને કરી દીધી છે તેના પ્રાણરૂપ શ્રીવલ્લભજ બનતા હોવાથી તેને સહજ પ્રાપ્ત થઈ જાય છે. તેથી દયારામભાઈએ કહ્યું છે કે "શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું." વળી એક ગોપીજન બીજા ગોપીજનને કહે છે કે હે સખી નંદરાજકુમારમાં પ્રેમ કેવી રીતે થાય, કેવી રીતે મળે ? ત્યારે બીજા ગોપીજન કહે છે કે -

ચલ સખી ચલ વ્રજ પેંઠલગી, જ્હાં બિકાત હરિ પ્રેમ ।
સુંઠ સોંધો પ્રાણનકે પલટે, ઉલટ ધરો યહ નેમ ॥

હે સખી ! નંદરાજકુમારનો પ્રેમ તો વ્રજની ગલી ગલીમાં વેચાય રહ્યો છે, તે પ્રેમ સુંઠથી સોધો છે. પણ પ્રાણના પલટે પ્રાણની ન્યોછાવરી કરવાથી મળે છે.

હવે પ્રાણની ન્યોછાવરી એટલે એમ જાણવું કે આપણી ઈન્દ્રિયોના વિષયો પ્રાકૃત કે જે કાનથી સાંભળવું, આંખથી જોવું. જીભથી બોલવું ઈત્યાદિ લૌકિક વિષયોને પ્રાણ કહેવાય છે. આ વિષયો જે લૌકિક છે તેને અલૌકિક બનાવવા તેનું નામ પ્રાણની ન્યોછાવરી. એટલે આપણી બધી ઈન્દ્રિયોના વિષયો પ્રિયતમના સ્વરૂપ સાથે જોડાયેલા રહે તેનું નામ પ્રાણની ન્યોછાવરી. જ્યારે પ્રાણની ન્યોછાવરી પ્રિયતમમાં જ થાય ત્યારે આપણા કર્ણ પ્રિય પ્રભુના નામનું તેના ગુણોનું જ શ્રવણ કરે સ્મરણ કરે. આંખનો વિષય જગતને જોવાનો છે તે નેત્રોથી પ્રિયતમનું સ્વરૂપ જ જોવાયા કરે અને જીભના વિષયો બીજું બોલવું તેના બદલે પ્રિયનું જ સ્મરણ ગુણગાન કરે. મન પ્રાણવલ્લભના સ્વરૂપનાં જ સંકલ્પ વિકલ્પ કરે અને ચિત્ત પ્યારાના સ્વરૂપનું જ ચિન્તન ધ્યાન કરે. આ રીતે ઈન્દ્રિયો મન ચિત્તના વિષયો પ્રાણ વલ્લભનું સ્વરૂપ જ બની જાય, જીવન રૂપ પ્રિયતમ બની જાય તેનું નામ પ્રાણની ન્યોછાવરી કહેવાય. મર્યાદા માર્ગ કરતા પ્રેમ માર્ગના પથિકોને ઈન્દ્રિયો ઉપર વિશેષ કાબુ રાખવાનો છે. ઈન્દ્રિયો મન ચિત્ત વગેરેમાં જ્યાં સુધી પ્રાકૃત વિષય રસ રહેશે ત્યાં સુધી દિવ્ય પ્રેમ રસનો અનુભવ નહીં થઈ શકે. ઈન્દ્રિયોના અને અંતઃકરણના પ્રાકૃત વિષયોની સર્વાંશે નિવૃતિ વિરહમાં જ થાય છે. પણ આ વિરહનું દાન વિરહાગ્નિ સ્વરૂપ વલ્લભથી જ થાય છે એટલે શ્રી વલ્લભના ગુણગાનનું સ્મરણ ધ્યાનથી સન્મુખ

રહેવાથી આપ જ વિરહ ભાવનું દાન કહે છે. જ્યારે સર્વાંશે લોકિક પ્રાકૃત વિષયોની નિવૃતિ વિરહાનુભવથી થાય પછી જ દિવ્ય પ્રેમ પ્રગટ થાય છે. તેને સમજવા નીચેનો દોહો છે -

જા ઘટ વિરહદાવા અનલ, પરિપક ભયે શુભાય ।
તાહી ઘટ મધ્ય નંદહો, પ્રેમ અમી ઠહેરાય ।।

દિવ્ય પ્રેમનું પાત્ર બનવા માટે વિરહાગ્નિનું સેવન કરવું જ પડે છે. આ વિરહ દુઃખ નિભાડાના અગ્નિ જેવું છે એટલે કે કુંભાર લોકો માટીના વાસણને પકાવવા માટે નિભાડામાં ઉંધા ખડકે છે અને વાસણની ઉપર નીચે અગ્નિ લાગે તેમ નિભાડાને સળગાવે છે, ત્યારે વાસણો બહારથી અને ભીતરથી પાકી જાય છે. તેમ વિરહમાં બહારના વિષયોનો ત્યાગ થવાથી હૃદય ઘટને બહારની અગ્નિ લાગી કારણ કે ત્યાગ અગ્નિ સમાન છે. હવે ભીતરનો અગ્નિ આપનું નામ સ્મરણ ગુણગાન અને સ્વરૂપ ધ્યાન છે. આ પ્રકારના ભીતરના અગ્નિથી જન્મ જન્માંતરની જે વાસના હૃદયમાં ભરેલી છે. તે સળગીને સાફ થઈ જાય છે. આમ બહાર ભીતરની અગ્નિથી હૃદય ઘટ પરિપકવ બની જાય છે. અથવા બહાર પ્રિયતમનો સંયોગ નહીં હોવાથી બહારનો અગ્નિ લાગે છે અને ભીતર વિયોગનો અગ્નિ લાગે છે. આમ બન્ને પ્રકારના અગ્નિથી પ્રેમીજનનું હૃદયરૂપી પાત્ર દિવ્ય પ્રેમને ધારણ કરવા સમર્થ બને છે. દિવ્ય પ્રેમ જગતના વિષયો છોડ્યા વિના પ્રાપ્ત થતો નથી. દિવ્ય પ્રેમ દિવ્ય લોકની વસ્તુ હોવાથી લોકાતીત થયા વિના પ્રાપ્ત થતો નથી. જગતના પ્રાકૃત વિષયો છોડવામાં ઈન્દ્રિયોને ભારે દુઃખ થાય છે. આ દુઃખ રૂપી અગ્નિને સહન કરીને સદા પ્રિયતમનું સ્મરણ ધ્યાન કરતા રહેવાથી, હૃદયરૂપી ઘટ પાકી જાય છે, ત્યારે દિવ્ય પ્રેમરૂપી જલ હૃદય ઘટમાં ધારણ કરી શકાય છે. દિવ્ય પ્રેમ બીજા કોઈપણ વિષય રસનું સ્થાન રહેવા દેતો નથી. પ્રાકૃત વિષયની ગંધ માત્ર પણ જ્યાં સુધી હોય, ત્યાં સુધી દિવ્ય પ્રેમની એક બિન્દુ ધારણ કરી શકાતી નથી. આવો ઉગ્ર દિવ્ય પ્રેમ હોવાથી પહેલા હૃદયને શુદ્ધ કરવાની અત્યંત આવશ્યકતા છે. અથવા દિવ્ય પ્રેમ એવો ઉગ્ર છે કે, બીજાનું સ્થાન જ રહેવા દેતો નથી. દિવ્ય પ્રેમ એ પુષ્ટિ પ્રભુનું જ સ્વરૂપ છે. અને આ પ્રેમરૂપ પ્રભુ જેને પોતાના પ્રેમનું પાત્ર બનાવે છે. તેના વિના એક ક્ષણ પણ રહી શકતો નથી. એવો તેનો સહજ સ્વભાવ હોવાથી પોતાના પ્રેમી પાત્રમાં બીજાની યાદી કે બીજાનું સ્થાન હટાવ્યા પછી જ દિવ્ય પ્રેમ પ્રગટ થાય છે. જેમ ગજજન છતાં

ધાવનજીમાં શ્રીનવનીત પ્રિયાજીનો પ્રેમ હતો તેથી ગજ્જન વિના એક ક્ષણ રહી શક્તા નહી, અને એક ક્ષણ ગજ્જનને દૂર થવા દેતા નહી. આવો પ્રેમ સ્વરૂપ પ્રભુનો સ્વભાવ હોવાથી પોતાના પ્રેમીજનમાં બીજાનું સ્થાન રહેવા દેતો નથી, તેથી નંદદાસજીએ પણ કહ્યું છે -

પ્રેમ એક એક ચિતસો, એકહી સંગ સમાય ।
ગાંધીકો સોદા નહી, જન જન હાથ બિકાય ॥

જેમ ગાંધીની દુકાને ચીજ વસ્તુ માટે માણસો આવીને પૈસા આપીને લઈ જાય છે, તેમ દિવ્ય પ્રેમ અનેકમાં વેચાતો નથી, પણ એકમાં જ લાગેલો રહે છે. એકની સાથે જ સદા સર્વદા જોડાયેલો રહે છે. એક શ્રીવલ્લભમાં જોડાયેલો આ દિવ્ય પ્રેમ જે પ્રેમીજન મેળવી લે છે તેની દુનિયા નિરાલી બને છે. એટલે કે આ નિરાલી દિવ્ય પ્રેમની દુનિયામાં પ્યારા વલ્લભ સિવાય બીજું કંઈ દેખાતું નથી. આ પ્રેમી જ્યાં જ્યાં નજર કરે છે ત્યાં ત્યાં વલ્લભ પ્યારાને જ નિરખે છે. આવો પ્રેમ જ દિવ્ય પ્રેમનું શિખર કહેવાય છે.

તીન લોક તૃણ સમ કીયે, સુખ સંપત્તિ સબ ભોગ ।
શ્રીવલ્લભ પદ ચરણ ગહી, સાધન તજી ઉદ્યોગ ॥

"ત્રણ લોક" એટલે રાજસ-તામસ-સાત્ત્વિક ભાવવાળા ભૂતલના ભક્તોમાં ભૌતિક અધ્યાસ યુક્ત પ્રભુ સંબંધી જે આનંદ અનુભવાય છે તે અલ્પ જ હોય છે. તેવા ત્રણ લોકનાં આનંદને પણ જે પ્રેમી ચાહતો નથી અને કેવલ શ્રી વલ્લભ ચરણ કમલને જ અનન્યતાથી ગ્રહણ કર્યા છે અને શ્રી વલ્લભ પ્યારાના નામનું સ્મરણ સ્વરૂપ ધ્યાન અને ગુણગાન વિના અન્ય સાધનો છોડી દીધા છે. તેવા અનન્ય પ્રેમીજનને મધુર વ્યથા ભર્યો પ્રેમ પ્રાપ્ત થાય છે. શ્રી વલ્લભ પ્યારાનું નખથી શિખ સુધી સ્વરૂપ મધુર પ્રેમની વ્યથા ભર્યું તાપાત્મક છે.

આવો મધુર અગ્નિ ભર્યો પ્રેમ અનન્યતા વિના મેળવી શકાતો નથી. જેમ શ્રી વલ્લભના જ એક સ્વરૂપમાં અનન્યતા રાખવાની છે. તેમ શ્રી વલ્લભને પ્રાપ્ત કરવાનું સાધન પણ અનન્ય જ છે. તે અનન્ય સાધન શ્રી વલ્લભની જ સેવા સ્મરણ ગુણગાન ધ્યાન કરતા રહેવાથી પ્રેમીજન પ્યારા વલ્લભને રીઝવી લે છે. અનન્ય જનને પોતાના પ્રિય સિવાય આ જગતમાં કે ત્રણ લોકમાં બીજું કાંઈ જ સુખકર હોતુ નથી. આવા અનન્ય જનને મધુર દર્દ ભર્યો દિવ્ય પ્રેમ પ્રાપ્ત થાય છે.

લાગે તેહી જાનહી, મિલ બિછુરનકી ખેદ ।
કહા દુહાગ્નિ કહી શકે, પ્રિય સંગ દુઃખ સુખ ભેદ ॥

જેને પ્રિયતમનો સંગમ થયો અને પછી વિયોગ થયો. આ વિયોગનો જે ખેદ પ્રેમીના હૃદયનું મંથન કરી રહ્યો છે, તેવા દુઃખને અને પ્રિયતમના સંગમ સુખનો અનુભવ પ્રિયતમનો જેને સંગમ થયો નથી તેવી દુર્ભાગા નાયકા શું જાણી શકે ? એટલે કે પ્રિયના સંગમ વિના સંગમ સુખની કે સંગમ પછી વિયોગના દુઃખની અન્યને ખબર પડતી નથી. દિવ્ય પ્રેમ સ્વરૂપ પ્રભુના સંબંધનો કે તેના સ્પર્શનો કે તેની પ્રેમ ભરી દૃષ્ટિનો એવો પ્રભાવ છે કે, જેને તે સંબંધ થયો તે પ્રેમી સર્વાંગ પ્રેમમય બની જાય છે. આવા પ્રેમમય બન્યા પછી પ્રિયતમના વિયોગના મધુર દર્દને તે પ્રેમીજન અનુભવી શકે છે.

કોટિક સાધન કીજીએ, હોય નહીં ફલરૂપ ।
સ્નેહામૃતસો પાઈએ, શ્રી ગોકુલ કે ભૂપ ॥

દિવ્ય પ્રેમ સિવાયના બીજા કરોડો સાધનો કરો તો પણ શ્રી વલ્લભ પ્યારાની પ્રાપ્તિ થતી નથી. તેથી પ્રેમની ચાહના કરનારે પ્રેમને જ સમજવાનો છે કે દિવ્ય પ્રેમ શું વસ્તુ છે ? આ ગ્રંથમાં દિવ્ય પ્રેમની જ ગાથા ગવાયેલી છે. તેથી આ ગ્રંથ વાંચનાર પ્રેમીજનોએ દિવ્ય પ્રેમને સમજી તેને જ હૃદયમાં રાખી તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો. પ્રેમમાં પણ શિખર કોટિનો પ્રેમ શ્રી વલ્લભ પ્યારાનો છે. તેમાં પ્રિયતમની જ આધીનતા પ્રિયતમના સુખનો જ વિચાર અને પ્રિયતમને સુખ આપવા છતાં અતૃપ્તિ સંતોષનો અભાવ. આવો શ્રી વલ્લભ પ્યારાનો પ્રેમ છે. અતૃપ્તિમાં પ્રેમનો સ્વાદ હોવા છતાં પ્રિયતમના સુખ માટે મધુર તાપ બન્યો જ રહે છે. આવા મધુર તાપ ભાવ પ્રેમનો આહારી આપણો પ્રાણ વલ્લભ છે. અથવા પ્રત્યક્ષ વિરહનું સ્વરૂપ શ્રીવલ્લભ છે.

પ્રત્યક્ષ વિરહનું સ્વરૂપ કેવું છે તેનું નંદદાસજીએ પંચમંજરીમાં વર્ણન કર્યું છે.

પોઢી પ્રિતમ અંક સુહાઈ, કછુ એક લહેર પ્રેમકી આઈ ।
સંભ્રમ ભયો કહત રસ વલીતા, મેરે લાલ કહાં રે લલિતા ॥

પ્રિયતમને આલિંગન દઈને શ્રીપ્યારીજી પોઢેલા છે, તે સમયે પ્રેમ સમુદ્ર શ્રીપ્યારીજીમાંથી અતૃપ્તિ ભાવનો તરંગ પ્રગટ થયો કે, પ્રિયતમ મારી પાસે નથી. શ્રી પ્રિયાજી પ્રેમના સમુદ્રરૂપ છે. સમુદ્ર ભરેલા પ્રેમથી પ્રિયતમને સુખ આપી રહેલ છે.

પ્યારીજીને અતૃપ્તિ જ રહે છે. આવો અતૃપ્તિ ભર્યો મહાસાગર સમાન શ્રી વલ્લભનો મધુર પ્રેમ છે. વિરહ ચાર પ્રકારનો છે. (૧) પ્રત્યક્ષ વિરહ (૨) પલકાન્તર (૩) વનાન્તર (૪) દેશાન્તર. આ ચારમાં પ્રત્યક્ષ વિરહ શ્રી પ્યારીજીમાં રહેલો છે. પ્રત્યક્ષ વિરહ ત્યારે જ થાય છે કે પ્રેમીજન પોતે જ પ્રેમના સાગર રૂપ બની જાય, અર્થાત્ પ્રિયતમ રૂપ બની જાય. જેમ સાગરમાં ડૂબેલાને પોતાનું સ્મરણ રહેતું નથી, તેમ પ્રિયતમ રૂપ બનેલાને પોતાનું વિસ્મરણ થઈ જાય છે. પ્રેમના સમુદ્રરૂપ પોતે બનેલો અને પ્રેમ સમુદ્રનું પાન કરતો હોવા છતાં આ પ્રેમીને પ્રેમની પ્યાસ બુઝાતી નથી. જેમ જલને જલની પ્યાસ લાગે તો કોન પ્યાસ બુઝાવે. પ્યાસ વધતી જ જાય છે, તેમ શ્રીપ્યારીજી પ્રેમરૂપી જલના સમુદ્રરૂપ છે. આપને પ્રેમની પ્યાસ બની જ રહે છે. એટલે પ્રેમ સ્વરૂપ પ્રભુને પ્રેમ સમુદ્રના પ્રવાહથી પ્રેમનું પાન કરાવે છે. છતાં શ્રી પ્રિયાજીને અતૃપ્તિ જ બની રહે છે. એટલે પ્રેમ સ્વરૂપ પ્રભુને પ્રેમ સમુદ્રના પ્રવાહથી પ્રેમનું પાન કરાવે છે. છતાં શ્રી પ્રિયાજીને અતૃપ્તિ જ બની રહે છે. આવી અતૃપ્તિ એટલે પ્રિયતમના સુખનું મધુર દર્દ આવા મધુર દર્દનું સર્વાંગ પ્યારા વલ્લભનું સ્વરૂપ છે. પ્રેમીજનની સાધન દશામાં જેમ જેમ પ્રેમ વધતો જાય છે. તેમ તેમ અતૃપ્તિ વધતી જાય છે. વિરહ વધતો જાય છે. આ વિરહ છેવટે પ્રત્યક્ષ વિરહનું સ્વરૂપ ધારણ કરે છે. સદા સર્વદા પ્યારાને ગાઢ આલિંગન દઈ પ્રેમી ભક્ત રહી આવવા છતાં પ્રેમ સમુદ્રમાં ડુબેલો રહેવા છતાં તેને અતૃપ્તિ જ રહી આવે છે. આવો અતૃપ્તિ ભર્યો પ્રેમ જ દિવ્ય પ્રેમનું શિખર કહેવાય છે. મહોદાર શ્રી વલ્લભ પોતાના પ્રેમીભક્તને આવા પ્રેમનું દાન (પોતાના સાનિધ્યથી) કરી, દિવ્ય પ્રેમના શિખરે પહોંચાડે છે. આ પ્રેમની સમાનતા બીજા કોઈ દિવ્ય પ્રેમો કરી શકતા નથી. એટલે સંયોગના પ્રેમો વિપ્રયોગ સ્વરૂપ શ્રીવલ્લભના પ્રેમ સમાન નથી. સંયોગનો આનંદ ગોલોકમાં અનુભવાય છે. આવા અસંખ્ય ગોલોકો શ્રીવલ્લભ પ્યારાના પ્રત્યેક રોમમાં રહેલા છે. કોટિ કોટિ બ્રહ્માંડ તન રોમ હી રોમ પ્રતિ.

જગત આધાર ધર ધીર ધામી

(કૃષ્ણદાસજી)

કોટાન કોટિ રસાત્મક બ્રહ્માંડો શ્રી વલ્લભ સ્વરૂપના પ્રત્યેક રોમમાં રહેલા છે. તેવા શ્રી વલ્લભ સ્વરૂપ સંબંધી પ્રેમની સમાનતા થઈ શક્તી નથી. આવા શ્રી વલ્લભના

પ્રેમને પ્રાપ્ત કરવા મહાન કઠીન તપસ્યા વિરહના અનુભવથી કરવી પડે છે. શ્રીવલ્લભના પ્રેમની પ્રાપ્તિ સર્વ ત્યાગ પૂર્વક નિરંતર વિરહાનુભવથી થાય છે. શ્રીવલ્લભના પ્રેમનો મારગ નિરાલો છે.

વલ્લભ કો મારગ બાંકો
તામે ચલે રસિક વિરહીજ્ન
બીચમેં કઠીન પ્રેમકો નાકો
ક્ષણુ ક્ષણુ પ્રાણ અકોર દેત હે,
તોઉ નહીં સંતોષ હીયાકો
'રસિકદાસ' શ્રીવલ્લભવર હે,
ફલરૂપ વિરહજીન જાકો

નિરાલો કહેવાનું કારણ પુષ્ટિ માર્ગમાં દૈવીજીવના ચાર પ્રકારનાં અધિકાર ભેદો રહેલા છે. (૧) પુષ્ટિ પ્રવાહ (૨) પુષ્ટિ મર્યાદા (૩) પુષ્ટિ પુષ્ટિ અને (૪) શુધ્ધ પુષ્ટિ. તેમાં શુધ્ધ પુષ્ટિ વરણવાળા શ્રીવલ્લભના પ્રેમના અધિકારી છે. આવા ભક્તો દુર્લભ છે. તેમ આપે જ 'પુષ્ટિ પ્રવાહ મર્યાદા' ગ્રંથમાં આજ્ઞા કરી છે. આ વલ્લભના પ્રેમમાં સંયોગ ભાવની ગંધ પણ નથી અને લીલાપણ નથી. શ્રીવલ્લભ અને વલ્લભના સ્વકીયજનોના સુખનો જ વિચાર જેનામાં રહે છે તેને શ્રી વલ્લભનો પ્રેમ પ્રાપ્ત થાય છે.

દિવ્ય પ્રેમ અનન્યતાથી જ પ્રાપ્ત થાય છે તે અનન્યતાનું વર્ણન ચાતકના દૃષ્ટાંતથી સમજાવે છે.

અન્ય ગંધ છુવે નહીં, ધરે પતિવ્રત એક ।
તે નિશ્ચે ફલ પાવહી, ચાતક જૈસી ટેક ॥

પ્યારા વલ્લભના સ્વરૂપનું ધ્યાન, આપના નામનું જ સ્મરણ આપના સ્વરૂપનું જ ગુણગાન અને જ્ઞાન પણ આપના સ્વરૂપનું જ મેળવવું. આ સિવાય અન્ય સંબંધની ગંધનો પણ સ્પર્શ નહી થવા દઈને પતિવ્રત ભાવથી પ્યારા વલ્લભના સ્વરૂપાનંદમાં ડૂબ્યો રહે છે તેને નિશ્ચે વલ્લભવરની પ્રાપ્તિ થાય છે. નેત્રોથી શ્રીવલ્લભનું જ સ્વરૂપ જોવું. જીભથી આપના જ નામનું સ્મરણ ગુણગાન કરવું અને પ્રિયતમના જુઠણ અધરામૃતનો જ સ્વાદ જીભથી લેવો. નાકથી પ્રિયતમના શ્રીઅંગની દિવ્ય સૌરભ લેવી. મન પ્રિયના સ્વરૂપની જ ભાવનાના વિચાર કરે. ચિત્ત પ્યારાના સ્વરૂપનું

ચિંતન કરે. આવી રીતે ઈન્દ્રિયો અને અન્તઃ કરણનો બધોય સંબંધ પ્રિયવલ્લભ સાથે જ રહે. બીજાના મહાત્મ્યથી લલચાય નહીં. આવી રીતે વલ્લભ પ્યારામાં જ અનન્ય થઈને રહે, ત્યારે પતિવ્રત ભાવ સિધ્ધ થાય છે. પતિવ્રત ભાવનું બીજું નામ અનન્યતા છે. જ્યાં જ્યાં દષ્ટિ પડે ત્યાં ત્યાં પ્યારા વલ્લભનું જ સ્વરૂપ દેખાય, ત્યારે અનન્યતા સિધ્ધ થઈ કહેવાય. આવી અનન્યતા સર્વત્યાગ પૂર્વક એકાન્ત સેવન કરી સદા વિરહાનુભવમાં રહી, શ્રીવલ્લભ સ્વરૂપનું ધ્યાન થાય તો મુશ્કેલ નથી. તેના માટે મનને બધેયથી નિવૃત કરવાની જરૂર છે. તે નીચેના દોહાથી કહે છે.

સબતે મનજુ નિકાસીકે, લિયો અનન્ય વ્રત એક ।
પ્રાણ જાઓ પ્રાણ ન જાઓ, ચાતક જેસી ટેક ॥

અનન્ય વૃત્તિને નિભાવવા ચાતકે વિચાર કર્યો તો તેને સમજાણું કે જ્યાં સુધી મને બીજાનો સંબંધ રહેશે, ત્યાં સુધી મારા મનની સ્થિરતા મારા પ્રિય સ્વરૂપમાં નહીં કરી શકું. તેમ સમજી તેણે લૌકિક અને ભૂતલ સંબંધી ભૌતિક અધ્યાસવાળા વૈષ્ણવ પરિકર સર્વમાંથી પોતાના મનને ખેંચી લઈ પ્રિયના સ્વરૂપમાં જોડ્યું અને ટેક લીધી કે પ્રાણ ભલે ચાલ્યા જાય, પણ પ્રાણવલ્લભ (નવધન વલ્લભ) વિના અન્યથી રંચક સંબંધ નહીં રાખું. ચાતકને તેના પ્રિયનો વિયોગ છે તે વિયોગની અગ્નિમાં પોતાના જીવનની આહૂતિ આપી રહ્યો છે. પણ બીજાનો સંબંધ ચાહતો નથી. તેમજ તેના પ્રિય નવધનના સાક્ષાત્ સ્વરૂપથી મળતા આનંદ સિવાય બીજા આનંદોનો પણ તેણે ત્યાગ કર્યો છે.

સહે વિપત્તિ તરસ્યો રહે, જલે વિરહની આગ ।
અન્ય દિશા ચિતવે નહીં, તે પ્રેમી બડભાગ ॥

તે બાબતે સમજવા નીચેના સોરઠામાં કહે છે :

સ્વાંતિ વર્ષે મેહ, તા આશા ચાતક જીવે ।
ભઈ ક્ષીણતા દેહ, પ્રાણ બચે તા ધ્યાન મેં ॥

ચાતકના ઉદહરણને અનન્ય પ્રેમીજન સાથે સરખાવીને, અહીં વિચાર કરવો એટલે કે ચાતકને સ્વાતિ જલમાં અથવા નવધનમાં પ્રેમ છે. તેમ અનન્ય પ્રેમીજનને પ્યારા પ્રાણવલ્લભમાં પ્રેમ છે. સ્વાતિ શબ્દનો અર્થ સ્વ એટલે પોતાનું જ આત્મ સ્વરૂપ, અતિ એટલે હૃદય ભીતર અતિ નિકટ રહેલું આત્મારૂપે પ્રિય વલ્લભનું સ્વરૂપ. આ આત્મ સ્વરૂપથી જ પ્રેમરૂપી જલની આશા કરનાર ચાતક જેવો અનન્ય

ટેકી શ્રીવલ્લભનો પ્રેમીજન છે. જેમ ચાતક સ્વાતિ જલથી જ જીવન નીભાવે છે. તેમ વલ્લભનો પ્રેમી ભક્ત વલ્લભના જ આપેલા અથવા શ્રીવલ્લભના સ્વરૂપમાંથી થતા પ્રેમરૂપી જલથી પોતાનું જીવન નભાવે છે. અને ચાતક જેમ સ્વાતિ જલ વિના ગંગાજી જેવા બીજા પવિત્ર જલોમાં ચાંચ બોળતો નથી. તેમ વલ્લભનો પ્રેમીજન બીજા અલૌકિક આનંદોરૂપી પવિત્ર જલને ચાહતો નથી અને જેમ સ્વાતિ જલની આશામાં જ ચાતક જીવન ટકાવી રહ્યો છે, તેમ શ્રી વલ્લભનો પ્રેમીજન પ્રેમવલ્લભના પ્રેમદાનની આશામાં જ જીવનને ટકાવે છે અને નવધનના વિયોગમાં જેમ ચાતકનો દેહ હાડપીંજરવત સૂકાઈ ગયો છે, છતાં સ્વાતિ નવધનના ધ્યાનથી જ તેના પ્રાણ ટકી રહ્યા છે. તેમ વલ્લભના વિયોગમાં પ્રેમીજનની પણ તેવી જ દશા થઈ હોય છે. છતાં તેના પ્રાણને વલ્લભ પ્યારાના ધ્યાનથી ટકાવી રાખે છે. પ્રિયતમ મને મળશે જ આવી વિયોગ સમયે આશાની અમરવેલ વિરહની પ્રબળ અગ્નિથી પણ મુરઝાય જતી નથી. કારણ કે આ આશાનું મૂળ આત્મારૂપી પ્યારા વલ્લભમાં પહોંચી ગયું છે. જેમ આત્મા નિત્ય છે તેનો કોઈ કાળે નાશ થતો નથી. તેમ આત્મારૂપ શ્રીવલ્લભમાં પહોંચેલી અમરવેલ જેવી આશા પણ નિત્ય જ હોવાથી પ્રેમીજનોને નિરાશ થવા દેતી નથી. વિરહની દાવાનળ જેવી અગ્નિમાં પણ આ આશાવેલી અમર બની રહેલી હોય છે અને પ્રેમીજનના પ્રાણને ટકાવી રાખતી હોય છે. અથવા વિયોગ સમયે આશા વેલી વિરહી પ્રેમીજનનું પરોક્ષ રીતે પોષણ કરતી રહેતી હોય છે તેવા પોષણથી જ વિરહી જનના પ્રાણ ટકી રહે છે.

સ્વાતિ લીનો નેમ, સમય પાય વર્ષા કરે ।
ચાતક ચિત્ત યહ પ્રેમ, નિશદિન રટના તાહીકી ॥

ચાતક જાણે છે કે, સમય થશે ત્યારે નવધન સ્વાતિ જલની વર્ષા કરશે જ. છતાં તેમ સમજીને ચાતક સ્વસ્થ થઈ જતો નથી. પણ નવધન મિલન માટે અધીરો બની પિયુ પિયુની પ્રણય વેદના ભરી પુકાર રાત્રિ દિન કરતો જ રહે છે. તેવી રીતે પ્રાણવલ્લભ પોતાના વિરહી જનને દિવ્ય પ્રેમરૂપી જલની વર્ષા કરશે જ, પણ તે દિવ્ય પ્રેમ મહાન ઉગ્ર હોવાથી તે પ્રેમને ધારણ કરવાની પાત્રતા ન બને, ત્યાં સુધી પ્રેમનું દાન કરતા નથી. આમ સમજી વલ્લભના પ્રેમીજનોએ પાત્ર બનવા માટે વિરહમાં હરદમ ભીંજ્યા રહેવું. શ્રીવલ્લભ નામની રટના તેના જ ગુણગાન અને તેના જ સ્વરૂપનું ધ્યાન કરતા જ રહેવું.

પવન વેગ પર્યો ગંગ મેં, દ્રષ્ટિ રહી ઘન ઓર।
ચાતક વા ચિત આશમેં, નેક ચાંચ ન બોર ॥

આ દોહામાં ચાતકની અનન્યતા બતાવી છે જે તેના આદર્શરૂપમાની શકાય છે. ચાતક પતિત પાવની ગંગાજીના કીનારે એક વૃક્ષ ઉપર બેઠ્યો છે, તે સમયે સખત વાવાઝોડું આવ્યું, તેના ઝપાટાથી ચાતક ગંગાજીમાં પડી ગયો. તે સમયે પતિવ્રતા ભાવનો ટેકીલા ચાતકે પોતાની ચાંચ બીડી દીધી. રંચક ગંગાજીનું જલ તેની ચાંચમાં પ્રવેશ કરી ન શકે તે માટે. આ સમયે ચાતકનું ધ્યાન તેના પ્રિય નવધનમાં લાગેલું છે. ગંગાજીના જલને પોતાની ભીતર જવા દેતો નથી. જે ગંગાજી માટે રાજા ભગીરથે કઠીન તપસ્યા કરી, તેવી જગત પાવની ગંગાજીના જલને ચાતક સ્વિકારતો નથી. શ્રી ગંગાજી મોક્ષ આપે છે. આવા મોક્ષનો ચાતક અપેક્ષિત નથી. તે તો પ્રિયા રૂપામૃતનો પ્યાસો, રૂપામૃત એજ જીવનનો ચાહક છે. આવી રીતે વલ્લભનો અનન્ય પ્રેમીજન કોઈ કારણસર પોતાના સ્વામીના સંબંધવાળા અલ્પ આનંદોમાં ઘસડાય જાય છે, તે સમયેપણ પ્યારા વલ્લભના ધ્યાનથી, સાક્ષાત્ વલ્લભથી જ મળતા આનંદની આશામાં બીજા અલૌકિક આનંદોને પોતાના હૃદયમાં પ્રવેશ થવા દેતો નથી. એટલે કે સાક્ષાત્ પ્રાણવલ્લભના સ્વરૂપથી મળતા આનંદો સિવાય બીજા અલૌકિક આનંદોને ગ્રહણ કરતો નથી.

શ્રી ગુસાંઈજી ચંદ્ર સરોવરમાં બિરાજી વિપ્રયોગનો અનુભવ કરી રહ્યા હતા, આપનો વિપ્રયોગ ઉગ્ર હતો. તેથી આપનું શ્રીઅંગકૃત થઈ ગયું હતું. તે સમયે શ્રી ગિરધરજી અને શ્રી ગોકુલનાથજી બન્ને બાળકો શ્રી ગુસાંઈજી પાસે આવીને વિનંતી કરે છે કે આપની શ્યામ સ્વરૂપ શ્રીગોવર્ધનધરણામાં આશક્તિ અને તે સ્વરૂપનો આપને વિયોગ છે, તો બીજા શ્યામ સ્વરૂપો શ્રી મુથરેશજી શ્રી દ્વારકાધીશજી શ્રી ચંદ્રમાંજી છે તેનું આપ સેવન કરો. તેવી વિનંતી બાલકોની સાંભળીને શ્રી ગુસાંઈજીએ અનન્યતાનો સિદ્ધાંત સમજાવવા ચાતકનું દૃષ્ટાંત આપે છે કે, ચાતક ગંગાજી જેવા પવિત્ર જલ હોવા છતાં, તેની અપેક્ષા નહીં રાખતા ચાતક સ્વાતિને જ ચાહે છે, તેમ અમને જ્યારે શ્રીજીની સેવા મળશે, ત્યારે જ સુખ થશે. આવા પ્રકારની શિક્ષા, શ્રીગુસાંઈજી બાલકોના નિમિતે સમગ્ર પુષ્ટિ સૃષ્ટિને આપી છે કે આસક્તિનું સ્વરૂપ એક જ હોય છે. એક જ સ્વરૂપમાં પ્રેમ આસક્તિ ન હોય તો પ્રેમનું શિખર જે વ્યશન અને તન્મયતા છે તે સિદ્ધ ન થાય. આજે એકમાં પ્રેમ તો કાલે બીજાના

ગુણોથી લલચાઈ તેમાં પ્રેમ. આવો વ્યભિચારી પ્રેમ દિવ્ય પ્રેમના શિખરે પહોંચાડી ન શકે. પ્રિયના વિયોગમાં બીજા કોઈ સ્વરૂપને કે બીજા કોઈ વ્યક્તિને પ્રેમનું પાત્ર બનાવી લઈને જીવન નભાવનારાઓને દિવ્ય પ્રેમ તત્ત્વને જાણેલ નથી. ખરી રીતે આવા વ્યભિચારી પ્રેમને પ્રેમ નહીં પણ કામ જ કહેવાય છે. પ્રિયતમના વિયોગ સમયે જલ વિના માછલી તરફડે તેવી અનન્ય પ્રેમીજનની સ્થિતિ હોય છે. છતાં અન્યની ગંધ પણ આ પ્રેમીને મૃત્યુ જેવું દુઃખ ઉત્પન્ન કરે છે. પતિવ્રતાની એ ટેક હોય છે કે પ્રિયાના વિયોગમાં પ્રાણ ભલે ચાલ્યા જાય પણ જીવન નભાવવા બીજા અવલંબનને ચાહતી નથી.

આસક્તિમાં કુંભનદાસજીનું અને વ્યશન ભાવમાં ગજ્જન ધાવનજીનું દૃષ્ટાંત અપાય છે. શ્રીકુંભનદાસજીની આસક્તિ શ્રીજીમાં જ હોવાથી શ્રીજીની સન્મુખતા છોડી બીજે જઈ શક્યા નથી. અર્થાત્ બીજા સ્વરૂપમાં તેમની આસક્તિ ન રહી. આથી બીજા સ્વરૂપનો અનાદર થાય છે તેમ સમજવાનું નથી. શ્રીજીને જ આ ભક્તમાં રહેલા આસક્તિના રસાસ્વાદનો અનુભવ કરવો છે. તેથી શ્રીજીએ જ તેવી સ્થિતિ કુંભનદાસજીની બનાવી છે. આવી જ રીતે ગજ્જન ધાવનજીનું પણ જાણી લેવું.

અનન્ય ટેકી ચાતકની પ્રિય નવઘનનાં વિયોગમાં કેવી દશા બની છે, છતાં પ્રિયને ક્ષણ ભૂલતો નથી. તે નીચેના દોહામાં કહે છે.

ઘડી ઘડી અનુદિન ગીનત, ઘીસી અંગુરીયા રેખ ।
અખીયાં પખીયા સબઝરી, ઘનકો મારગ દેખ ॥

એક એક ક્ષણ પ્રિય મિલાપ માટે અધિર થઈને ચાતક રાહ જોતો રહે છે. આવી વેદના ભરી રાહમાં તેના નેત્રોએ અશ્રુના પ્રવાહથી આંખોના તેજને ઘટાડી દીધું અને તેની પાંખો પણ ગીરવા લાગી.

છતાં નવઘનની મિલનની આશા છોડતો નથી. પ્રિયતમ ઉપર પ્રાણની ન્યોછાવરી કરી રહ્યો છે. દેહના દુઃખની કે સુખની તેને પરવા નથી. આવા ચાતક જેવા સાહસીક પ્રેમીઓ જ દિવ્ય પ્રેમ રાજ્યમાં પ્રવેશી શકે છે.

પતિભાવ ઘનકો ભજે, ચાતક કી યહ રીત ।
નિશવાસર પિયુ પિયુ રટે, તાતે પ્રગટી પ્રીત ॥

અનન્ય પતિવ્રત ભાવી ચાતક નવઘનનું ભજન પતિભાવથી કરે છે અને રાત-દિવસ પિયુ પિયુની પ્રણય વેદના ભરી રટના કરતો રહે છે. તેથી તેનો નવઘનમાં

પ્રેમ પ્રગટ થયો છે. તેમ શ્રી વલ્લભના પ્રેમીજનને અનન્ય પતિવ્રત ભાવ શ્રી વલ્લભમાં જ રાખી, આપના નામનું સ્મરણ ધ્યાન ગુણગાન નિરંતર કરતા રહેવું તેથી પ્રાણવલ્લભમાં પ્રેમ પ્રગટ થઈ જાય છે. પ્રેમ પ્રગટ થઈ ગયા પછી આ પ્રેમીજનની દશા પલટાય જાય છે. તેના ખાન પાન દેહના અધ્યાસો અને દુનિયા ભૂલાય જાય છે. પ્યારો વલ્લભ સદા તેના નેત્રોમાં રમી રહે છે. તેના નેત્રો પ્રિયતમના રૂપ સૌન્દર્યનું નિરંતર પાન કર્યા કરે છે. આ સમયે જે દિવ્ય સુખ અનુભવે છે તેનું વાણીથી વર્ણન થઈ શક્તુ નથી. આ અનુભવમાં ચકચૂર બની જાય છે. આ પ્રેમી ભક્તની સ્થિતિ દિવ્ય લીલા લોકમાં થાય છે. આવી સ્થિતિએ પહોંચાડનારો દિવ્ય પ્રેમ અનન્ય પતિવ્રત ભાવથી જ પ્રગટ થાય છે.

સરવર સરિતા સાગરે, ગાવત વેદ પુરાણ ।
નવઘન વલ્લભ ચાતકી, બસત તાહી મેં પ્રાણ ॥

વેદ પુરાણાદિ શાસ્ત્રોમાં ભગવાનનું મહાત્મ્ય સરોવર સરિતા સાગર જેવું વર્ણન કરેલું છે. પણ ચાતકનો નવધન વલ્લભના પ્રેમની એક બિન્દુની જ ચાહના કરે છે. અથવા સરોવર સરિતા સાગર આ બધામાં જલ ભરેલા છે પણ ચાતકતો નવધનના એક બિન્દુ પ્રેમરૂપી જલ માટે જીવનની આહુતિ આપી રહ્યો છે. ચાતક માટે સરોવર સરિતા સાગરના જલ કામના નથી. તેમ વલ્લભના પ્રેમીજન માટે બીજા અલૌકિક આનંદો કામના નથી. પણ પ્યારા વલ્લભના સ્વરૂપ સાગરમાંથી જ મળતા પ્રેમની એક બિન્દુ માટે પ્રેમીજને જીવન અર્પણ કરી દેવાનું છે. આવો જ્યારે અનન્ય ભાવ વલ્લભમાં જ થાય છે. ત્યારે દિવ્ય પ્રેમનું એક બિન્દુ પ્રાપ્ત થઈ જાય છે. આપશ્રીના રૂપ સૌન્દર્યના એક બિન્દુ પ્રેમની ભીતર સાગર સમાયેલા છે. તેવું વિલક્ષણ આ પ્રેમનું બિન્દુ છે.

નયનન દેખ્યો શ્રવણ સુન્યો સકલ વિશ્વકો સાર ।
વિન નવઘન એસે લગે, જ્યોં સ્મશાની રાખ ॥

ચાતકે સકલ વિશ્વમાં જોયું, જેના જેના રૂપની સૌન્દર્યતા અને તેના ગુણો આ બધુય તેણે સારી રીતે જોઈ લીધું, પણ તેના પ્યારા નવધન સમાન તેને કોઈ દેખાયું નહીં. શુધ્ધ પ્રેમનો આ સહજ સ્વભાવ છે કે, પોતાના પ્રીતિ પાત્ર વિના સબ તુચ્છ ભાસે છે. આવો પ્રેમ શ્રીવલ્લભ પ્યારામાં હોવો જોઈએ. આવી અનન્ય ટેક જ પ્રાણવલ્લભને રીઝવી શકે છે. અનન્યતા જેવું બીજું કોઈ બલવાન સાધન નથી.

ધન વરસનકી આશમેં, દીની દેહ ગીરાય ।
ચાતક ચિત કેસે ભરે, અનત ન મન ઠહેરાય ॥

અનન્ય પતિવ્રત ભાવી ચાતકે ધનની આશામાં અને પ્રિય મિલનની તડફનમાં વિરહની અગ્નિએ તેના દેહને સુકાવી નાખ્યો, છતાં તેના પ્રિય નવધન સિવાય તેનું ચિત્ત બીજા સુખો તરફ ચલીત થતું નથી. તેનું મન નવધન વિના કોઈ સ્થાન પર ઠહેરતું નથી. ધન મિલનની આશામાં જીવનની આહૂતિ દઈ રહેલ છે. આવી જ રીતે શ્રી વલ્લભના પ્રેમીજનની સ્થિતિ હોવી જોઈએ.

બહોત શાસ્ત્ર શ્રવણ સુન્યો, મન મેં કરી પરતીત ।
તિહું લોક ઢુંઢત ફીર્યો, મીલે ન ધન સે મીત ॥

પુરો વિશ્વાસ કરીને ઘણા શાસ્ત્રો જોયા અને સાંભળ્યા અને ત્રણે લોકમાં ફરીને જોઈ પણ લીધું, તો ચાતકને તેના પ્યારા મિત્ર નવધન સમાન કોઈ જ મલ્યું નહીં અથવા નવધનના રૂપ સૌન્દર્યનું પાન ચાતકને શાસ્ત્રોના શ્રવણથી પણ ન મલ્યું. ત્યારે શાસ્ત્રો સાંભળવાનું અને જોવાનું છોડી દઈ પ્યારા નવધનના રૂપને હૃદયમાં ધારણ કરી તેનું જ ધ્યાન કરવા લાગ્યો. આ રીતે વલ્લભના પ્રેમીજનોએ પણ સાભળેલા શાસ્ત્રોનો સાર પ્યારા વલ્લભનું સ્વરૂપ જ છે. પ્રાણવલ્લભ સમાન ભૂતલની ત્રણ ગુણવાળી સૃષ્ટિમાંથી પણ કોઈ વલ્લભવર સમાન મળી શકે તેમ નથી. એમ નિશ્ચય કરી પ્રાણ વલ્લભના માનસી સ્વરૂપનું ધ્યાન કરતા રહેવું. અનન્ય પ્રેમીજનોનું શ્રીવલ્લભને પ્રાપ્ત કરવાનું તેના સ્વરૂપનું ધ્યાન સ્મરણ ગુણગાન છે. તે જ પ્રેમીજનોએ કરતા રહેવું. ઈતિ.